CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૬૪
તા.૦૧-૧૧-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૩ સૂર્યાસ્ત : ૦૬:૦૬

તાપમાન: ડીસા ૩૭.૦ | અમદાવાદ ૩૫.૯ | ગાંધીનગર ૩૬.૮ | વડોદરા ૩૫.૨ | સુરત ૩૫.૭ | નલિયા ૩૭.૬

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૨૫૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ઈતિહાસમાં “સરદાર”ના નામને દૂર કરવા પ્રયત્ન થયો : મોદી

**મોદીએ સરદાર જયંતિ પર રન ફોર યુનિટને રવાના કરતાં કોંગ્રેસ પર આડકતરો પ્રહાર કર્યો : પટેલ તો પટેલ હતા,કોઈ શાસન તેમની સ્વીકૃતિ આપે કે ન આપે કોઈ રાજકીય પક્ષ તેમના મહત્વને સ્વીકારે કે ન સ્વીકારે પણ દેશ યુવા પેઢી સરદાર પટેલને ભુલવા તૈયાર નથી,મોદીએ આ પ્રસંગે હાજર ૧૫ હજારથી વધુ લોકોને એકતાના શપથ લેવડાવ્યા**

ન્યુ દિલ્હી

દેશમાં નવી પેઢીને સરદાર વલ્લભભાઈ પટેલથી પરિચિત નથી કરાવવામાં આવી તેમ વડાપ્રધાન મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી પર રન ફોર યુનિટિને રવાના કરાવતાં પહેલા કહ્યું હતું. મોદીએ આ પ્રસંગે હાજર ૧૫ હજારથી વધુ લોકોને એકતાના શપથ લેવડાવ્યા હતા. દોઢ કિલોમીટર લાંબી આ દોડનું સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી પર દેશની એકતા માટે આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર પર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ, ગૃહમંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય મંત્રી રાજ્યવર્ધન રાઠોડ પણ હાજર રહ્યા હતા. સરદાર




પટેલની જયંતીને રાષ્ટ્રીય એકતા દિવસના રૂપમાં મનાવવામાં આવે છે. મોદીએ કહ્યું, આજે સરદાર પટેલની જન્મ જયંતી છે, ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ છે. સરદારે આઝાદી બાદ તેમના કૌશલ્ય-દ્રઢશક્તિ દ્વારા ન માત્ર દેશને સંકટથી બચાવ્યું પરંતુ સેંકડો રજવાડાને ભારતમાં ભેળવ્યાં. અંગ્રેજોને તેમના ઈરાદામાં સફળ ન થવા દેવા તે સરદાર સાહેબની દીર્ઘદ્રષ્ટિ હતી. દેશની નવી પેઢીને તેમનાથી પરિચિત નથી કરાવવામાં આવી. ઈતિહાસમાં સરદાર સાહેબના નામને દૂર કરવાનો પ્રયત્ન થયો અથવા તેમના નામની અવગણના કરવામાં આવી. અનેક રાજકીય પક્ષો તેમના માહાત્મ્યનો સ્વીકાર કરે કે ના કરે પરંતુ અમારી પેઢી તેમને ઈતિહાસથી દૂર થવા માટે તૈયાર નથી.

મોદીએ કહ્યું જ્યારે દેશે અમને કામ કરવાનો મોકો આપ્યો તો તેમનું કામ પેઢીઓ સુધી જાણી શકાય તેથી અમે રન ફોર યુનિટીનું આયોજન કર્યું.

### વિચાર વૈભવ...

## ડોલરિયો

એ યુવાન જીવનના લક્ષ્યની શોધમાં નીકળ્યો. એક ધનવાનને જોયો. એની આસપાસ ટોળેટોળા હતા. નેતાઓ પણ તેને ચક્કર લગાવતા જાય. બસ નક્કી કર્યું.. ધનવાન બનવું. અને એણે ધંધામાં ઝંપલાવ્યું. એક દિવસ એક વિદ્વાનને જોયા.. જ્ઞાનનો પ્રકાશ અને પ્રભાવ નિહાળ્યો. એ પ્રકાશમાં તે અંજાયો અને નક્કી કર્યું. ધનવાન નથી બનવું ધનવાનો પણ જેને નમે છે, તેવા વિદ્વાન બનવું.

અને તેણે ભણવાનું શરૂ કર્યું.

થોડોક સમય પસાર થયો અને એક દિવસ સંગીતનો જલસો જોયો. સંગીતથી રોગોનું શાંત થવાનું જાણ્યું. મનની શાંતિના માર્ગ તરીકે સંગીતકારોએ તેને વખાણ્યો. અધ્યાત્મ માર્ગના દ્વાર તરીકે સાહિત્યકારોએ તેને નવાજ્યો.

બસ તેણે નક્કી કર્યું કે સંગીતસમ્રાટ બનવું. અને તેણે સંગીતના કલાસ ચાલુ કર્યા. એમ તેણે ઘણા રસ્તા બદલ્યા. તે પૈસા કમાયો, પણ ધનવાન ન થયો. તે ભણ્યો ખરો, પણ વિદ્વાન ન બન્યો. તે સંગીત શીખ્યો, પણ સફળ સંગીતકાર ન બન્યો. તે કળાઓ શીખ્યો, પણ કલાકાર ના બન્યો.

ત્યારે એક દિવસ તેને તેના એક અનુભવી મિત્રનો ભેટો થયો. જેનો જોટો ન જડે તેવો તે અનુભવી. જે સંસારની અસારતા જાણીને એક સમર્થ સાધુ બનીને સંયમને દીપાવી રહ્યા હતા. યુવાને મિત્રની આગળ પોતાની મૂંઝવણ રજૂ કરીઃ ‘હું શું બનું? તે સમજ નથી પડતી.’

અનુભવીએ પોતાના સંયમના તપ- તેજથી અનુભવોના વૈભવને અજવાળતાં કહ્યુંઃ ‘મિત્ર! જો આ દુનિયા તો ખૂબ જ વિશાળ છે. જ્યાં જઈશ ત્યાં એક એકથી ચઢિયાતા આકર્ષણો જોવા મળશે. ચકાચૌંધ કરતા આ પ્રકાશ કિરણોમાં માણસ અંજાઈ જ જવાનો. પણ વિવેકનો હાથ આંતર ચક્ષુ આગળ આડો રાખશો તો અંજાયા વગર આગળ વધી શકશો.

જુઓ બધું, પણ લક્ષ્ય તો એક જ હોવું જોઈએ. એ જ લક્ષ્યમાં- નિર્ણયમાં આગળ વધવાનો નિશ્ચય હોવો જોઈએ. મજબુત સંકલ્પ સાથે સિદ્ધિ ભણી આગળ વધવું જોઈએ. પ્રસિદ્ધિની ખેવના વિના સિદ્ધિનો માત્ર ભાવ રાખીશ તો તું સમર્થ થઈ શકીશ.’ અને હવે એ યુવાન એક વિદ્વાન બની ગયો.

- પં.રાજહંસવિજયજી ગણિ

### મોદી સરકારે લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરુ કરી

## ગરીબો રાશન લે કે ન લે મોદી સરકાર સબસિડી ખાતામાં જમા કરાવી દેવાશે

**આ પૈસાથી તે રાશન પણ ખરીદી શકશે અને બીજી ચીજો પણ ખરીદી શકશે,ગરીબોના હાથોમાં પૈસા આવશે,સબસીડી ચાંઉ કરી જવાનુ દુષણ દુર થશે**

ન્યુ દિલ્હી

કેન્દ્રની મોદી સરકાર લોકસભાની ચૂંટણીની તૈયારીમાં લાગી ગઈ છે. ચૂંટણી પહેલા સરકાર ગરીબો માટે એક એવી યોજના શરૂ કરી શકે છે જેમાં રાશનમાં અપાતી સબસીડી તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દેવાશે પછી ભલે તેઓ રાશન લ્યે કે ન લ્યે. ગરીબ ઈચ્છે તો આ પૈસાથી ખુલ્લા બજારમાંથી સામાન ખરીદી શકશે. આમા મહત્વની વાત એ છે કે ગરીબ રાશન ખરીદે કે ન ખરીદે પરંતુ રાશનની સબસીડી દર મહિને તેના ખાતામાં જમા કરી દેવાશે. આ બારામાં એક પ્રસ્તાવ ફુડ મંત્રાલયે તૈયાર કર્યો છે જેના પર નાણા મંત્રાલય પ્રમુખ સલાહકાર અરવિંદ સુબ્રમણ્ય મના વડપણમાં વિચાર કરવામાં આવી રહ્યો છે. આ પ્રસ્તાવને અંતિમ સ્વરૂપ અપાયા બાદ તેની શરૂઆત બિહારના પુર્ણિયા જિલ્લાથી થઇ શકે છે. આ યોજનાનો ફાયદો એ છે કે ગરીબ લોકોને રાશન પર અપાતી પુરી સબસીડી મળી શકશે. એવામાં તેઓ આ પૈસાનો ઉપયોગ કોઈપણ કામ માટે કરી શકશે. કાયમ એવુ થતુ હોય છે કે જો કોઈ પરિવારમાં ચાર સભ્ય હોય અને નિશ્ચિત કવોટા અનુસાર તેને રાશનની દુકાનેથી દર મહિને ૨૦ કિલો ચોખા મળતા હોય છે પરંતુ તેઓ ૧૦ કિલો જ ચોખા લેતા હોય છે એવામાં ૧૦ કિલો ચોખા રાશનવાળો કાળાબજારમાં વેચી દયે છે એટલે કે સબસીડીનો લાભ ગરીબને નથી મળતો પરંતુ દુકાનદારને મળે છે હવે આવુ નહી થાય.

### ચૂંટણી રેલી દરમિયાન રાજગઢમાં અમિત શાહની જાહેરાત

## હિમાચલપ્રદેશ : ધુમલ ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર રહેશે

**મુખ્યમંત્રી પદના ઉમેદવારને લઈને અટકળોનો અંત : ૧૮મી ડિસેમ્બર બાદ ધુમલ પૂર્વના બદલે નવા મુખ્યમંત્રી બનશે : અમિત શાહ દ્વારા દાવો કરાયા**

નવી દિલ્હી

હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીથી પહેલા ભારતીય જનતા પાર્ટીએ આખરે પોતાના મુખ્યમંત્રી પદના ઉમેદવારના નામની જાહેરાત કરી દીધી છે. પૂર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમાલ ઉપર ફરી એકવાર વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. હિમાચલના રાજગઢમાં એક રેલીને સંબોધતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આ મુજબની જાહેરાત કરી હતી. આ પહેલા કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ વીરભદ્રસિંહને પોતાની પાર્ટીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. અમિત શાહે જનસભાને સંબોધતા મુખ્યમંત્રી પદના ઉમેદવારની જાહેરાત કરતા કહ્યું હતું કે, વીરભદ્રસિંહ અહીં રોજ પુછે છે. પોતાના કામનો હિસાબ આપતા નથી. ભ્રષ્ટાચારનો જવાબ આપતા નથી. ન્યાયની વાત કરતા નથી. અમિત શાહે કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી મોદીના નેતૃત્વમાં ચૂંટણી લડી રહી છે. હિમાચલ પ્રદેશમાં જનસભા દરમિયાન તેમણે કહ્યું હતું કે, ધુમાલના નેતૃત્વમાં પાર્ટી ચૂંટણી લડશે. વીરભદ્રસિંહને તેઓ કહેવા માંગે છે કે, ૨૦૧૭માં આ ચૂંટણી અમારા વરિષ્ઠ નેતા ધુમલના નેતૃત્વમાં લડી રહ્યા છે. ભાજપ શાનદાર જીત મેળવશે તેવો દાવો કરતા શાહે કહ્યું હતું કે, હાલમાં ધુમલ પૂર્વ મુખ્યમંત્રી છે પરંતુ ૧૮મી ડિસેમ્બર બાદ તેઓ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા ધુમલ આ વખતે પોતાની પરંપરાગત સીટ હમીરપુરના બદલે સુજાનપુરમાંથી ચૂંટણી લડી રહ્યા છે. હમીરપુર લોકસભા ક્ષેત્રની સુજાનપુર વિધાનસભા સીટ ૨૦૦૮માં સીમાંકન દ અસ્તિત્વમાં આવી હતી. ૨૦૧૨માં વિધાન સભાની ચૂંટણીમાં આ ક્ષેત્રમાં ૬૫૦૦૬ મતદારો હતો. અસ્તિત્વમાં આવ્યા બાદ આ સીટ ઉપર રાજ્યની બંને પાર્ટીઓ કબજો જમાવી લેવાના પ્રયાસ કરીરહી છે પરંતુ પાર્ટીને સફળતા મળી નથી.

## મોદી બીજીએ અક્ષરધામ મંદિરની મુલાકાતે આવશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી અનેક વખત ગુજરાતની યાત્રાએ આવી ચુક્યા છે અને ચૂંટણી પ્રચાર કરી ચુક્યા છે. એકબાજુ રાહુલની ગુજરાત યાત્રા આવતીકાલથી શરૂ થઇ રહી છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ બીજી નવેમ્બરના દિવસે પાટનગર ગાંધીનગર પહોંચી રહ્યા છે. મોદી અક્ષરધામ મંદિરની ૨૫ વર્ષની ઉજવણીના પ્રસંગે બીએપીએસ દ્વારા આયોજન કાર્યક્રમમાં ભાગ લેશે. અક્ષરધામ મંદિરની તેમની યાત્રાને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાજકીયરીતે આને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પાટીદાર સમુદાયના લીડર બીએપી એસની સાથે જોડાયેલા લોકો ખુબ મોટી સંખ્યામાં છે.

## રાહુલ ગાંધી આજથી ૩ દિવસની ગુજરાત મુલાકાતે

અમદાવાદ

સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ગુજરાતના ચૂંટણી પ્રવાસ બાદ હવે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ માટે રાહુલ ગાંધી આવતીકાલે તા.૧લી નવેમ્બરે ફરી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. રાહુલ ગાંધી તેમના દક્ષિણ ગુજરાતના પ્રવાસની શરૂઆત ભરૂચ જિલ્લાના જંબુસર ખાતેથી કરવાના છે. તો, પારિદામાં રોડ-શો યોજશે. આ સિવાય વ્યારાથી ડોલવણ સુધી પણ રાહુલ ગાંધી વિશાળ રોડ-શો યોજી લોકોની વચ્ચે રહેશે. નવસારી અને સુરતમાં પણ રાહુલ ગાંધીની વિશાળ જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધી લોકો સાથે સીધો સંવાદ યોજશે અને ખાસ કરીને મહિલાઓ, ખેડૂતો અને બેરોજગાર યુવાનોની વ્યથા સાંભળશે.કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૧થી ૩ નવેમ્બર દરમ્યાન દક્ષિણ ગુજરાતના તેમના ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રવાસમાં ભરૂચ, તાપી, નવસારી, વલસાડ, સુરત સહિતના જિલ્લાઓમાં ૪૫૦ કિલોમી ટરથી વધુનો પ્રવાસ ખેડશે. ભરૂચ જિલ્લાના જંબુસર ખાતેથી આવતીકાલે રાહુલ ગાંધી પોતાના ચૂંટણી પ્રવાસની શરૂઆત કરશે.

## ભાભરની બેંક ઓફ બરોડા શાખામાં ખેડૂતોનો હોબાળો

**છેલ્લા એક મહિનાથી ખેડૂતોના જમીન અને પાક ધોવાણના પૈસા ખાતામાં જમા થતા નથી**

**૨૪ કલાકમાં ખેડૂતોના ખાતામાં પૈસા જમા નહી થાય તો બેંકને તાળાબંધીની ચિમકી...**

તા.પ્રતિનિધિ ભાભર

ભાભરની બેંક ઓફ બરોડા શાખામાં ક્લાર્કના તુંડ મિજાજી સ્વભાવથી ગ્રાહકોને અપમાનિત અને હડધુત થતા હોવાથી બેંક બદનામ થઈ રહી છે. અનેક ગ્રાહકો મહિના ઓથી તેની ફરિયાદો કરે છે. તેમ છતાં બેંક ઓફ બરોડાની ઉપરી શાખાઓ તેની નોંધ ન લેતી હોવાનું કહેવાય છે. આ વર્ષમાં વિસ્તારના ખેડુતોને પૂરના કારણે ખેતીપાક નષ્ટ અને જમીન ધોવાઈ ગઈ હતી. સરકાર દ્વારા ખેડુતોને જમીન ધોવાણ અને પાક નિષ્ફળતાની તાત્કાલિક સહાય ચુકવી દીધી છે. અન્ય બેંકોએ ખેડુતોના ખાતામાં જમા કરી દીધા છે. પરંતુ ભાભરની બરોડા બેંકમાં



વનરાજસિંહ રાઠોડ

છેલ્લા એક મહિનાથી ખેડુતો ધક્કા ખાઈ રહ્યા છે. પરંતુ હજુ સુધી બેંકને મળેલ નાણાં ખેડુતોના ખાતામાં જમા ન કરાતા ભાભર તાલુકામાં બેંક ઓફ બરોડા શાખા સામે ખેડુતોમાં ભારે આક્રોશ ફેલાયો છે. મંગળવારના બપોરે ભાભર તાલુકાના કેટલાક ખેડુતો ભેગા થઈને બેંક ઓફ બરોડામાં જઈ સહાય માટે હોબાળો મચાવ્યો હતો. એક મહિનાથી કર્મીઓ ખેડુતોને ધક્કા

અનુસંધાન પાના નં.૬

## ભાજપના પૂર્વ ધારાસભ્ય સહિત આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

**દીઓદર વિધાનસભા કોંગ્રેસ પરિવાર આયોજીત સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો**

તાલુકા પ્રતિનીધી દીઓદર

તા.૩૧/૧૦/૨૦૧૭ના રોજ જેતડા ત્રણ રસ્તા દીઓદર ખાતે ૧૪ દિયોદર વિધાનસભા કોંગ્રેસ પરીવાર નવા વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ ઓલ ઈન્ડીયા કોંગ્રેસના સેક્રટરી વર્ષાબેન ગાયકવાડના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહેમાનો હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ દીઓદર તાલુકા કોંગ્રસ પ્રમુખ નરસિંહ ભાઈ રબારીએ ઉપસ્થિત સૌને આવકારેલ અને સ્વાગત પ્રવચન કરેલ. ત્યારબાદ દીઓદર વિધાનસભાના ભાજપના પૂર્વ ધારાસભ્ય અનિલભાઈ માળી ,પૂર્વ જિલ્લા



અશોક શેઠ

ભાજપ ઉપાધ્યક્ષ મહેશભાઈ દવે, દીઓદર ભાજપના પૂર્વ મહામંત્રી જબ્બરસિંહ વાઘેલા, કરશનભાઈ દેસાઈ, જોરાભાઈ દેસાઈ, ભાજપ પક્ષમાં રાજીનામું આપી વિધિવત રીતે આજરોજ કોંગેસમાં જોડાયેલ. આ બાબતે પૂર્વ ધારાસભ્ય અનિલભાઈ માળી અને મહેશભાઈ દવે એ જણાવ્યું હતુ કે જેમની સાથે દીઓદર મતવિસ્તારની પ્રજા દલીતો, ખેડુતો, મહિલાઓ ભાજપ સરકારની અવગણના કરે છે તેમજ ભાજપ સરકાર લોકોન લોભ લાલચ આપી છેતરે છે. જેના કારણે જેઓ ભાજપથી કંટાળી ભાજપ માંથી રાજીનામું આપી કોંગ્રેસમાં જોડાયા હતા. ત્યારબાદ ઓલ ઈન્ડીયા કોંગ્રસ સેક્રેટરી વર્ષાબેન ગાયકવાડ, પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, સાગરભાઈ રાયકા, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીર ભાઈ ચૌહાણ વગેરે પ્રવચન કરેલ અને જણાવેલ કે અવી રહેલ ચુંટણીમાં ભાજપનાં મુળીયાં ઉખાડી કોંગ્રેસને જંગી મતોથી વિજય અપાવવા હાકલ કરેલ. આ પ્રસંગે જી.પી.સી.સી.ના નીરીક્ષક હરેશભાઈ પટેલ, જી.આઈ.સી.સી.ના નીરીક્ષક શ્રવણભાઈ, ગેનીબેન ઠાકોર, માનસિંહજી સોલંકી, ભારતી બેન ચૌધરી,

અનુસંધાન પાના નં.૬

### સાર સમાચાર...

## ૫૦૦ ટ્રેનોને આજથી વધુ ઝડપી દોડાવવાનો નિર્ણય

નવીદિલ્હી

રેલવે યાત્રીઓને વધુને વધુ સુવિધાઓ મળે તે હેતુસર રેલવે દ્વારા એક પછી એક નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. ભારતીય રેલવે દ્વારા હવે નવા ટાઈમટેબલની જાહેરાત કરી દેવામાં આવી છે જેના ભાગરુપે આવતીકાલથી ૫૦૦ લાંબા અંતરની ટ્રેનોને વધુ ઝડપથી દોડાવવામાં આવશે. ૫૦૦ જેટલી લાંબા અંતરની ટ્રેનોની ગતિ વધારવામાં આવ્યા બાદ પ્રવાસનો સમય બે કલાક સુધી ઘટી જશે.

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુઃખાવો • યાદશક્તી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફિઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

CMYK

**સૂર્યોદય - ૬.૩૦ સૂર્યાસ્ત - ૬.૩૭**

## તિથિદર્શન

કારતક સુદ-૧૨ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક સુદ :બારસ બુધવાર નક્ષત્ર:પૂર્વ ભાદ્રપદ સવારે ૭.૪૨ પછી ઉત્તર ભાદ્રપદ યોગ : વ્યાઘાત કરણ: કૌલવ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

પોતો દુરસ્ત વારિ રાશિ તરણે
દીપોન્ધકારાગમે નિર્વાતે વ્યંજનં
મદાન્ધકરાં દર્પોપશાન્તૈ સૃણિઃ
ઈત્યં તદ ભુવિ નાસ્તિ યસ્ય વિધિના
નોપાયચિતા કૃતા મન્યે દુર્જન
ચિત્તવૃત્તિ હરણે ધાતાપિ ભગ્નોધમઃ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘દુર્જન નિંદા’નો આ શ્લોક છેઃ ૨ આ શ્લોકમાં વિશ્વમાં જે જે સંકટ- મુશ્કેલી- આપત્તિ- દુઃખો છે તેના બ્રહ્માજીએ બધાના ઉપાય- ઈલાજ પણ બતાવ્યા છે, જેમ કે-

દુરસ્ત વિશાળ- ઊંડાણવાળા સમુદ્રને તરવા માટે નાવ- નૌકા બનાવી છે.

અંધકાર દૂર કરવા માટે દીવાનો પ્રકાશ બનાવ્યો છે. જો હવા- પવન ન હોય, ગરમી થાય એને માટે પંખા- વિંઝણા બનાવ્યા છે.

હાથી જેવા વિશાળ- કદાવર મદોન્મત્ત પ્રાણીને કાબૂમાં રાખવા ‘અંકુશ’ બનાવ્યું છે.

આમ, જ્યાં જ્યાં જેટલાં સંકટ છે તેના નિકાલ- ઉપાય માટે બ્રહ્માએ સાધન- ઉપચાર પણ વિચારને બનાવ્યાં - મૂક્યાં છે.

પણ શ્લોકના રચયિતા કવિ કહે છે કે, દુષ્ટ- દુર્જનની હૃદયની વૃત્તિઓ- તેના વિચાર અને તેના પ્રયોજન સમજવા અને તેને દૂર કરવા માટેનો કોઈ ઉપાય બ્રહ્માને પણ મળ્યો નથી. એટલે બ્રહ્મા એની વૃત્તિ સામે રક્ષણ મેળવવાનો ઈલાજ શોધવામાં નિષ્ફળ ગયા છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) મનની મુરાદ બર ન આવે. ગૃહ વિવાદ થાય, સાંચવીને કામ કરવું.**
**વૃષભ : (બ.વ.ઉ.) અણધારી આફતના ભોગ બનવું પડે. કાર્યક્ષેત્રની નુકશાની.**
**મિથુન : (ક.છ.ઘ.) આરોગ્યની બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહવિવાદ.**
**કર્ક : (ડ.હ.) કાર્યક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકશો. નવા શુભ સમાચાર મળે.**
**સિંહ : (મ.ટ.) આર્થિક સમસ્યા દૂર થાય. કૌટુંબિક વાતાવરણ આનંદ-મંગલમય રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) પ્રવાસમાં લાભ થાય. કર્મક્ષેત્રે વિશેષ લાભ મેળવી શકશો.**
**તુલા : (ર.ત.) નવિન સમાચાર મળે. જીવનસાથીથી મદદ મળે.**
**વૃશ્ચિક : (ન.ય.) આર્થિક નુકશાની ભોગવવી પડે. ખોટા સાહસોથી દૂર રહેવું.**
**ધન : (ભ.ફ.ધ.) વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. વ્યવહારોમાં અંતરાયથી દૂર રહેવું.**
**મકર : (ખ.જ.) વાણીસંયમ જાળવવો હિતાવહ. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ મળે.**
**કુંભ : (ગ.શ.સ.) મનમાં પ્રસન્નતા રહે. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) પ્રવાસમાં સફળતા મળે. અણધાર્યો લાભ મેળવી શકશો.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

કવિતાક્ષેત્રે ક્રાન્તિના પ્રણેતા એઝરા પાઉન્ડની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ.૧૮૮૬ માં થયો હતો.

‘મેડ ઈટ ન્યુ (નવાં કેલેન્ડર ઘરો) એ સુત્ર મહાસુત્ર આપીને તેમણે સાહિત્યમાં અને જીવનમાં નવીનતા તથા તાજગીનો હંમેશા આગ્રહ રાખ્યો હતો. તેમનો સૌથી મોટોફાળો બીજા લેખકો માટે લખવાનું વાતાવરણ ઉભું કરવાનો હતો.

એમણે પોતે કહ્યું કે ‘ખાલી જિંદગીમાં અનેક થોથાં લખવા કરતાં એક કલ્પનનું સર્જન કરવાનું વધારે સારૂ છે. ૮૬ વર્ષની વયે ૧-૧૧-૧૯૭૨ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૧૦૪૧૪ પોઈન્ટ સ્ટ્રોગ સપોર્ટ...!!!

**તા. ૩૧.૧૦.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૩૭૨ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૧૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૩૪૪ પોઈન્ટ થી ૧૦૩૧૯ પોઈન્ટ, ૧૦૩૦૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૪૧૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

**તા. ૩૧.૧૦.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૦૭૧ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૧૨૫ પોઈન્ટના પ્રથમ અને ૨૫૨૫૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૪૯૪૦ પોઈન્ટ થી ૨૪૯૦૯ પોઈન્ટ, ૨૪૮૪૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૧૨૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**૧) ACC લિમિટેડ (૧૮૨૧) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૦૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૯૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૩૮ થી રૂ.૧૮૫૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૫૧ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) મહેન્દ્રા - મહેન્દ્રા (૧૩૫૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૪૧ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૩૨૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૭૧ થી રૂ.૧૩૮૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) લાર્સેન (૧૨૨૪) :- રૂ.૧૨૧૩ પ્રથમ તેમજ રૂ.૧૨૦૭ ના બીજા સપોટ- ‘થી કન્સ્ટ્રકશન સેકટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૪૭ થી રૂ.૧૨૫૧ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૯૪૭) :- રિફાઇનરી સેકટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૫૭ થી રૂ.૯૭૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) સન ફાર્મા લિ. (૫૫૫) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૩૪ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેકટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૬૭ થી રૂ.૫૭૭ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

**૬) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૩૬૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેકટરનો આ સ્ટોક રૂ.૧૩૮૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૫૧ થી રૂ.૧૩૪૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૩૮૮ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૭) કોટક બેન્ક (૧૦૩૧) :- રૂ.૧૦૪૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૫૧ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૧૯ થી રૂ.૧૦૧૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૫૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૮) તાતા સ્ટીલ (૭૦૯) :- સ્ટીલ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૨૩ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૯૩ થી રૂ.૬૮૬ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૯) ભારત પેટ્રો (૫૪૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબૅ જીં ઓઇલ સેકટરનો આ સ્ટોક રૂ.૫૫૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૨૭ થી રૂ.૫૧૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૫૬૩ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૧૦) રિલાયન્સ કેપિટલ (૫૭૯) :- રૂ.૫૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૯૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૫૬૦ થી રૂ.૫૪૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# ભાજપમાં ત્રણ મંત્રીઓની ટીકીટ કપાશે ?

ગાંધીનગર

ભાજપ દ્વારા વિધાનસભની ચૂંટણીમાં ટિકિટ આપવાની બાબતો માં પણ ગુજરાતની રાજનિતી માં અનેક વળાંકો આવશે. ભાજપના જ કેટલાક સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ વખતે ટિકટ વહેંચણીમાં કેટલાક પ્રધાનોની ટીકીટો પણ કપાઈ શકે છે. જે માં હાલમાં વિજય ભાઇ રુપાણીના મંત્રીમંડળમાંથી ત્રણ ટિકિટ કપાવવા ની પુરેપુરી શક્યતાઓ સેવાઈ રહી છે. જેમાં ત્રણ રાજ્ય કક્ષા ના મંત્રીઓ ના સ્થાને નવા ચહેરા ઓ ને તક આપવા માં આવશે. ભાજપ સરકાર ના પ્રધાન પદમાં રહી ચૂકેલા આ ત્રણને રિપીટ કરીને ભાજપ કોઈપણ જાતનું સાહસ કરવા માગતું નથી.

તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. ટિકિટ નહી મળી શકે તેવા મંત્રીઓમાં નાણાં પ્રધાન રોહિત પટેલ, મહિલા અને બાળ વિકાસ પ્રધાન નિર્મલા વાધવાણી અને પંચાયત પ્રધાન જયંતિ કવાડિયાને ભાજપ હાઇ કમાન્ડ ટિકિટ નહી આપે તેમ મનાઈ રહ્યું છે. જો કે આ ત્રણ રાજ્ય કક્ષા ના પ્રધાનો રહી ચૂક્યા છે.

# સંતશ્રી સદારામ બાપા સેવા આશ્રમ યાત્રિકોની સેવામાં ખડેપગે


અશોક પ્રજાપતિ

પ્રતિ. માંડલા

પ.પૂ.સંત શિરોમણી સદારામ બાપા (ટોટાણા ) એ જાગતી જ્યોત સ્વરૂપ છે. સંતશ્રીની સેવા ભક્તિ થકી અનેક લોકોના જીવનમાં ઓજસ પથરાયા છે. તેમજ પૂ.બાપુએ દરેક સમાજના લોકોને વ્યસનમુક્તિ તેમજ કુરીવાજોથી બહાર લાવી સમાજ સુધારણાનું ઉત્કૃષ્ટ કાર્ય કરેલ છે. પૂ.બાપુના સેવકો- હરેક વિસ્તારોમાં જોવા મળે છે. સંતના ગુણો કેવા હોય ને સંતનું કાર્ય શું હોય તે જોવું હોય તો પૂ.બાપુમાં જોવા મળે.

આવા સંતશ્રીની ઉત્કૃષ્ટ સેવા ટોટાણામાં જોવા મળે છે. જ્યાં સદાવ્રત થકી અનેક લોકો પ્રસાદ ગ્રહણ કરે છે. જુનાગઢમાં યોજતી લીલી પરિક્રમા તેમજ આ વિસ્તારમાંથી જુનાગઢની યાત્રાએ જતા યાત્રિકોને રહેવા જમવાની સગવડ મળે તે માટે ત્યાં સદારામબાપા સેવા આશ્રમનું નિર્માણ કરાયું છે. ચૈત્ર માસમાં સંતો મહંતોની વિશાળ હાજરીમાં આશ્રમનું ઉદઘાટન કરાયુ હતું. તથા આ વિસ્તારમાંથી જતા યાત્રિકોને આશ્રમની સતત સેવાનો લાભ મળે છે.

હાલમાં પરિક્રમા ચાલુ હોઈ અનેક યાત્રિકો આ સેવા આશ્રમનો લાભ લઈ રહ્યા છે. આશ્રમનું સમગ્ર કામ સંભાળતા દશરથભાઈ ખુબ જ સેવાભાવથી યાત્રીકોની સેવા કરી રહ્યા છે. આશ્રમમાં દાન માટે દશરથભાઈનો સંપર્ક (નં.૯૭૨૫૯ ૭૩૫૪૪) કરી શકાય છે. તેમજ સેવાભાવી લોકો સેવાકાર્ય પણ આપી શકે છે. બાપાના સેવકોની સેવા થકી થતા આવા ભગીરથ કાર્યોને વંદન કરવા ઘટે જય સદારામ બાપા.

### હાર્દિક-જીગ્નેશ મેવાણી કોંગ્રેસની પડખે રહેશે

# પ્રજાનો કોંગી તરફી ઝોક જોઇ ભાજપ રઘવાયું થયું : સોલંકી

**ભાજપ ગમે તે કરે પણ આ વખતે વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો ૧૨૫થી વધુ બેઠકો સાથેનો વિજય નક્કી**

અમદાવાદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજે વડોદરા ખાતે સરદાર પટેલ જયંતિ નિમિતે સરદાર વલ્લભભાઇ પટેલને શ્રધ્ધાંજલિ અને સ્વ. ઈન્દિરા ગાંધીને સ્મરણાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ભરતસિંહ સોલંકીએ ભાજપ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજાએ આ વખતે કોંગ્રેસને સત્તા સોંપવાનું મન બનાવી લીધુ છે. ગુજરાતની પ્રજાનો કોંગ્રેસ તરફી ઝોક જોઇને ભાજપ રઘવાયુ બન્યું છે. આ વખતે ભાજપ ગમે તે કરે પણ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો ૧૨૫થી વધુ બેઠકો સાથેનો ભવ્ય વિજય નક્કી છે. દરમ્યાન ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે પણ ભાજપ પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, ભાજપના ૨૨ વર્ષના કુશાસનનો આ વખતે અંત આવશે.

હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણી જેવા યુવા નેતાઓ આ વખતે કોંગ્રેસની પડખે ઉભા રહેશે એવો આશાવાદ પણ તેમણે વ્યકત કર્યો હતો. વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ નિમિતે સયાજીગંજ ડેરીડેન ખાતે મોટર સાઇકલ રેલીનું આયોજન કરાયું હતું.

# ગુજરાતમાં ભાજપ દ્વારા નવી રણનીતી અપનાવાશે : અમિત શાહ

**રાજ્યના જીલ્લાઓનો પ્રવાસ કરશે**

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પગલે રાજકીય પક્ષો વચ્ચે ચાલતી રણ નીતિમાં બદલાતા રાજકીય સમીકરણોને ધ્યાને રાખી ભાજપ દ્વારા પણ નવીનવી રણ નીતિ અપનાવાઇ રહી છે. જેને ધ્યાને રાખી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની ગુજરાત મુલાકાતો પણ વધી છે. ચૂંટણી મહા સંગ્રામની તૈયારીના ભાગ રૂપે આગામી ૪ થી ૯ નવેમ્બરે અમિત ભાઈ ફરી ગુજરાત આવશે. અને જુદા જુદા જિલ્લાઓનો પ્રવાસ કરશે. તેમ ભાજપ પ્રદેશ કર્યાલયે જણાવ્યું છે.

ગુજરાત વિધાન સભાની ચૂંટણીઓની તડામાર તૈયારી ઓ શરૂ થઈ ગઈ છે. ત્યારે રાજ્યમાં રાજકીય પક્ષો વચ્ચે એકબીજા પર આક્ષેપોનો પ્રહાર કરી રાજકીય રોટલા શેકવામાં આવીરહ્યા છે. ત્યારે ગુજરાતમાં ભાજપની સ્થિતિ યથાવત રહે તેવા હેતુથી રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ વારે વારે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આગામી ૪ થી ૯ નવેમ્બર એટલે કે ૬ દિવસ સુધી અમિત ભાઈ ગુજરાતમાં રહી જુદા જુદા જિલ્લાઓનો પ્રવાસ કરી. જિલ્લાના પેઝ પ્રમુખ અને બુથ ઈન્ચાર્જ સાથે મહત્વની ચૂંટણી લક્ષી બેઠકો કરશે. અને માર્ગ દર્શન આપશે. તેમ સત્તાવાર સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

આ ઉપરાંત કોબ ખાતેના પ્રદેશ કાર્યાલય કામલમ ખાતે ભાજપ ના વિવિધ મોરચા/સેલ આગેવાનો અને અગ્રણી હોદ્દેદારો સાથે મહત્વની બેઠક કરશે. અને ત્યારબાદ વિધાનસભાના ઉમેદવારોની તૈયાર થયેલી ખાસ યાદી લાઇને અમિત શાહ દિલ્હી જવા રવાના થશે. જો કે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ના ૬ દિવસના આ વ્યસ્ત કાર્યક્રમમાં તેઓ દિવસે જિલ્લાઓના પ્રવાસ અને જિલ્લા પેઝ પ્રમુખ અને બુથ ઈન્ચાર્જ સાથેની મિટિંગો કરી રાત્રે કામલમ ખાતે મહત્વની બેઠકો યોજશે જે મોડી રાત સુધી ચાલશે. એમ જાણવા મળ્યું છે. આમ અમિત શાહ ગુજરાતમાં સતત વ્યસ્ત બની આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણી જીતવા માટે અનેક રણનીતી અપનાવી ભાજપ ના કાર્યકરો અને હોદ્દેદારો ને માર્ગદર્શન આપશે. તો બીજી તરફ રાજ નૈતિક વિશ્લેષકોના મત મુજબ કે ગુજરાતમાં દરરોજ બદલાતા સમીકરણો જોતા ભાજપને આ વખતે રાજકીય સંઘર્ષ વધારે કરવો પડશે. અને તેમાંય ખાસ કરીને સોશિયલ મીડિયામાં થતા પ્રહારો અને એક પછી એક વાઇરલ થતી ઓડિયો કલીપીગ્સ પણ ચર્ચાસ્પદ બની રહી છે. ત્યારે ભાજપ તેની પદ્ધતિ મુજબ ડોર ટુ ડોર પ્રચાર નો કીમિયો અજમાવશે. અને નરેન્દ્ર મોદી સાહિત્ય અનેક સ્ટાર પ્રચારકોના ધાડા ગુજરાત માં ઉતરશે અને પોતાનો પ્રચાર કરશે.

### ૨૭ હજાર મહિલા કાર્યકર્તાઓએ કરાવ્યુ રજિસ્ટ્રેશન,૧૦ નવેમ્બર બાદ સંવાદ થઈ શકે છે

# પીએમ મોદી પાંચ લાખ મહિલાઓ સાથે સંવાદ કરશે

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જ્ઞાતિ આધારિત સમીકરણોને કોરાણે મૂકીને ભાજપ મહિલા મતાદાતાઓ પર દારોમદાર બાંધી આગળ વધવાનું મુનાસિબ માન્યું છે. અગાઉ આનંદીબેન, સુષ્મા સ્વરાજે મહિલાઓ સાથે સંવાદ કર્યા બાદ હવે પીએમ મોદી અમદાવાદમાં ટાઉનહોલમાં ૫ લાખ મહિલાઓની સાથે વાર્તાલાપ કરશે, તેમ જાણવા મળ્યું છે. આ માટે ગુજરાત ભાજપ દ્વારા છેવટનો કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે.

ગુજરાતમાં મહિલા મતદારોને ધ્યાનમાં રાખીને ભાજપ દ્વારા મહિલાલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદમાં ટાઉનહોલમાં પીએમ મોદી ૫ લાખ મહિલાઓ સાથે વાર્તાલાપ કરે તે માટે તેટલી વિશાળ સંખ્યામાં મહિલાઓને એકત્રિત કરવા માટે પાર્ટી દ્વારા પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. જોકે પીએમ મોદી ગુજરાતથી જ સંબોધન કરશે કે દિલ્હીથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન કરશે તે હાલ નિશ્રિત નથી. આ હાલમાં આ પર કામ ચાલી રહ્યું છે.

### બેરોજગારો સંખ્યા ૪૦ લાખને પાર, યુવાની ક્રૂર મશ્કરી કરે છે ભાજપ-કોંગ્રેસ

# ઠાલા વચનો નહિં ૪૦ લાખ યુવાનોને રોજગારી આપશે જન વિકલ્પની સરકાર : પાર્થેશ પટેલ

(જી.એન.એસ) ગાંધીનગર

જનવિકલ્પ પાર્ટી ના પ્રવક્તા પાર્થેશ પટેલે જણાવ્યું છે કે ગુજરાત માં જન વિકલ્પ ની સરકાર બન્યા બાદ તમામ બેરોજગાર યુવાનોને તેમની શૈક્ષણિક યોગ્યતા ના આધારે સરકારમાં નોકરી અથવા ચેક રૂપી બેરોજગારી ભથ્થું આપશે. શિક્ષિત બેરોજગારોને હાથખર્ચી માટેનું ભથ્થું ધો.૧૨ પાસ ને રૂ.૩૦૦૦ , ગ્રેજ્યુએટને રૂ.૪૦૦૦, પોસ્ટ ગ્રેજ્યુએટને રૂ.૪૫૦૦ બેરોજગારી ભથ્થું આપશે. ભાજપ અને કૉંગ્રેસે ગુજરાતના બેરોજગાર યુવાનોને વર્ષોથી માત્ર ને માત્ર ઠાલા વચનો જ આપીને બેકારોની ક્રૂર મશ્કરી કરી છે. અમારી સરકાર ગુજરાત ને બેરોજગાર મુક્ત ગુજરાત બનાવીશું. એક અંદાજ મુજબ ગુજરાત માં ૪૦ લાખ બેરોજગારોની ફોજ છે અને તે માટે કૉંગ્રેસ અને ભાજપ જવાબદાર છે. વાયબ્રન્ટ ગુજરાતમાં ૧૦ લાખ ૨૦ લાખ અને ૨૫ લાખ લોકોને રોજગારી આપવાના સપના બતાવવામાં આવ્યાં હતા. ક્યાં ગયા એ આંકડા ગુજરાત ના બેકાર યુવાનો જાણવા માંગે છે.

રાજ્ય સરકારે ૨૦૦૩-૨૦૦૪માં જાહેર કરેલ હતું કે લઘુઉદ્યોગના ક્ષેત્રમાં ૧૮,૪૫૫ વ્યકિતને, ૨૦૦૫-૨૦૦૬માં ૭૯,૦૪૦ વ્યકિતઓને, ૨૦૦૬ ૨૦૦૭માં ૧,૨૦,૦૦૦ લોકોને, ૨૦૦૭-૨૦૦૮ વાયબ્રન્ટના પરીણામે ૧૦ લાખ વ્યકિતઓને રોજગારી અને આઈટી ક્ષેત્રમાં ૩,૨૫,૦૦૦ને રોજગારીની તક મળશે, જયારે ૨૦૦૮-૨૦૦૯માં વાયબ્રન્ટમાં જંગી મુડી રોકાણની દરખાસ્તના કારણે ૨૧ લાખને સીધી રોજગારી અને ૨૦૦૯-૧૦૧૦ મુજબ ૨૫ લાખને સીધી રોજગારી આમ કુલ ૬૧.૨૪ લાખ યુવાનોને રોજગારી આપવાનો દાવો સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. પણ હકીકત સંપુર્ણપણે વિપરીત છે.

પંચાયતની વર્ગ-૩ ની ૯,૭૬૯ જગ્યાઓ માટે ૧૫,૦૦,૦૦૦ ઉમેદવારોની ઓનલાઇન અરજી. તલાટીની ૨ હજારની ખાલી જગ્યા માટે ૧૨.૫૦ લાખથી વધુ અરજીઓ આવી હતી. તેમાંય અરજીઓ કરનારાકેટલાંય અરજદારોની લાયકાત ઘણી વધુ હોય છે. આ આંકડાઓ દર્શાવે છે કે ગુજરાતમાં હાલ કેટલી બેરોજગારી છે.

# કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો તમારા હાથમાં...

**વિધાનસભાની ચૂંટણીના ભણકાર સંભળાઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષોએ સંમેલનો અને યાત્રાઓ દ્વારા પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. ફરી એકવાર વાયદા અને વચનોની રસલ્હાણ કરાઈ રહી છે પરંતુ તેમાં ભરમાવાને બદલે એક જાગૃત મતદાર તરીકે લાયક ઉમેદવારની પસંદગી સૌની ફરજ બની જાય છે. ત્યારે પંથકનો વિકાસ કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની પસંદગી થાય તે હેતુથી ‘રખેવાળ’ દ્વારા આપનો મત જાણવાનો એક પ્રયત્ન કર્યો છે. પક્ષાપક્ષીથી પર રહી આપ આપનો અભિપ્રાય નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી ફોર્મ ભરીને ‘કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો આપણા હાથમાં’ લખી અમારા નજીકના પ્રતિનિધિને અથવા રખેવાળ કાર્યલય કે ફોર્મના ફોટા પાડી અમારા વોટસઅપ નંબર ૯૮૨૪૫૦૨૧૦૨ ઉપર મોકલી આપશો.**

**નામ :** ____________ **ઉંમર** ______
**સરનામું :** ____________ **ગામ** ______
**વ્યવસાય :** ____________

**તમારે માત્ર દરેક પ્રશ્નના ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ સામે આપેલા બોક્ષમાં ખરાનું નિશાન કરવું અથવા તમારો વ્યક્તિગત અભિપ્રાય આપવા માટે ચોથા વિકલ્પમાં લખવું તમારૂં નામ ગુપ્ત રાખવામાં આવશે.**

**(૧) તમે વિધાનસભામાં કેવો ઉમેદવાર પસંદ કરશો ?**
અ. શિક્ષિત અને સર્વ લોકોને સાથે રાખીને ચાલે તેવા ? ☐
બ. સ્થાનિક ☐
ક. તમારા મત વિસ્તારની દરેક સમસ્યાનો ઉકેલ લાવે તેવા? ☐
ડ. ........................................

**(૨) તમારા વર્તમાન ધારાસભ્યને મત આપવા કે ન આપવાના કારણો ?**
અ. મત વિસ્તારના વિકાસમાં સક્રિય છે ? ☐
બ. વિધાન સભામાં પ્રશ્નોની રજુઆત કરી છે ? ☐
ક. અમારા મત વિસ્તારના કામો કરવામાં ઉણા ઉતર્યા છે ? ☐
ડ. ........................................

**(3) તમારા વિસ્તારના ભાવિ ઉમેદવાર પાસેથી શું અપેક્ષા છે ?**
અ.તમારા વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ ? ☐
બ. તમારા વિસ્તારનો સર્વાંગી વિકાસ કરે. ☐
ક. ભ્રષ્ટાચારનો અંત લાવવા પ્રયત્ન કરે ? ☐
ડ. ........................................

**(૪) તમારો ઉમેદવાર આપેલ વચનો ન પાળે તો ?**
અ. તેને પાછા બોલાવવા મતદારોને અધિકાર હોવો જોઈએ? ☐
બ. તેના પર ફરી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મુકવો જોઈએ ? ☐
ક. તેની સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાવો જોઈએ ? ☐
ડ. ........................................

**(૫) તમારા પસંદગીના ઉમેદવારો પક્ષના નામ સાથે ?**

| પક્ષ - કોંગ્રેસ | પક્ષ ભાજપ |
|---|---|
| (૧)........................ | (૧)........................ |
| (૨)........................ | (૨)........................ |
| (૩)........................ | (૩)........................ |
| (૪)........................ | (૪)........................ |
| (૫)........................ | (૫)........................ |

**અમારો આ સર્વે કોઈ પણ રાજકીય પક્ષ, વિચારધારા અથવા વ્યક્તિગત રીતે સીધા અથવા પરોક્ષ રીતે જોડાયેલો નથી. આ સર્વેની કવાયત માત્ર મતદારોના અભિપ્રાય જાણવા પુરતા જ છે. તેનાથી કોઈ પક્ષ કે વ્યક્તિને નિશાન બનાવવાનો આશય નથી.**

# મુડેઠા ગામે સબસેન્ટર બંધ હાલતમાં : ગ્રામજનો પરેશાન


સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ગામે આવેલ આરોગ્ય સબ સેન્ટર છેલ્લા કેટલાય દિવસોથી બંધ હાલતમાં હોઈ ગ્રામજનો પરેશાન થઈ ઉઠ્યા છે. જ્યાં નર્સ હાજર રહેતા ન હોઈ સબસેન્ટરને હંમેશા તાળા મારેલા હોય છે. ગામના દર્દીઓને સારવાર માટે પાંચ કિમી દુર ભીલડી જવુ પડે છે. તેમાંય ઈમરજન્સીના સમયે ભારે મુશ્કેલી સર્જાય છે. ત્યારે મુડેઠા સબ સેન્ટરને કાયમી ચાલુ રાખવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.

## સરદાર પટેલ જયંતિ અન્વયે

# પાલનપુરમાં રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો

**ભાજપ શાસિત પાલનપુર પાલિકા ના માત્ર ૨ જ નગરસેવક હાજર!! : ભાજપે આચારસંહિતા ભંગ કર્યો હોવાની રાવ**

પાલનપુર

પાલનપુર ખાતે સરદાર પટેલ જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. સરદાર જન્મ જયંતી નિમિતે કૉંગ્રેસ-ભાજપના કાર્યક્રમમાં ખુબ જ પાંખી હાજરી રહેતા સમગ્ર કાર્યક્રમ પ્રતીકાત્મક બની રહ્યા હતા.

પાલનપુર ખાતે કૉંગ્રેસ દ્વારા સરદાર પટેલ જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેર કૉંગ્રેસના ગણ્યા ગાંઠ્યા કાર્યકરો હાજર રહ્યા હતા. જયારે જિલ્લા કક્ષાના નેતાઓ સહિત ધારાસભ્યની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી.

જયારે ભાજપ દ્વારા રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીની હાજરીમાં જી.ડી.મોદી કોલેજથી પદયાત્રા યોજાઈ હતી.


સંજય જોષી

જે જુના ગંજ બજાર પહોંચી હતી. જ્યાં સરદારની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. જોકે, આ કાર્યક્રમમાં ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના શાસકપક્ષના નેતા હસમુખભાઈ પઢીયાર અને સ્ટ્રીટલાઈટ ચેરમેન અતુલ ચોકસી સહિત માત્ર ૨ જ નગરસેવકો હાજર રહ્યા હતા. જોકે, મોડે...મોડે પાલિકા પ્રમુખ નિલમબેન જાની પુષ્પાંજલિ અર્પવા આવી પહોંચ્યા હતા. ત્યારે ભાજપના નગરસેવકોની સૂચક ગેરહાજરી ચર્ચાની એરણે ચડી હતી.

**રન ફોર ટિકિટ હોત તો...!**

વિધાનસભાની ચૂંટણી ટાણે પાલનપુર ખાતે ભાજપ આયોજીત રન ફોર યુનિટી કાર્યક્રમમાં ભાજપી નગરસેવકોની ગેરહાજરી ચર્ચાસ્પદ બની હતી. ત્યારે આ કાર્યક્રમ જો "રન ફોર ટિકિટ" માટેનો હોત તો ટિકિટ વાંછુઓની હોડ જામી હોત તેવી ચર્ચાએ પણ વેગ પકડ્યો હતો. જોકે, ભાજપ આયોજિત પદયાત્રાને કૉંગ્રેસે આચારસંહિતા ભંગ સમી ગણાવી હતી. ત્યારે હવે તંત્ર શું પગલાં ભરે છે તે જોવું રહ્યું..!!!

# ઉદયપુર જૈન સંઘમાં શ્રમણ શ્રમણી ભગવંતોનું સ્વાધ્યાય આંદોલન

ડીસા

ઉદયપુર જૈન સંઘમાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) ની નિશ્રામાં શાસનપ્રભાવક ઉત્સવો- પ્રસંગો પૂર્વક પર્યુષણ મહાપર્વ સુધીની આરાધના થયા બાદ તા. ૯/૯/૨૦૧૭ થી ૧૮/૯/૨૦૧૭ સુધી ૧૦ દિવસ પૂ.શ્રમણ- શ્રમણી ભગવંતોનું અદ્ભુત સ્વાધ્યાય- આંદોલન ચાલ્યું હતું.

સુરતથી મૂર્ધન્ય વિદ્વાન- શ્રાદ્ધવર્ય પંડિતજી શ્રી ધીરુભાઈ દશ દિવસ માટે પૂજ્યશ્રી તથા શિષ્ય પરિવારના વિદ્યાવ્યાસંગથી અને આગ્રહથી પ્રેરાઈને પધાર્યા હતા. આ દિવસો દરમિયાન ૧ કલાક પ્રવચન પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ફરમાવતા હતા. બાકી રોજના આઠથી દસ કલાકનો જબરજસ્ત સ્વાધ્યાય યજ્ઞ પ્રારંભાયો હતો. આત્મિક અને આધ્યાત્મિક વિકાસ થાય તેવા પૂ.હરિભદ્રસૂ.મ.ના યોગના ગ્રંથો, સમાધિ અને સમતા ઉદ્ભવે તેવા પૂ.ઉપા. યશોવિજયજી મ.ના સ્તવન સજ્ઝાયો, પૂ.ઉમાસ્વાતી મ. વિરચિત તત્વાર્થ સૂત્ર પાંચમો અધ્યાય તથા પ્રશ્નોત્તરી વગેરે અનેક ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન- સ્વાધ્યાય- સ્પર્શ કરાવવામાં આવ્યો હતો. પંડિતજી પણ ૮૩ વર્ષની બુઝુર્ગ વયે મન મુકીને વરસ્યા હતા. અને શ્રમણ- શ્રમણી ભગવંતો ઉપરાંત અમુક પાઠમાં ઉદયપુરના જિજ્ઞાસુ શ્રાવક શ્રાવિકા પણ જોડાતા હતા. દસ દિવસના અંતે ભાવુક વાતાવરણમાં પંડિતજીનું બહુમાન આદિ થયું હતું. સાથે સાથે ચારે માસ. પંડિતજીશ્રી ચીનુભાઈ સ્નેહભાઈ, શ્રી શક્તિકુમાર શર્માજી આદિ પંડિતવર્યો પાસે શ્રમણોનો- તથા મુમુક્ષુઓનો અભ્યાસ સુપેરે ચાલી રહ્યો છે.

પૂ.આ.ભ.શ્રી વિજય રત્નચંદ્ર સૂરીશ્વરજી મ.સા.નું આગામી ચાતુર્માસ કરાવવા માટે વિવિધ સંઘોની વિનંતી સતત ચાલી રહી છે. અમદાવાદ, સાબરમતી, રામનગર, જૈન સંઘ, સાબરમતી ડી- કેબિન જૈન સંઘ, સુરેન્દ્રનગર જૈન સંઘ, ઉદયપુર જૈન સંઘ, વડોદરા- અલકાપુરી જૈન સંઘ, મુંબઈ- ગૌરેગાંવ જવાહરનગર જૈન સંઘ, ગોડીજી પાયધુની જૈન સંઘ, વાલકેશ્વર સુપાર્શ્વનાથ જૈન સંઘ, મલાડ- જિતેન્દ્ર રોડ જૈન સંઘ, દહાણુ જૈન સંઘ, પૂના ગોડીજી જૈન સંઘ તથા બનાસકાંઠા વિસા ઓશવાલ જૈન સંઘની સતત ચાતુર્માસની વિનંતી આવતી હતી.

પૂજ્ય ગચ્છાધિપતિનીર્શ્રની આજ્ઞા પ્રમાણે આગામી ચાતુર્માસ પૂના- ગોડીજી જૈન સંઘ મુકામે- બનાસકાંઠા વીસા ઓસવાલ જૈન સમાજ તરફથી થશે. યોગ્ય સમયે ચાતુર્માસની 'જય' બોલાવવામાં આવશે.

પૂ.આ. રત્નચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસિક આરાધના ચાલી રહી છે. દરરોજ પ્રવચન ચાલુ જ છે. તા. ૧૦/૯/૧૭ ના રોજ થોબ- કીવાડીમાં પેરેન્ટસ સેમિનારનું ભવ્ય આયોજન થયું હતું.

અનુસંધાન પાના નં.૬

# દાંતામાં ધારાસભ્યે બાંકડા મુકતા વિવાદ છોડાયો

પ્રતિનિધિ અંબાજી

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતા આદર્શ આચાર સંહીતાનો કડકાઈથી અમલ રહ્યો છે. ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો રાજકીય પ્રવૃત્તિઓ ઉપર બાજ નજર રાખી રહી છે. ત્યારે દાંતા વિધાનસભા બેઠકના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીએ દાંતા પોલીસ મથકે બાંકડા મુકતા વિવાદનો મધપૂડો છંછેડાયો છે. ભાજપના કાર્યકરોએ આ મામલે વિરોધ ઉગ્ર વીરોધ કર્યો હતો. ત્યારે આગામી સમયે આ વિવાદ વધુ વકરે તેવી શકયતા છે.

# દાંતીવાડા ખાતે ભાજપ દ્વારા રન ફોર યુનીટી કાર્યક્રમ યોજાયો


ઈશ્વર રબારી

(પ્રતિનિધિ) દાંતીવાડા

ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે દાંતીવાડા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું. દાંતીવાડા સરદાર કૃષિ યુનિવર્સિટી મુકામે સ્ટેડિયમ ગ્રાઉન્ડથી સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ સુધી દોડનું આયોજન કર્યું ત્યાર બાદ સરદારભાઈ પટેલના સ્ટેચ્યુને ફુલહાર અર્પણકરી પુષ્પ અર્પણ કરી જન્મ જયંતિની ઉજવણી કરી જેમાં દાંતીવાડા તાલુકા ભાજપના પ્રમુખ નટુભાઈ ચૌધરી, બનાસડેરીના ડિરેક્ટર પી. જે. ચૌધરી, તાલુકા ભાજપના મહામંત્રી જેન્તીભાઈ બોચતાર, કિસાન મોરચાના જિલ્લાના મંત્રી હરનાથભાઈ, બક્ષી મોરચાના પ્રમુખ સુરેશભાઈ મોદી, યુવા ભાજપ પ્રમુખ દિનેશભાઈ બોકા, જિલ્લા યુવા મોરચાના આગેવાન સુજનસિંહ વાઘેલા, બાલાજી રેડીમેન્ટના માલિક અરવિંદભાઈ ચૌધરી તેમજ પ્રવીણભાઈ ચૌધરી, ચિરાગભાઈ, મિલનભાઈ, રાનભાઈ, અમરતભાઈ, કોનાભાઈ, કમલેશભાઈ તેમજ સૌ યુવાનો અને આગેવાનો ઉપસ્થિત રાહી કાર્યક્રમમાં જોડાયા.

# કંબોઈ ગામે ગાયત્રી માતાજીનો મેળો યોજાયો



પ્રતિનિધિ કંબોઈ

ગઈકાલે એકાદશી અગિયારસના દિવસે કંબોઈ અદાણી પાટી ખાતે આવેલ ગાયત્રી માતાજીના મંદિરે મેળો ભરાયો હતો. જેમાં સવારે માતાજીની પૂજા અર્ચના બાદ બ્રાહ્મણોના મંત્રોચ્ચાર વચ્ચે યજ્ઞનું આયોજન કરાયુ હતું. ત્યારબાદ માતાજીની શોભાયાત્રા નીકળી હતી. જે કંબોઈ ગામમાં ફેરવામાં આવી હતી. આ વરઘોડામાં કંબોઈ અને આજુબાજુ ગામોના લોકો ઉમટી પડ્યા હતા. મેળામાં શેરડી, મીઠાઈ, રમકડાની દુકાનો લાગી હતી અને લોકો હોંશેહોંશે મેળાનો આનંદ માણ્યો હતો.

# વગતુબા ડાભી જ્યોતિ વિકાસ મંચ બનાસકાંઠા દ્વારા સરદાર પટેલની જન્મ જયંતિ ઉજવાઈ

ડીસા

આજ રોજ ડીસા ખાતે અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરુષ, પ્રખર રાષ્ટ્રભક્ત, સમર્પણ, ત્યાગ અને નિર્ભયતાની મૂર્તિ, સાદગી અને સેવાથી લોકોના હદયમાં કાયમ અમર છે.જેમના કાર્યોની સુવાસ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે કંડારાયેલ છે. આ ભારત ભૂમિના મહાન દેશભક્ત સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે મંચના પ્રેરક આઈ.સી. ડાભી (આચાર્ય, જાવલ પ્રા.શાળા તથા શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ વિજેતા) અને સાથી મથુરભાઈ ટી.પરમાર (મહામંત્રી, બનાસકાંઠા અનુદાનિત પ્રા. શિક્ષક સંઘ), સવસીભાઈ ડાભી (કુંમર), થાનાભાઈ પરમાર (જેતડા)), ભરતભાઈ સોલંકી, ગોવાભાઈ પરમાર, વિરેન્દ્ર ડાભી, રાહુલ ડાભી તથા બનાસકાંઠા સરદાર સેવા દળના પ્રમુખ જીગરભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ફૂલહાર કરી તેમના કાર્યો યાદ કરી જયઘોષ કરવામાં આવ્યો.

# પાલનપુરમાં અંધશ્રધ્ધા વિરોધી રેલી અને વેબ સીરીયલનો પ્રારંભ

પાલનપુર

ન જાણે કેમ ભારતમાં સદીઓથી કાળી ચૌદશની રાત્રિને એટલી ખોફનાક ચીતરવામાં આવી છે અને એવી ગેરમાન્યતાઓ- પરંપરાઓ તેમજ જાતજાતની વિચિત્ર બિહામણી વાતો પ્રચલિત કરવામાં આવી છે કે લોકો રાત્રે સ્મશાનમાં તો શું પણ બહાર નીકળવાનું પણ ટાળે છે. કહેવાતા તાંત્રિકો રાત્રે મંત્ર- તંત્ર મેલીવિદ્યા, સાધના વગરે જેવી કથિત અને અદશ્ય શક્તિઓ મેળવતા હોવાની અવૈજ્ઞાનિક વાતો આપણને સાંભળવા મળે છે. આ બાબતનું ખંડન કરવા અને લોકજાગૃતિ કેળવાય તેવા આશયથી બનાસકાંઠા જિલ્લા અંધશ્રધ્ધા નિર્મૂલન સમિતિ, પાલનપુર તરફથી તા. ૧૮/૧૦/૨૦૧૭ કાળી ચૌદશની રાત્રે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જી.ડી. મોદી કૉલેજ ગેટ આગળથી રાત્રે ૮-૦૦ કલાકે ઢોલ- નગારાં સાથે જનજાગૃતિ રેલી શરૂ કરવામાં આવી હતી. જેમાં બાળકો, સ્ત્રી- પુરૂષો મળીને આશરે ૧૦૦ જેટલા લોકો જોડાયા હતા. ચમત્કારથી ચેતો, અંધશ્રધ્ધાથી દૂર રહો, ચમત્કાર કરનારને ૧ કરોડનું ઈનામ, અંધશ્રધ્ધા કાનૂન બનાવો, દુનિયામાં ભૂત- પ્રેત ક્યાંય નથી જેવા પ્લે બોર્ડ સાથે સૂત્રોચ્ચાર કરીને ગુરૂનાનક ચોક, સંજય ચોક, દિલ્હીગેટ થઈને માનસરોવર સ્મશાન સુધી રેલી નીકળી હતી.

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા ખાતે રન ઓફ યુનિટી દ્વારા સરદાર પટેલને અંજલિ


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે રન ઓફ યુનિટીની દોડ વિવેકાનંદ વિદ્યાલયથી રેલ્વે સ્ટેશન, તાલુકા પંચાયત મામલતદાર કચેરી થઈ માર્કેટયાર્ડ ધાનેરામાં સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કરાયા હતા. ત્યારબાદ તેમણે ૫૬૫ રજવાડાઓને ભારતમાં ભેળવવાનું મહત્વનું કાર્ય કર્યું. તેની યાદ અપાવી એસ.ટી. નિગમના ડિરેક્ટર દિનેશભાઈ અનાવાડીયાએ જણાવેલ કે તેઓએ નિસ્વાર્થભાવે દેશની સેવા કરી છે. જેમને આગળની સરકારો ભુલી ગઈ હતી પણ અત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વ વિખ્યાત પ્રતિમા બની રહી છે. જગદીશભાઈ પટેલે સભાનું સંચાલન કર્યું હતું.કાન્તિલાલ ત્રિવેદીએ આભારવિધિ કરી હતી. ભગવાનદાસ (ચેરમેન) આશાબેન પટેલ, જગદીશભાઈ ઠક્કર, ગોદાવરીબેન, બાબુભાઈ સુથાર ઈન્દુબેન, પ્રેમાભાઈ પટેલ વગેરે નગરપાલિકાના કોર્પોરેટરો વેપારી એસોસીએશનના પ્રમુખ મેહદાભાઈ પટેલ વગેરે પણ હાજર રહ્યા હતા.

# કાંકરેજ તાલુકા અને થરા શહેર ભાજપ દ્વારા રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો


કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

ગુજરાતના પનોતા પુત્ર અને અખંડ ભારતના શિલ્પી એવા દેશના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૨ મી જન્મ જયંતિ નિમિત્તે રાજ્યમાં રન ફોર યુનિટીનું આયોજન કરાયું છે. જે અંતર્ગત કાંકરેજ તાલુકા અને થરા શહેર ભાજપ દ્વારા ગઈકાલે થરા માર્કેટયાર્ડથી વાળીનાથ મંદિર સુધી રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં સરદાર વલ્લભભાઈ પટેલને શ્રધ્ધા સુમન અર્પણ કરાયા હતા અને ''જય સરદાર વલ્લભભાઈ અમર રહો'' ના નારા બોલાવ્યા હતા.

# પાલનપુરમાં પ્રજાપતિ કેળવણી મંડળનું સ્નેહમિલન


સંજય જોષી

પાલનપુર

શ્રી પ્રજાપતિ કેળવણી મંડળ, પાલનપુર (૬૬ ગોળ) દ્વારા તા. ૨૯/૧૦/૧૭ ના રોજ ઈનામ વિતરણ- સ્નેહમિલન- વાર્ષિક સાધારણ સભાનું સુરેશભાઈ એમ. પ્રજાપતિ પૂર્વ પ્રમુખ ધાન્યધાર પ્રજાપતિના અધ્યક્ષ પદે યોજવામાં આવેલ. તેઓ ચેરમેન ધી છાપી ના.સ.બેંકના ચેરમેન તરીકે બિનહરીફ ચુંટાયેલ હોઈ સમાજના પ્રમુખ તેમજ આગેવાનો દ્વારા સાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ. તેઓ દ્વારા રૂ. ૩,૫૧,૦૦૦/- પ્રવેશદ્વારના દાતા તરીકે દાન આપેલ. ઉદ્ઘાટક હરીભાઈ પ્રજાપતિ દ્વારા ભોજન આપવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ગુણવંતભાઈ, સંતશ્રી સીતારામબાપુ, ધાન્યધાર પ્રજાપતિ સમાજના પ્રમુખ ભીખાભાઈ,

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં ભા.વિ.પ. દ્વારા સરદાર પટેલને શ્રધ્ધાસુમન


ભરત સુંદેશા

ડીસા

૩૧ મી ઓક્ટોબર ૧૮૭૫ ના રોજ નડીયાદમાં જન્મ ધારણ કરીને પુરા ભારત દેશમાં પોતાની દ્રઢ સંકલ્પ શક્તિનો પરિચય કરાવનારા, સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને માલ્યાર્પણ કરીને ભારત વિકાસ પરિષદ ડીસા જેવી અનેક સેવાભાવી સંસ્થાઓએ ગૌરવ અનુભવ્યું. આ પ્રસંગે ભા.વિ.પ. ડીસાના પ્રમુખ ડૉ.ભુપેશભાઈ ત્રિવેદી, મહામંત્રી જયેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ પારસભાઈ ત્રિવેદી, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, માર્ગદર્શક ડૉ.અજયભાઈ જોશી, દેવેન્દ્રભાઈ શાહ, ઘનશ્યામભાઈ પટેલ, મહેશચંદ્ર ભટ્ટ, હરેશભાઈ ઠક્કર, ડૉ.વિશાલ ઠક્કર, દિલીપભાઈ ઠક્કર, ડૉ.તુષાર શાહ તથા અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સરદાર પટેલની ૧૪૩ મી જન્મ જયંતિ નિમિતે

# પાલનપુર શહેર કોંગ્રેસએ પુષ્પાંજલિ અર્પણ કરી


સંજય જોષી

પાલનપુર

ગુજરાતનાં પનોતા પુત્ર અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩ મી જન્મ જયંતિ નિમિતે પાલનપુર જૂના ગંજબજારમાં આવેલ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ પાલનપુર શહેર કોંગ્રેસ દ્વારા જન્મ જયંતિની ઉજવણી કરી હતી.

સરદાર પટેલએ ગુજરાતનાં પનોતાપુત્રએ ૫૬૫ રજવાડાઓનું વિલીનીકરણ દેશની એકતા અને અખંડિતતા માટે હંમેશ તેમનું લક્ષ્ય રહેતુ દેશને આઝાદી અપાવવામાં મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરૂ સાથે સરદાર પટેલનો સિંહ ફાળો રહ્યો છે. આજનાં પ્રસંગે તેમને યાદ કરી "સરદાર પટેલ અમર રહો" નાં નારા લગાવ્યા હતા.

આ ઉપરાંત ભારતરત્ન અને પ્રિયદર્શની પૂર્વ વડાપ્રધાન ઈન્દીરાબેન ગાંધીના નિર્વાણદીન નિમિતે તેમની તસ્વીરને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાંજલી આપી હતી.

# અયોધ્યામાં મંદિર નિર્માણના મામલે વાતચીતનો દોર જારી

અયોધ્યા

અયોધ્યા વિવાદને કોર્ટની બહાર ઉકેલવાના પ્રયાસરુપે આજે આધ્યાત્મિક ગુરુ શ્રીશ્રી રવિશંકરે શિયા વક્ફ બોર્ડના અધ્યક્ષ વસીમ રિઝવી સાથે વાતચીત કરી હતી. આ મામલા પર બંને વચ્ચે આશરે એક કલાક સુધી વાતચીત ચાલી હતી. વાતચીત બાદ રિઝવીએ મંદિરને વિવાદાસ્પદ ભૂમિમાં બતાવવાના પોતાના પૂર્વના નિવેદનનો બચાવ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, વિવાદને ઉકેલવા માટે વાતચીત ખુબ આગળ વધી ચુકી છે. વર્ષ ૨૦૧૮માં અયોધ્યામાં મંદિર નિર્માણનું કામ શરૂ થઈ જશે. વસીમ રિઝવીએ કહ્યું હતું કે, રામ મંદિર ફૈઝાબાદ જિલ્લાના અયોધ્યા શહેરમાં રામજન્મભૂમિ પર જ બને તે જરૂરી છે. શિયા વક્ફ બોર્ડ પણ આ મામલામાં પાર્ટી તરીકે છે. કારણ કે, બાબરી મસ્જિદ શિયા મસ્જિદ હતી. આટલા વર્ષો સુધી મૌન પાળવવાના પ્રશ્ન ઉપર રિઝવીએ કહ્યું હતું કે,

અનુસંધાન પાના નં.૬

# સમાજને અન્યાય કરાશે તો કોંગ્રેસને સહન કરવું પડશે

અમદાવાદ

કોંગ્રેસ પક્ષ રાજયમાં સત્તા પરિવર્તન ઈચ્છતુ હોય તો વિશ્વકર્મા સમાજના પ્રતિનિધિત્વને પણ ટિકિટ વહેંચણીમાં ઉચિત સ્થાન આપવું જોઈએ. જો કોંગ્રેસ વિશ્વકર્મા સમાજને અન્યાય કરશે તો, આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને સહન કરવું પડશે એમ અત્રે ગુજરાત વિશ્વકર્મા નવરત્ન કારીગર મહામંડળના કન્વીનર ગોવિંદભાઈ જાદવે સાફ શબ્દોમાં જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, તાજેતરમાં કોંગ્રેસે ઓબીસી એકતા સંગઠનના અલ્પેશ ઠાકોર સાથે સમાધાન કરી સમગ્ર ઓબીસી વર્ગ વતી ટિકિટ વહેંચણીની ગતિવિધિ હાથ ધરી છે પરંતુ તે યોગ્ય નથી કારણ કે, વિશ્વકર્મા સમાજનું નેતૃત્વ ભિન્ન છે. ગુજરાત વિશ્વકર્મા નવરત્ન કારીગર મહામંડળના કન્વીનર ગોવિંદભાઈ જાદવે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત વિશ્વકર્મા નવરત્ન કારીગર મહામંડળ દરજી, સુથાર,

અનુસંધાન પાના નં.૬


## શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.

'બનાસ ભવન' મુખ્ય કચેરી, ડીસા હાઈવે, પાલનપુર-૩૮૫ ૦૦૧

### જાહેર હરાજી

આથી જાહેર નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, બેંકના મુદતવીતી બાકીદારનું જપ્ત કરેલ વાહન જયાં છે તેમ અને જે સ્થિતિમાં છે તેમ તારીખ ૧૦/૧૧/૨૦૧૭ ના રોજ જાહેર હરાજીથી વેચાણ કરવાનું છે. તો રસ ધરાવનાર ઈસમોએ હરાજીમાં ભાગ લેવા રૂા.૨૫૦૦૦/- અંકે રૂપિયા પચીસ હજાર પુરા ડિપોઝીટ ભરી હરાજીના સ્થળે હાજર રહેવું. હરાજીનું સ્થળ, સમય અને વાહનની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વાહનનો પ્રકાર | વાહનનો નંબર | ડીપોઝીટ | હરાજીનો સમય | હરાજીની તારીખ | સ્થળ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સ્કોર્પીયો જીપ મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા (૨૦૧૩) | GJ8AP5717 | ૨૫૦૦૦ | ૧૧.૦૦ | ૧૦/૧૧/૧૭ | બનાસબેંક રાજગઢી શાખા, પાલનપુર |

હરાજીનું સ્થળ : બનાસ બેંક, રાજગઢી શાખા, પાલનપુર

હરાજીની શરતો અને બોલીઓ રૂબરૂમાં વાંચી સંભળાવવામાં આવશે. હરાજી યોજવી / મુલત્વી કે બંધ રાખવી, વાહન વેચાણ આપવું કે ન આપવું એ અંગેનો અધિકાર બેંકના ચેરમેનશ્રી અથવા બેંક દ્વારા અધિકૃત કરેલ અધિકારીને અબાધિત રહેશે.

વેચાણ અધિકારી
શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ
સહકારી બેંક લી. પાલનપુર

# તંત્રી સ્થાનેથી ...

## ન્યાય કરવામાં મોડું કરવું એ અન્યાય છે.

## સરકારી હોસ્પિટલોમાં સ્ટાફની અછત દૂર થવી જ જોઈએ

રાજ્યની સરકારી હોસ્પિટલોમાં સ્ટાફની અછતના પરિણામે દર્દીઓને ભારે મુશ્કેલીમાં મુકાવવુ પડે છે. અને પરિસ્થિતિ વિષમ બને છે ત્યારે હોસ્પિટલ સંચાલકો હાથ અધ્ધર કરી દેતા હોય છે. છેલ્લા કેટલાક સમયથી આ સમસ્યાને નિવારી શકાઈ નથી. ત્યારે તાજેતરમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૪૮ કલાકમાં ૧૮ બાળકોના મોત નિપજવાના ઘટનાએ સમગ્ર રાજ્યમાં હાહાકાર મચાવી દીધો છે. હોસ્પિટલોમાં જે સુવિધા હોવી જોઈએ તે ન મળતાં દર્દીઓને હેરાનગતિ થતી હોય છે. સ્ટાફની અછત કારણભુત મનાય છે.

શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ત્રણ હોસ્પિટલ અને સોલા સિવિલ હોસ્પિટલની તપાસ દરમ્યાન ચોંકાવનાર તથ્યો સામે આવ્યા છે. અમદાવાદની બી.એસ., એલ.જી., શારદાબેન હોસ્પિટલ અને સોલા સિવિલ હોસ્પિટલના બાળકોના આઈસીયુની અંદર જેટલા બેડ અને વેન્ટિલેટરની જરૂરિયાત છે. તેના કરતાં ૫૦ ટકા સંખ્યામાં સુવિધાઓ ઓછી હોવાનું બહાર આવ્યું છે.

બીજી તરફ દર્દી અને નર્સિંગ સ્ટાફ વચ્ચેનો જે રેશિયો હોવો જોઈએ તે પ્રમાણેના સ્ટાફની અંદર પણ અછત હોવાનું કહેવાય છે. શહેરની આ ચારે હોસ્પિટલોની અંદર પણ તાત્કાલિક ધોરણે પ્રાથમિક જરૂરિયાત અને સુવિધા પણ વધારવી જરૂરી છે, ખાસ કરીને ઉપરોક્ત ચારે હોસ્પિટલ સહિત સિવિલ હોસ્પિટલમાં મોટા ભાગે બહારથી રિફર થઈને ઘણા દર્દીઓ આવતા હોય છે. ત્યારે ક્યારેક સુવિધાના અભાવે હોસ્પિટલ દર્દીઓને સારવાર આપવામાં લાચાર બની જાય છે. તે ક્યારેક દર્દીને અન્ય ખાનગી હોસ્પિટલમાં દોડવું પડતું હોય છે એટલે સમય અને વધારાનો ખર્ચ ભોગવવો પડતો હોય છે. ગરીબ અને સામાન્ય દર્દીઓને ભારે હેરાન થવું પડતું હોય છે. બે જવાબદાર તંત્ર આ બાબતે કોઈ યોગ્ય પ્રત્યુત્તર આપતું ન હોવાનું પણ કહેવાય છે. સરકાર આ બધું કેવી રીતે ચલાવી લે છે તે સમજાતું નથી.

બીજી તરફ શહેરમાં સમગ્ર ગુજરાત ઉપરાંત આજુબાજુના રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં દર્દીઓનો ઘસારો રહેતો હોય છે. જેથી સ્થાનિક અને બહારના દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે તે રીતે હોસ્પિટલ સ્ટાફે પણ તત્પર રહેવું જોઈએ, ત્યારે ડૉક્ટરોનું એવું કહેવું છે કે સૌથી મોટી સમસ્યા આ સરકારી હોસ્પિટલમાં ડૉક્ટર અને નર્સિંગ સ્ટાફની અછત વર્તાય છે તેના કારણે દર્દીઓ પર પુરતુ ધ્યાન આપી શકાતું નથી અને શિશુઓના મોત નિપજતા હોય છે.

એક તરફ સરકાર દ્વારા બાળમૃત્યુ દર ઘટી રહ્યો હોવાનો દાવો કરાઈ રહ્યો છે. ત્યારે વાસ્તવિક સ્થિતિ ખૂબ જ ભયાનક છે. આદર્શ સ્થિતિ મુજબ નવજાત શિશુના બોર્ડમાં એક ક્રિટિકલ બાળકે એક નર્સિંગ સ્ટાફ હોવો જરૂરી છે. પણ કમનસીબે સરકારી હોસ્પિટલોમાં તે રેશિયો જળવાતો નથી. આ બાબતે સરકારે ગંભીર બનવું જોઈએ. પરંતુ ''હોતી હૈ ચલતી હૈ' ના કારણે દર્દીઓને સહન કરવું પડતું હોય છે. ગુજરાતની મેડિકલ કોલેજમાંથી દર વર્ષે જેટલા ડૉક્ટર્સ બહાર પડે છે. તેટલા દસ વર્ષ સુધી બહાર પડે તો પણ ખુટે તેમ છે.

સિવિલ હોસ્પિટલમાં ૧૮ માસુમ બાળકોનો ભોગ લેવાયો તે બદલ તમામ જવાબદાર અધિકારીઓ પર તાત્કાલિક પગલાં ભરવા જોઈએ. રાજ્યમાં આરોગ્ય સેવા એટલી હદે કથળી ગઈ છે કે દુર્ભાગ્યપૂર્ણ ઘટનાથી તંત્ર ઉઘાડું પડી ગયું છે...

## સેફ અલીની સાથે ફિલ્મને લઇ ચિત્રાંગદા આશાવાદી

મુંબઇ

બોલિવુડમાં નવી નવી ફ્રેશ જોડીને ચમકાવવાની પરંપરા હાલમાં ચાલી રહી છે. હવે બાજાર નામની ફિલ્મ બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મમાં સેફ અલી ખાન અને ખુબસુરત ચિત્રાંગદાની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મનુ શુટિંગ હાલમાં જોરદારરીતે ઝડપથી ચાલી રહ્યુ છે. મુંબઈની કમલા મિલ્સમાં શુટિંગ કરવામાં આવી રહ્યુ છે. ફિલ્મમાં સેફ અલી ખાન એક મોટા બિઝનેસમેનની ભૂમિકામાં નજરે પડનાર છે. જે શેર માર્કેટમાં પ્રભુત્વ ધરાવે છે. સેફ અલી ખાન પણ હાલમાં વધારે ફિલ્મો કરી રહ્યો નથી. તેની ફિલ્મો પણ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઇ રહી નથી. તેની છેલ્લી ફિલ્મ રંગુન હતી. જે બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. ફિલ્મમાં તેની સાથે શાહિદ કપુર અને કંગના રાણાવત હતી. આ ફિલ્મમાં ત્રણેયની જોરદાર એક્ટિંગ હોવા છતાં ફિલ્મ ફ્લોપ રહી હતી.

### આત્મચિંતન

## આત્મશુદ્ધિ અધ્યાત્મના ગણેશ

આંતરિક શુદ્ધિ તરફ યોગ્ય ધ્યાન આપવું એ જ બુધ્ધિમતા અને દુરંદેશીનું પ્રથમ ચરણ છે. અધ્યાત્મનું પ્રથમ શિક્ષણ એ જ છે કે મનુષ્ય પોતાના સ્વરૂપને સમજે, એ વિચારે કે હું કોણ છું? શું છું? અને શું બન્યો છું ? આત્મચિંતનને જ સાધનાનું પ્રથમ સોપાન કહેવામાં આવે છે. આ ચિંતન ઈશ્વર, જીવ તથા પ્રકૃતિની ઉચ્ચ ભૂમિકાથી શરૂ કરી શકાય નહીં. કદમ તો ક્રમશઃ જ ભરી શકાય છે. નીચેના પગથિયા પર પગ મુકીને જ ઉપર ચઢી શકાય છે. સોહમ, શિવોહમનો ધ્વનિ કરવાની પુર્વે, પોતાને સચ્ચિદાનંદ બ્રહ્મ માનતા પહેલાં આપણે સામાન્ય જીવન પર વિચાર કરવો પડશે અને એ જોવુ પડશે કે ઈશ્વરનો પુત્ર એવો જીવ આજે કેટલા દોષ દુર્ગુણોથી ગ્રસિત બનીને પામરતાભર્યું ઉદ્વિગ્ન જીવન જીવી રહ્યો છે. માયાના બંધનોએ તેને કેટલો ખરાબ રીતે જકડી રાખ્યો છે અને ષડરિપુઓ ડગલે ને પગલે કેટલો ત્રાસ આપી રહ્યા છે. માયાનો અર્થ છે તે અજ્ઞાન, જેનાથી ગ્રસ્ત બનીને મનુષ્ય પોતાને નિર્દોષ અને સમગ્ર પરિસ્થિતિને માટે બીજાઓને જવાબદાર માને છે. ભવબંધનોમાંથી મુક્તી મેળવવાનો અર્થ છે કુવિચારો, કુસંસ્કારો અને કુકર્મોથી છુટકારો મેળવવો પોતાના દોષો તરફ ધ્યાન ન આપવા જેવી આળસ આ સંસારમાં બીજી કોઈ હોઈ શકે નહીં.. આની કિંમત જીવનની અસફળતા બદલ પસ્તાવો કરીને જ ચુકવવી પડશે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કુંપળને ફૂટવાની મોકળાશ ક્યાં?

**ગતાંકથી ચાલુ**

એમના કારણે જ મરહૂમ એલ.એ.સૈયદ એક ફોટોગ્રાફર તરીકે વિશ્વ વિખ્યાત બની શક્યા હતા. નવાબ સાહેબ તેમના રાજ્યમાં ચિત્રની હરીફાઈ યોજતા. ચિત્રોનાં પ્રદર્શનો ભરતા. પાલનપુર રાજ્યમાં ઈ.સ. ૧૯૪૭ માં સેકન્ડ ઓલ ઈન્ડિયા પેઈન્ટિંગ એક્ઝીબેશન યોજાયેલું. તેમાં શંકરલાલે એક લાઈફ સ્કેચ દોરીને રજૂ કરેલો. પોતાના એક મિત્ર શ્રી દેવેન્દ્ર કોઠારીને પોતાના મકાનની બારી પાસે બેસાડીને શંકરલાલે એક સાદા પૂંઠા ઉપર ચોક અને કોલસો તેમજ સોફ્ટ પેન્સિલ સ્ટીક વડે આ લાઈન સ્કેચ ફોટો દોર્યો હતો. જ્યોર્જ ફીફ્થ ક્લબ હાઉસમાં આ લાઈફ સ્કેચને ફસ્ટ પ્રાઈઝ મળ્યું. એ વખતે તેમને કોડાક કેમેરો ભેટ તરીકે મળેલો છે. મેઈડ ઈન ઈન્ગલૅન્ડનો આ કેમેરો હજુ તેઓ સંભારણામાં રાખીને બતાવે છે. પેલો સ્કેચ પણ હજુ તેમની પાસે સચવાયેલો પડ્યો છે. એ જોઈને થાય કે- ખંડહર બતા રહા થા કિ ઈમારત કિતની બુલંદ થી.'

પાલનપુર નવાબ શ્રી તાલેમહંમદખાનજીના હસ્તે અપાયેલાં સર્ટીને એમને આપેલ વસ્તુઓ મને બતાવતાં શંકરભાઈ હજુ નવાબ સાહેબના સાનિધ્યમાં ઘટેલી ઘટનાઓને ભૂલ્યા નથી. એક વખત એવું બન્યું કે રાતના લગભગ ૧૧ વાગ્યાનો સમય હશે. નવાબ સાહેબના માઉન્ટ આબુના બંગલામાં શંકરલાલ દીવાલો ઉપર ચિત્ર દોરતા હતા, ત્યાં અચાનક નવાબ સાહેબ આવી પહોંચ્યા. નવાબ સાહેબને જોતાં જ શંકરલાલના હાથ ત્યાં જ ઠર્યા રહ્યા. નવાબ સાહેબ એકદમ નજીક આવીને ઊભા રહ્યા. શંકરલાલનું લોહી જાણે સાવ સૂકાઈ ગયું. એ જમાનો જ એવો. નવાબ સાહેબની એવી ધાક કે માણસ એમની પાસે જાય ને ધ્રુજવા માંડે. સેંકડો વખત નવાબ સાહેબ પાસે શંકરલાલને જવાનું બન્યું હશે, પણ ક્યારેય નજર ઊંચી કરીને નવાબ સાહેબનો ચહેરો તેમણે જોયો ન હતો. નવાબ સાહેબ સામે હોય ત્યારે નજર ઝૂકાવીને 'જી હુઝૂર... જી હુઝૂર' કહ્યા કરવાનું. વાત કરતાં કરતાં શંકરલાલ પાછી એ 'આદાર્બ અર્જની' રસ્મ અદા કરવાનો અભિનય કરતાં કરતાં કહે કે- આમ આંખ ઢાળીને ઊભા રહેવાનું. નવાબ સાહેબની સામે તો નજર મિલાવી શકાય જ નહીં. નવાબ સાહેબને સાચી રીતે પહેલીવાર એ સમયે જોયા હશે. નવાબ સાહેબે પૂછ્યું-

'જુવાન- તારી પાસે ઘડીયાળ હોય તો જોને? હાલમાં કેટલો સમય થયો છે?'

શંકરલાલ પાસે ઘડીયાળ ન હતી. એ તો મૂઢ દશામાં ઊભા રહ્યા. નવાબ સાહેબે કહ્યું-

'આ સમય આરામ કરવાનો છે. તમારે હજુ ઘણું લાંબુ જીવવાનું છે. કામ બંધ કરીને આરામ કરો.'

'જી ... હુઝૂર...' શંકરલાલે કહ્યું ને હીઝ હાઈનેસ આવ્યા હતા. તે જ બારણામાંથી અંદર ચાલ્યા ગયા. મૂળે શું કે શંકરલાલ રાત- પરોઢીયાં કરીને પણ ચિત્રકામ પૂરું કરવા ઈચ્છતા હતા. કારણ કે શંકરલાલનાં લગ્ન હજુ હમણાં જ થયા હતા. નવાબ સાહેબે માઉન્ટ આબુમાં એક નવો બંગલો બનાવ્યો હતો. તેનું નામ 'પાલનપુર હાઉસ' રાખ્યું હતું. ત્યાંની દીવાલો ઉપર ચિત્રો દોરવાના હતા. હજુ લગ્નને ત્રણ દિવસ પૂરા થયા હતા, ત્યાં નવાબ સાહેબનું તેડું આવ્યું. શંકરલાલ પંચાલ કહે- 'નવાબ સાહેબનું તેડું આવે એટલે રાજ્યનો એક સિપાહી ઘેર આવે. જેનું કામ હોય તેના નામનો પોકાર કરે. પછી એ વ્યક્તિને હાજર થવાની જવાબદારી એની. પેલી વ્યક્તિ દોડતી દોડતી નવાબ સાહેબની તહેનાતમાં હાજર થઈ જાય. નવાબ સાહેબના પી.એ.ને મળવાનું. એ હુકમ આપે તે રીતે કામ કરવાનું. શંકરલાલ દોડીને નવાબ સાહેબના બંગલે જોરાવર પેલેસ પહોંચ્યા. ત્યાં એમને હૂકમ મળ્યો કે માઉન્ટમાં પાલનપુર બંગલાની દીવાલો ઉપર પેઈન્ટિંગ કરવાનાં છે. એક કલાકમાં તૈયાર થઈને આવો, મોટર તૈયાર છે. બીજી કોઈ દલીલ ના થઈ શકે. ન કોઈ ચર્ચા... વાત કે વિગત. શંકરલાલ કલાકમાં તૈયાર થઈને આવ્યા. માઉન્ટ પહોંચ્યા પછી જાણવા મળ્યું કે કામ એક મહિનાનું છે જેટલું ઝડપી પતાવાય એટલું વહેલું છૂટાય. એટલે રાત્રે ય એ કામ કરે. પણ હવે નવાબ સાહેબને એક કેમ કહેવાય કે લાંબી જિંદગીની તો ખબર નથી. પણ અત્યારે તો જિંદગી ઝૂંટવાઈ રહી છે...'

પણ એક દિવસ શંકરલાલને ખબર પડી કે હિઝહાઈનેસ પાલનપુર જાય છે. એટલે કારભારી ધૂળાભાઈ જોષી પાસે તેમણે ૧૫૦/- રૂ. નું બીલ મુક્યું. બીલ ગયું હીઝ હાઈનેસ પાસે. નવાબ સાહેબે શંકરલાલને બોલાવ્યા. 'કેમ? આટલા રૂપિયા શું કરવા છે?'

શંકરલાલે કહ્યું- 'માઉન્ટમાંથી ખરીદી કરવી છે?'

છોકરો કેમ ઉતાવળ કરે છે, એ નવાબ સાહેબે જાણી લીધું હોય કે ગમે તેમ. પણ તેમણે કહ્યું- 'કારભારી, છોકરો અત્યારે બધા પૈસા વાપરી નાખશે... કારણ કે હમણાં નવો નવો સંસારમાં આવ્યો છે. મિસ્ત્રી બિચારા આપણા પેલેસમાં કામ કરે છે. એમ કરો. સો રૂપિયા એને આપી બાકીના પચાસ મિસ્ત્રીને આપજો.'

શંકરલાલે બીજો એક પ્રસંગ કહ્યો- હીઝ હાઈનેસ તાલેમહંમદ ખાનજી એક યુરોપિયન મહિલાને પરણ્યા હતા. સુખાભાઈ સિવાયના આ બીજાં બેગમને પોતાના દેશનું ખૂબ ગૌરવ હતું. એકવાર શંકરલાલ પાલનપુર ના જોરાવર પેલેસમાં ચિત્રો દોરતા હતા, ત્યાં અચાનક નવાં બેગમ આવી ચડ્યાં શંકરલાલ કહે-

'જાણે કાળી રાતમાં વીજળી ખુદ નીચે ઉતરી આવીને આપણી આંખમાં શમાઈ ગઈ હોયને એવું લાગે.! સ્વર્ગમાં જે પરીની કલ્પના હોય છે ને તે સાવ સાચી! પહેલીવાર ને છેલ્લીવાર એ ઝબકારને નિહાળ્યો. આજે સિત્તેર વર્ષની ઉંમરે પણ ઝબકારથી ચકાચૌંધ થયેલી આંખ એ ક્ષણને નથી ભૂલી...

મેડમ સાહેબા ચિત્રને થોડીવાર નિહાળી રહ્યાં. પછી પૂછ્યું- 'આ બ્રશ ક્યાંનું છે...?'

**મેઈડ ઈન ઈન્ગલૅન્ડ...**

**શંકરલાલે કહ્યું.**

**'આ રંગો...?'**

**'મેઈન ઈન ઈન્ગલૅન્ડ...'**

ને એ સાંભળીને મેડમ સાહેબા ખુશ થઈ ગયાં. 'બ્રેવો... બ્રેવો... ગુડ... ગુડ... ફાઈન... ફાઈન...' એમ કહેતાં કહેતાં એ ચાલ્યાં ગયાં. મેરા દેશ મહાન એવું તોતા રટણ કે કેવળ સૂત્રો બોલવાથી દેશ મહાન નથી બનતો. નવાબ સાહેબના બંગલામાં ઓઈલ પેન્ટિંગમાં વપરાતા રંગો અને બ્રશ પણ ઈન્ગલૅન્ડનાં હોવાં જોઈએ. દસ હજાર કિલોમીટર દૂર પાલનપુરમાં બેસીને પોતાના દેશની જ વસ્તુ વપરાય તેવો આગ્રહ રાખતી આ નારી દેશગૌરવનું એક મોટું ઉદાહરણ છે. જો કે શંકરલાલને જોરાવર પેલેસના વાતાવરણની ગંધ આવી ગઈ હતી કે ગોરાં મેડમ સાહેબા પેલેસને પણ અંગ્રેજી આવૃત્તિની એક નાનકડી કાર્બન કોપી બનાવવા ઈચ્છે છે.

શંકરલાલ ચિત્રોની દુકાન લઈને બેઠા. પણ એજ વખતે સરકારી નોકરી મળી. ઈરીગેશન ડીપાર્ટમેન્ટમાં. તેમણે જુદા જુદા બંધોની ડીઝાઈનો બનાવવાની હતી. તેમણે મેશ્વો ડેમ, ઈંટ્રાસી, ડેમ, દાંતીવાડા ડેમ અને હેડ રેગ્યુલેટર જેવાં ચિત્રો તૈયાર કર્યા હતા. આ ડીઝાઈનને અનુલક્ષીને ડેમ બનાવ્યા. તેમની આ ડીઝાઈનો અને તેના ઉપરથી તેમણે બનાવેલા ૬ ટ ૪ ફટનાં વિશાળ ચિત્રો અમદાવાદ એલ.ડી.એન્જિનિયરીંગ કોલેજ કમ્પાઉન્ડમાં આવેલ અધિક્ષક ઈજનેરશ્રીની. (અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળની કચેરીની) દીવાલો ઉપર લગાવેલાં છે. તેમણે અનેક જૈન મિત્રોના સ્કેચ બનાવ્યા હતા એ બધા તો આજે મુંબઈ, કોલકત્તા અને મદ્રાસમાં લક્ષ્મીજીની અઢળક કૃપા વચ્ચે બેઠા છે. હા, હજુ આ સરસ્વતીનો પુત્ર ધ્રુજતા હાથે પણ કલમ પકડીને ચિત્રો દોરવા ઈચ્છે છે. ને ઘણીવાર ઊલટ આવી જાય તો મિમિક્રી ય કરવાનો પ્રયત્ન કરે... પણ હવે શરીર સાથ દેતું નથી... અર્ધાંગિની શારદાબહેનના મૃત્યુ પછી તો જાણે બધું એકાએક પૂરું થઈ ગયું હોય એમ લાગે છે. છતાં અંદરનો કલાકાર જીવતો છે.. એટલે એક તડપ અંદરથી ઊઠે છે... પણ કુંપળને ફૂટવાની હવે મોકળાશ ક્યાં?

**- કનુ આચાર્ય**

## સિંહગડ ઈન્સિટ્યુટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક 'રેલી ફોર રિવર'માં ભાગ લીધો



પૂણેના કેમ્પસથી સિંહગડ ટેકનિકલ એજ્યુકેશન સોસાયટીના વિદ્યાર્થીઓએ ભારતની જીવાદોરી બચાવવા માટે તેમની પ્રતિબદ્ધતા દર્શાવી છે – રિવર્સ. ઈશા ફાઉન્ડેશનની પૂણે ઓફિસ સાથે મળીને સંસ્થાઓની સાંકળે શહેરના કેમ્પસમાં રેલીઓ યોજી હતી.

આ કેમ્પેઈન વડગાંવ અને લોનાવાલા કેમ્પસ ખાતે આયોજીત થઈ જેમાં ૩૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઈશા ફાઉન્ડેશન દ્વારા પ્રોફેસર.એન.એમ.નવલે, ફાઉન્ડર પ્રેસિડેન્ટ, સિંહગડ ઈન્સ્ટીટ્યુટ, ને 'રેલી ફોર રિવર્સ'ના કેમ્પેઈન પર તેમના યોગદાન બદલ પ્રશંસાપત્ર આપવામાં આવ્યું હતું.

## શ્રેયાન ભટ્ટાચાર્ય અને અંજલી ગાયકવાડ સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ ૨૦૧૭ ના વિજેતા



આ વર્ષે હિન્દી ર્જીઝ પર નં. ૧ નોન–ફિક્શન શો તરીકે રિઆલિટી ટેલિવિઝન પર શાસન કર્યા પછી અને સુમધુર ગીતો તથા દર્શકોને દેશભરમાંથી સૌથી વધુ પ્રતિભાશાળી બાળ ગાયકોના ધમાકેદાર પરફોર્મન્સિસ વડે દર્શકોને ખુશ કર્યા પછી, ઝી ટીવીનો ટોપ રેટેડ સિંગિંગ રિઆલિટી શો સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ આ વીકએન્ડ પર ઉત્તેજનાત્મક સમાપન તરફ અગ્રસર છે. સિંગિંગ રિઆલિટી શોઝના પ્રણેતાએ, જયપુરમાં પુષ્કળ મોજ–મસ્તી અને ઊજવણીઓ વચ્ચે શ્રેયાન ભટ્ટાચાર્ય અને અંજલી ગાયકવાડને સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ ૨૦૧૭ ના વિજેતાનો તાજ પહેરાવ્યો છે.

પોતાના વિજય બાબતે બોલતાં, શ્રેયાન ભટ્ટાચાર્યએ કહ્યું, ''સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ મારા માટે ખૂબ જ શીખવનાર હનુભવ રહ્યો. મેન્ટર્સ તથા ગ્રાન્ડ જ્યૂરી સભ્યો અમારી સંપૂર્ણ મુસાફરી દરમ્યાન ખૂબ જ સપોર્ટિવ તથા અમારી પ્રતિભાને પ્રોત્સાહન આપનાર હતાં, અને આણે એક પરપરફોર્મર તરીકે મારી ક્ષમતાઓમાં સારો એવો ઉમેરો કર્યો હતો.''

અંજલી ગાયકવાડે કહ્યું, ''સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ જીતવાનું શમણું સાકાર થયાં જેવું છે.

## ૪ કરોડથી વધુ બાળકો સત્યાર્થીના કલાસમાં જોડાયા

જયપુર

તાજેતરમાંનોબલ શાંતિ પારિતોષિક વિજેતા, શ્રી કૈલાસ સત્યાર્થીએ જયપુરમાં અત્યાર સુધીનો સૌથી મોટો કલાસ લીધો હતો. જાતિય શોષણનાં જોખમો અંગે જાગૃતિ વધારવા અંગે તેમણે ડીએવી સેન્ટેનરી પબ્લિક સ્કૂલમાં ૧૫,૦૦૦થી વધુ બાળકો સાથે ૩૫ મિનીટ સુધી વાર્તાલાપ કર્યો હતો. એમાં ડીએવી સ્કૂલની વિવિધ શાખાઓમાંથી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સેશનમાં બાળકોને ભારતના બંધારણે આપેલા મૂળભૂત અધિકારો અંગે વાત કરવામાં આવી હતી. પોતાની જાતની સુરક્ષા માટે સારા સ્પર્શ-ખોટા સ્પર્શ વચ્ચેનો તફાવત સમજવા અને તે દ્વારા પોતાને તથા અન્ય બાળકોને શોષણથી દૂર રાખવા તેમજ નો ટચના સિધ્ધાંતને સમજવાની જરૂર અંગે વાત કરવામાં આવી હતી. શ્રી કૈલાસ સત્યાર્થીએ જણાવ્યું હતું કે "દુનિયા આજે અભૂતપૂર્વ ક્ષણની સાક્ષી બની રહેનાર છે, જ્યારે ભારતનાં ૪ કરોડથી વધુ બાળકો બળાત્કાર અને જાતિય શોષણ સામેના યુધ્ધમાં જોડાયા છે. તેમણે બાળકોની સલામતિ અંગેના સૌથી મોટા શિક્ષણમાં ભાગ લીધો છે.

## ખાસ ભારતિય ગ્રાહકો માટે સોની રજૂ કરે છે Xperia™ R1 Plus y™u Xperia™ R1

નવી દિલ્હી

મધ્યમ વર્ગના ગ્રાહકોની જરૂરિયાત પૂર્ણ કરવા માટે સોની ઈન્ડિયાએ આજે Xperia™ R1 Plus અને ઈ૧ ની રજૂઆત કરી છે. ઘણી આકર્ષક ઓફરો ધરાવતા આ સ્માર્ટ ફોનનું ઉત્પાદન ભારતમાં કરાશે. આ સ્માર્ટ ફોન સોનીની ભારતિય ગ્રાહકો માટેની નિષ્ઠા વ્યક્ત કરવામાં આગેવાની લેશે. આ બંને સમાર્ટ ફોનમાં 13.2cm (5.2) HD Display, 13MP Exmro સાથેનો ઓટોફોકસ કેમેરા ધરાવે છે અને મધ્યમ વર્ગના સ્માર્ટ ફોન ખરીદનાર ગ્રાહકો માટે તે અત્યંત યોગ્ય પસંદગી બની રહેશે. અપલીંક ડેટો કોમ્પ્રેશન (UDC), VoLte y™u 4G Broadcast સજ્જ



આ નવી ઓફર દ્વારા સોનીએ તેના ભારતના મધ્યમ સેગમેન્ટના સ્માર્ટ ફોનમાં ભારે મૂલ્યની રજૂઆત કરી છે, જે તેમની ભિન્ન પ્રકારની જીવનશૈલીને અનુકૂળ બની રહેશે. AndroidTM Oreo 8.0 અપગ્રેડનો વિકલ્પ ધરાવતા આ સ્માર્ટ ફોનનો તેના લેટેસ્ટ સ્વરૂપે ઉપયોગ કરી શકાશે.

## લેન્ક્સેસે નાગદામાં તેની સીએસઆર પહોંચ વિસ્તારી

અગ્રણી સ્પેશિયાલ્ટી કેમિકલ્સ કંપની લેન્ક્સેસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે તેની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિલિબિલિટીના ભાગરૂપ ત્રણ પ્રોજેક્ટો હાથમાં લઈને નાગદા અને આસપાસમાં સક્ષમ પર્યાવરણ નિર્માણ કરવા માટે વધુ એક મોટું પગલું લીધું છે. કંપનીએ નાગદા મહાપાલિકા સાથે સમજૂતી કરાર કર્યા છે, જેના હેઠળ તે મેહાતવાજમાં ઓવરહેડ પાણીની ટાંકીની જાળવણી, નાગદા મહાપાલિકા ઉદ્યાનનો વિકાસ અને જાળવણી, મેહાતવાઝ અને દુર્ગાપુરામાં સોલાર સ્ટ્રીટ લાઈટ્સની ગોઠવણી કરવા માટે કટિબદ્ધ છે.

આ જાહેરાત ગયા મહિના રજૂ કરાયેલા સીએસઆર પહોંચ પ્રોજેક્ટને પગલે પગલે છે, જેમાં લેન્ક્સેસ ઈ-લર્નિંગ ટૂલ્સ થકી નાગદા સરકારી કોલેજને અને સોનોગ્રાફી મશીન થકી નાગદા નાગરી હોસ્પિટલને ટેકો આપવા માટે વચનબદ્ધ છે.

નાગદા કોમ્યુનિટી હોલમાં આયોજિત સમારંભમાં ત્રણ વર્ષના સમજૂતી કરાર કરાયા હતા, જે સમયે મહાપાલિકાના અધ્યક્ષ અશોક માલવિયા, ખાચરોડ- નાગદા વિધાનસભા મતવિસ્તારના સભ્ય શ્રી દિલીપ સિંહ શેખાવત, લેન્ક્સેસ ઈન્ડિયાના સિનિયર એક્ઝિ ક્યુટિવ ડાયરેક્ટર નીલાંજન બેનરજી, લેન્ક્સેસ ઈન્ડિયા નાગદાના સાઈટ હેડ શ્રી સંજય સિંહ અને રાજ્ય તથા સ્થાનિક પ્રશાસનના અન્ય માનવંતા મહેમાનોનો સમાવેશ થાય છે.

## મીડિયા અને એન્ટરટેનમેન્ટ પાવરહાઉસ ઝી એક સાથે અસાધારણ એન્ટરટેનમેન્ટ હોવાની ખાતરી

મુંબઇ

વર્ષ અગાઉ, અગ્રણી વર્લ્ડવાઇડ મીડિયા અને એન્ટરટેનમેન્ટ જોડાણ, ઝી એન્ટરટેનમેન્ટ એન્ટરપ્રાઇઝ લિ. (રભભી) એ, ભારતનું પ્રથમ હિન્દી સેટેલાઇટ ટેલિવિઝન ચેનલ, રભભ ટીવી લોન્ચ કર્યુ હતું. ત્યારથી, ઝી ટીવી તમામ પ્રકારો, ભાષાઓ, અને મંચોની ક્ષમતાઓમાં વિષયવસ્તુ નિર્માણમાં મીડિયા અને એન્ટરટેનમેન્ટ પાવર હાઉસમાં વિસ્તાર પામતું રહ્યું છે. આ યાદગાર ક્ષણનું સંસ્મરણ કરતાં, રભભી આજે પોતાની નવી નકોર આઈડિ યોલોજી અને હેતુ ''એક્સ્ટ્રાઓર્ડિનરી ટુગેધર'' અનાવરિત કરે છે જે સાધારણમાંથી અસાધારણ સુધી પહોંચવા પ્રેરીત કરે તેવા દ્રષ્ટિકોણ સાથે અસાધારણ મનોરંજની રચના કરવા અનુ અનુભવવા દ્વારા દુનિયાભરમાં એકીકૃત બ્રાન્ડ અનુભવ પૂરો પાડે અને ઉપભોક્તાઓને આનંદ પમાડે. ઝીની નવી કોર્પરેટ બ્રાન્ડ આઇડિયોલોજીને વિસ્તારપૂર્વક સમજાવતાં, ZEELના MD અને CEO, પુનિત ગોયન્કાએ કહ્યું, ''અમારા ચેરમેન, ડો.સુભાષ ચંદ્રાનો દ્રષ્ટિકોણ અને પાયોનિયરિંગ પ્રયાસોએ ૨૫ વર્ષ અગાઉ દેશમાં ક્રાન્તિ આણી હતી. વખત વીતવાની સાથે, ઝી ટેલિવિઝન બ્રોડ કાસ્ટરમાંથી પ્રસારણથી લઇ સંગીત, મૂવીઝ, ડિજિટલ, લાઇવ એન્ટરટેનમેન્ટ અને થિયેટરસુધીના દુનિયાભ રના દર્શકો માટે તમામ પ્રકારના વ્યાપમાં મનોરંજનની અસાધારણ રેન્જ પૂરી પાડી મીડિયા અને એન્ટરટેનમેન્ટ મંડળ તરીકે ઉપસી આવ્યું.

## હવે વરૂણ ધવનની ફિલ્મની રજૂઆતની તારીખ બદલાઇ

મુંબઇ

બોક્સ ઓફિસ પર જુડવા-૨ ફિલ્મની જોરદાર સફળતા બાદ હવે વરૂણ ધવન ફરી પોતાની નવી ફિલ્મને લઇને આશાવાદી છે. તેની આગામી ફિલ્મનુ નામ અક્ટુબર રાખવામાં આવ્યુ છે. જે સુજિત સરકાર દ્વારા બનાવવામાં આવી છે. કેટલાક દિવસ પહેલા વરૂણે ટ્વીટ કરીને માહિતી આપી હતી કે તેની ફિલ્મ આગામી વર્ષે પહેલી જુનના દિવસે જારી કરવામાં આવનાર છે. વરૂણે ટ્વીટ કરીને કહ્યુ છે કે આ ફિલ્મની રજૂઆતની તારીખ હવે બદલવામાં આવી રહી છે. હવે આ ફિલ્મને પહેલી જુનના બદલે ૧૩મી એપ્રિલના દિવસે રજૂ કરવા માટેની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. વરૂણે પોતાના ટ્વીટમાં કહ્યુ છે કે ઓક્ટોબર મહિનાની પુર્ણાહુતિ થઇ રહી છે. આ ફિલ્મ હવે ૧૩મી એપ્રિલના દિવસે રજૂ કરવામાં આવનાર છે.ફિલ્મમાં પ્રથમ વખત વરૂણધવન સુજિત સરકારની ફિલ્મમાં કામ કરી રહ્યો છે. વરૂણ અને સુજિત આ ફિલ્મમાં કામ કરવાને લઇને આશાવાદી છે. ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે બંટિયા સંધુને લેવામાં આવી છે. આ ફિલ્મની પટકથા જુહી ચતુર્વેદી દ્વારા લખવામાં આવી છે. આ ફિલ્મ એક લવ સ્ટોરી ફિલ્મ છે. વરૂણ ધવનની ફિલ્મને લઇને તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

### ન્યુટ્રીશીયસ ઉત્તપમ :

**સામગ્રી :** ૨ કપ બોઈલ્ડ ચોખા, ૨ ટી.સ્પૂન આદુ મરચાંની પેસ્ટ, ૧-૨ કપ દહીં, નમક, તેલ જરૂર મુજબ.

**રીત :** ચોખાને ૮-૧૦ કલાક પલાળી રાખો અને મગ દાળને ૨-૩ કલાક પલાળી રાખો. પછી બંનેને અલગ અલગ પીસી નાખો અને મીકસ કરી લો. ત્યારબાદ તેમાં આદુ મરચાંની પેસ્ટ, દહીં, નમક નાખી સારી રીતે મીકસ કરીતેને એક કલાક રહેવા દો. ત્યારબાદ નોનસ્ટીક તવી પર એકદમ ઓછું તેલ લઈ તેના પર ઉત્તપમ પાથરો અને બંને બાજુ પકાવી સોસ અને લીલી ચટણી સાથે તેને ગરમાગરમ સર્વ કરો. તમે ઈચ્છો તો પાલક તથા કોથમીર નાખી શકો છો.

**ટ્રાય કલર ઉત્તપમ : સામગ્રી** : ૪ કપ બોઈલ્ડ ચોખા, ૧ કપ અડદની દાળ, નમક, ૩ નં. ઝીણા સમારેલા કેપ્સીકમ, ૩ કપ અમેરીકન કોર્નના દાણા, ૨ ટી.સ્પૂન આદુ મરચાંની પેસ્ટ ૨ ટે.સ્પૂન કોથમીર સમારેલી, તેલ. રીત : ચોખા તથા અડદની દાળને ૮-૧૦ કલાક પલાળી લો. ત્યારબાદ તેને બારીક પીસી નાખો. તેને ૮-૧૦ કલાક ફર્મેન્ટેશન માટે રાખી દો. ત્યારબાદ તેમાં ક્રશ કરેલીઆદુ મરચાની પેસ્ટ, કોથમીર તથા નમક નાખી મીકસ કરો. હવે નોનસ્ટીક તવી પર ૫-૬ ઈંચના ડાયામીટરનું ઉત્તપમ પાથરો. તેના પર તરત જ વચ્ચે કોર્નના દાણા ઉભી ડિઝાઈનમાં દબાવીને પાથરો. તેની એક તરફ કેપ્સીકમ દબાવીને પાથરી દો. અને તેને ચારે તરફ તેલ મુકી બંને બાજુ પકાવી કોપરાની ચટણી સાથે સર્વ કરો.



# દરેક સ્ત્રી કે પુરુષના સ્વભાવ સરખા ના હોય

## નારી ચેતના

બીજાના સ્વભાવને જાણવાની વાત સમજાવવા કૌરવો અને પાંડવોને યાદ કરું, દુર્યોધન અને શકુનીને સંપૂર્ણ જોઈતું હતું, તે જાણતાં કે, પાંડવો ધર્મને વરેલા છે. શકુની અનેકવાર કાવાદાવા કરે છે. પરિણામે યુધિષ્ઠિર જાણવા છતાં, તેમાં ફસાય છે. અર્જુન અને ભીમ શક્તિશાળી હતા છતાં વિવશ રહે છે. યુધિષ્ઠિર પાસે શ્રેષ્ઠ શાસનની કુનેહ હતી છતાં, લાચાર બને છે. ધર્મને અનુસરવાના સ્વભાવનો શકુની અને દુર્યોધને અતિશય દૂરઉપયોગ કર્યો.

એવું જ ૨૦૦૪થી ૨૦૧૪માં જુઓ. ડૉ. મનમોહનસિંહ અર્થશાસ્ત્રના નિષ્ણાંત. તેઓએ નાણાંમંત્રી રૂપે ઘણાં સારા કામ કર્યા. પણ, તેઓના સ્વભાવનો ઉપયોગ સોનીયા ગાંધીએ કર્યો. જે ખૂબ જાણીતી વાત બની.

રાજનીતિ, ફિલ્મ ઉદ્યોગ, ક્રિકેટ જગત, કે કોર્પોરેટ ક્ષેત્ર લો. તમામ ક્ષેત્રે બીજાના સ્વભાવના ગુણોનો ઉપયોગ થાય છે. તો ઊલ્ટું તમારા સંબંધમાં રહેલી વ્યક્તિઓના સ્વભાવ વિશે જાણો. તો, તમે એના કાવાદાવાથી બચી શકો. જો એવી વ્યક્તિથી સંબંધની શરૂઆત છે તો, તમારો વપરાશ થતો રોકી શકો.

આવો સ્વભાવ વિશે જાણીએ. મનોવિજ્ઞાનમાં અભ્યાસનો વિષય પર્સનાલિટી છે. પર્સનાલિટીનું ગુજરાતી વ્યક્તિત્વ થાય. પરંતુ, મોટાભાગે સ્વભાવ શબ્દ જ બોલાય છે. વ્યક્તિત્વ વિશે અનેક અભ્યાસ થયા છે. કપરી, પ્રપંચી, શરમાળ, વિનોદી, પ્રેમાળ, ગુસ્સાવાળો, ઈર્ષાળુ, ઓછાબોલ, એકલપેટો, ઘાતકી, ગુંડાજેવો, ધર્મિષ્ટ, નાસ્તિક વગેરે શબ્દો લોકો બોલે છે. ટ્રાફીક પોલીસ બેફિકરું વાહન ચલાવનારને પકડે છે. પોલિસકર્મી કેટલાંક લોકોના હલનચલન કે ચહેરાને આધારે શક કરે છે. ફિલ્મ ઉદ્યોગમાં ચહેરાને વ્યક્તિત્વ સાથે સંકળાતુ. અભિનેતા રહેમાનનો ચહેરો કાવાદાવાની ભુમિકાને યોગ્ય હતો. એટલે સુધી કે સંવાદ રહેમાનની બોલી મુજબ ફરીથી લખાતા. પણ, એ ભૂમિકા રહેમાનને જ અપાતી.સ્પષ્ટતા કરવાની; ચહેરાને સ્વભાવ સાથે કોઈ સંગતતા નથી. એવી જ રીતે કોઈ વ્યક્તિ વક્તવ્ય દરમિયાન વારંવાર વિનોદ કરે એટલે તેનો સ્વભાવ નક્કી ના થાય. કોઈ ગાયકના સ્વરમાં પ્રેમ સંભળાય એટલે એ પ્રેમાળ ના કહેવાય. એ બધા તેઓના ગુણ કહેવાય. તેઓની વહેવારું બુદ્ધિ કહેવાય પણ, સ્વભાવ ના કહેવાય, ચાલો ધારીએ પ્રેમલ પ્રેમાળ પુરુષ છે. એ સ્ત્રીને ગમશે. સંબંધની શરૂઆતમાં એ ખૂબ જ પ્રેમાળ વર્તન કરશે. પણ, લગ્ન થયા પછી પ્રેમ હવા થઈ જશે. તેને કારકિર્દી બનાવવી પડશે. તેને જવાબદારી લેવી પડશે. આમ, એવા શબ્દોથી માણસના સ્વભાવની વ્યાખ્યા ના કરાય.

પણ, પાંડવોની વાત કરી એમ સમગ્ર જીવન ધર્મને જ અગ્રીમતા આપનાર હોય. ડૉ. મનમોહનસિંઘની જેમ ઊપરીના આદેશ અનુસરનાર શ્રેષ્ઠ મેનેજર બની શકે. પણ, એ ક્યારેય સર્વોપરી નેતા ના બને. એ તેઓનો સ્વભાવ છે. અહીં, ધર્મ શબ્દનો અર્થ કરું. ધર્મ એટલે ફરજ, તમારા મનનો અવાજ કહે તેમ કરવું. ભાવનાઓ, સંબંધ કે મોહથી અલગ રહેવું. જે સ્વભાવ છે. જેને અંગ્રેજીમાં કોન્શાયન્ટિયસ પર્સનાલિટી કહે છે.

વ્યક્તિત્વ વિશે અનેક મનોવિજ્ઞાનિઓએ વ્યાખ્યા કરી. જેમાંથી, હું અમેરિકા મનોચિકિત્સક જહોન ઓલ્ધામની વ્યાખ્યાને ટાંકું છું.

''વ્યક્તિત્વ એવો પાયલોટ છે જેઆપણને જીવનભર વખતે માર્ગદર્શન કરે છે.'' સ્વભાવ કે વ્યક્તિત્વ વિશે જાણીએ, તો સાથે સાથે વ્યક્તિત્વને ઘડનાર પરિબળો વિશે જાણવું પડે. સાથે સાથે વ્યક્તિત્વના વિકાર વિશે જાણીએ. વિકાસ અને વિકાર વચ્ચેનો ભેદ અને થવાના કારણો જાણીએ. વર્ષોથી મનાય છે કે, વ્યક્તિત્વ વારસાગત છે.

# બાળકોનાં ઉછેરમાં દાદા દાદીનું મહત્વ



## બાળ ઉછેર

બાળકનો ઉછેર એ ખુબ જ કાળજી માગી લે તેવો વિષય છે. એક સ્વીચ પાડીને થઈ જતો નથી. મા બાપ બનવું સહેલું છે પણ માબાપ બનીને બાળકની સાચી પરવરીશ કરવી એટલી જ અઘરી છે. પહેલાના જમાનામાં સંયુકત કુટુંબ હતા ત્યાં બાળકનો ઉછેર દાદા દાદી પાસે થતો હતો. કાકા, કાકી, ફોઈ ફુઆ બધાં હતા. આ બધાની વચ્ચે બાળક કયાં મોટા થઈ જતાં તેની ખબર પણ પડતી નહોતી. એમાં પણ દાદા-દાદી સાથે બાળક સૌથી વધારે સમય રહેતાં.

દાદા-દાદી પાસે બાળક તેમના અનુભવોની વાર્તા સાંભળે પણ ખબર હોય કે બાળકને કેવી રીતે હેન્ડલ કરાય ? તેઓ બાળકને નાની નાની વાર્તાઓ દ્વારા શીખ અને સંસ્કારોનું સિંચન કરે માબાપ જયારે બાળકોને જન્મ આપે છે ત્યારે તેમનો પતિ-પત્નીમાંથી મા બાપ તરીકેનો પણ નવો જન્મ હોય છે. તેમના માટે એકલા હાથે બાળઉછેર કરવો મુશ્કેલ બને પણ જયારે દાદા-દાદી હોય તેમને બાળકોનાં ઉછેરનો પુરતો અનુભવ હોય એટલે તેઓ વધુ સારી રીતે ઉછેર કરી શકે છે. ખાસ કરીને જયારે બાળક બીમાર પડે કે તેને કોઈ તકલીફ થાય ત્યારે માબાપ ગભરાઈ જાય છે તેમને ખબર નથી પડતી કે શું કરવુ ? તેવામાં દાદા દાદી પોતાના અનુભવનાં નુસખાના આધારે તેનું સોલ્યુશન કાઢે છે. કેટલીક વાર જે અસર દવાથી ન થાય તે દાદા દાદીના નુસખાથી જ થાય છે. એક ગુજરાતી કહેવત પ્રમાણે દાદા-દાદીને પણ મુડી કરતાં વ્યાજ વધારે વહાલું હોય છે. પોતાનાં સંતાનો અને તેની બીજી પેઢી માટે દાદા-દાદીને અંતરથી જ એક આકર્ષણ હોય છે. તેમનો પડયો બોલ ઝીલી તેના માટે દાદા ઘોડો પણ બની જાય છે અને તેને પુરતું પોષણ મળે તે માટે નીત નવીન અખતરા કરી પોષક આહાર ખવડાવતાં હોય છે. તેમનાથી બનતું બધું તે આ પેઢી માટે કરી છુટે છે.

આજે જયાં ન્યુકલીયર ફેમીલી જોવા મળે છે ત્યાં બાળકોનાં ઉછેરમાં આ વાતની કમી રહી જાય છે. એમાં પણ જો માબાપ બંને જોબ કરતાં હોય તો બાળકો કેરેટેકરનાં ભરોસે જ હોય છે.

જે પ્રેમ અને હુંફ પોતાનાં લોહીનાં સગાં પાસે મળી રહે તે કેરટેકર પાસે ગમે તેટલા નાણાં વેરવા છીતાં નહીં મળી શકે. એટલે જો બની શકે તો તમારા બાળકના આંતરિક વિકાસ માટે પણ તેમને દાદા-દાદીની હુંફ જરૂર પુરી પાડજો.

**મોક્ષદા વ્યાસ**

## રસથાળ

### કાકડી ઉત્તમપમ

**સામગ્રી :** ૧ કપ રવો, ૩ નં.કાકડીનું ખમણ, ૧ કપ લીલા વટાણાં ક્રશ કરેલા, ૩-૪ નંગ મરચાં ક્રશ કરેલાં, ૧ ટી.સ્પૂન જીરૂ, નમક, દહીં ૧ કપ, થોડું ગરમ પાણી તેલ.

**ચટણી માટે :** ૧ ટીસ્પૂન અડદની સફેદ દાળ, ૧ ટી.સ્પૂન રાઈ, ૧૦-૧૨ ઝીણાં સમારેલાં મીઠાં લીમડાના પાન, ૧ કપ નાળીયેરનું ખમણ, ૨-૩ લીલાં મરચાં, ૧-૨ કપ કોથમીર, નમક, ૧-૨ કપ દહીં.

**રીત** : રવાને કડાઈમાં કોરો શેકી લેવો ત્યારબાદ તેમાં દહીં તથા થોડું ગરમ પાણી નાખી તેને મીકસ કરી ૩-૪ કલાક રહેવા દેવું. તે પછી તેમાં લીલાં મરચાં, જીરૂ, કાકડીનું ખમણ ક્રશ કરેલા વટાણા, નમક, નાખી મીકસ કરો અને તેના નોનસ્ટીક તવીમાં તેલ મુકી નાના નાના ઉત્તપમ ઉતારો.

**ચટણી માટે** : નાળીયેર ખમણ, લીલાં મરચાં તથા કોથમીર નમક, દહીં મીકસ કરી તેની મીકસરમાં પેસ્ટ બનાવો. હવે ૨ ટી.સ્પૂન તેલમાં અડદની દાળ, રાઈ, લીમડાના પાન તતડાવી તે વઘાર ચટણી પર રેડી દો. પછી મીકસ કરી તે ચટણી ઉત્તપમ સાથે સર્વ કરો.

### ફરાળી ઉત્તપમ

**સામગ્રી** : ૧-૨ કપ શીંગોડાનો લોટ, ૧-૨ કપ મોરૈયાનો લોટ, ૧કપ સાબુદાણા, ૨ટી.સ્પૂન આદુ મરચાંની પેસ્ટ, ૨ ટી.સ્પૂન કોથમીર, ૧ કપ ખાટું દહીં, ૧-૪ શેકેલા સીંગદાણાનો અધકચરો પાઉડર, તેલ.

**રીત** : સાબુદાણા ધોઈ લો અને પછી તેને દહીંમાં પલાળી રાખો. તેની સાથે જ શીંગોડાનો લોટ, મોરૈયાનો પાવડર પણ નાખી દો. અને જરૂર પુરતું પાણી નાખી તેને પલાળીને ૨ કલાક રાખી મુકો. ત્યાર પછી તેમાં સીંગદાણા, આદુ મરચાંની પેસ્ટ, નમક, જીરૂ, પાઉડર મીકસ કરો. જરૂર લાગે તો ફરી થોડું પાણી ઉમેરી તેનો બેટર બનાવી નોનસ્ટીક તવી પર તેમાંથી ઉત્તપમ પાથરો અને તેના પર મરી પાઉડર નાખો. તેલ મુકી ધીમા તાપે બંને બાજુ થવા દો. આ રીતે બધા ઉત્તપમ બનાવી લો અને તેને ફરાળી ચટણી સાથે ગરમા ગરમ સર્વ કરો.

ફરાળી ચટણી : ૧ કપ નાળીયેર ખમણ, ૧ ટે. સ્પુન આદુ મરચાં, નમક, ૧ ટે.સ્પૂન કોથમીર, ૧-૪ કપ દહીં, ખાંડ મીકસ કરી તેને મીકસીમાં પીસી નાખો. તેના પર જીરૂ, લીમડાનો વઘાર રેડી સર્વ કરો.

# વિનુ મને અડમા

## આગ ભીતર ભીતરની

**રેણુ વિષ્ણુકુમાર બારોટ**

અપડાઉન કરતો હતો. .અમદાવાદની નોકરી હતી અને ઝુલાસણ નામના ગામડાની છેવાડે મકાન હતું. રાત્રે એકસપ્રેસ દસ વાગ્યાનો આસપાસ આવતો. .જો કે એનો હોલ્ટ ન હતો પણ રોજ ચેઈન ખેંચાતી અને ઉતરનારા ધબાધબ ઉતરતા એ ઝડપથી પાટા ઓળંગી આગળ વધી જતાં. કયારેક સ્ટેશનના ગેટથી તો કયારેક ફ્રેન્સ કુદી પડતા આમ તો સ્ટેશને પોલીસ સ્ટાફ રહેતો પણ કોણ કોને પકડે ? ઘણી વાર આ મામલે છેક ઉપર સુધી ફરીયાદો થઈ હતી. ફળ સ્વરૂપ થોડાક દિવસ કલોલથી સીધો એકસપ્રેસ છૂટે અને આંબલીયાસણ લઈ જવાતો.. એ દિવસે બધા હેરાન થતા.. હું કેમ ન હોઉં..

એકવાર તો સત્તાવાળાઓએ સ્ટોપેજ કાપી નાખતાં મહેસાણા સુધી લાંબા થવું પડયું હતું.

હું ઉતરતો રાત્રસ જામતી હોય તે ઉનાળો હોય, ત્યાં સુધી ઠીક રહેતું. શિયાળો અને ચોમાસામાં ભારે થતી.. શિયાળામાં ઠંડી અનેકુતરાંનો ત્રાસ ચોમાસામાં વરસાદ અને કીચડનો ત્રાસ.

મારૂં ઘર માઢની બીજી તરફ હતું. વચ્ચે આંબલીના વૃક્ષોના ઝુંડ હતાં. સુકું ઘાસ અને કોઈનીયે મહેનત વિના બારમાસીના છોડ હતા. વચ્ચે કેડી હતી. હું એના પર ચાલતો આકાશમાં ચાંદ હોય ત્યારે કશી સમસ્યા ન હતી પણ જ્યારે ચાંદ ન હોય ત્યારે પંચાયતનો પીળો ગોળો પુરતો ન હતો.એ ઘર માસીનું હતું.માસીએ મને છેક બાળપણથી ઉછેર્યો હતો.. અમદાવાદમાં નોકરી મળી ત્યારે મેં માસીને કહ્યું હતું. ચાલ તું અનેહું અમદાવાદમાં ભાડે રહીશું.

ના,અમદાવાદમાં રહેવાનું હું ઈચ્છતો નથી. મને એ ધુળ જેવું અને વાહનોથી સતત ધડમધડા વાળું કશું ગમતું નથી. અહીં જ રહીશ, હા અને તું ઈચ્છે તો અપડાઉન કરજે, આપણા ટેશનેથી અમદાવાદ ઘણી ગાડીઓ જાય છે. ગાડીનો પાસ કઢાવી લેજે માસીએ કહ્યું.

હું માસી સામે જોઈરહ્યો.

તારા માટે હું સવારે વહેલી ઉઠીને ટીફીન બનાવી દઈશ.. બોલ..અને મેં હા પાડી હતી..

ના હું માસીને છોડવા તૈયાર હતો.. ના એકલો અમદાવાદ રહેવા માગતો હતો.મારી વાત હતી.

પછી પાસ કઢાવેલો અને અપડાઉન ચાલુ કરેલો..

માસી કહેતી તને ફાવે છે ! હોવે.. અને એ પ્રમાણે ઘરેડમાં હતો..સવારે દિલ્હી મેલમાં જતો અને સાંજે લોકલ મળે તો લોકલ કે એકસપ્રેસમાં પાછો ફરતો..

જીંદગી હતી.. માસી એક દિવસ અમદાવાદ હતો ત્યારે મરણ પામી હતી.. મને ઓફિસમાં હતો ત્યારે સમાચાર મળ્યા હતા.. સવારે ગયો ત્યારે સાજી સમી હતી અને સમાચાર મળ્યા અને તાબડતોબ ઘરે પહોંચ્યો ત્યારે માસીની લાશ હતી. શું થયું એની ખબર ન હતી.

એ પછી એકલો પડી ગયો હતો.કયારેક વહેલો ઉઠીને ભાખરી બનાવતો તો કયારેક એમને એમ નીકળી પડતો.. માસી જીવતી હતી ત્યારે ઈચ્છતી હતી કે મારા લગ્ન થઈ જાય પણ માસી ગઈ અને તમન્ના પણ જાણે ગઈ.

રોજ રાત્રે ઘેર વળતો..

છેલ્લા કેટલાક દિવસથી વિચિત્ર અનુભવ થતો હતો. હું જેવો આંબલીના વૃક્ષોના ઝુંડ નીચેથી જતો હતો ત્યારે મારી પાછળ કોઈ આવતું હોય એવો અણસાર આવતો પણ પાછું વળીને જોવાની હિંમત થતી નહીં. હા મોંઢે ભગવાનનું નામ આવી જતું અને પસાર થવાની ગતિમાં વધારો કરતો. સીધો ઘેર આવી તાળું ખોલી અંદર પ્રવેશી બારણે સ્ટોપર ચડાવી દેતો.

છેલ્લા કેટલાક દિવસથી આવું થઈ રહ્યું હતું. મને થતું મારે વહેલા આવી જવું જોઈએ પણ એ શકય ન હતું. રોજ કંઈકને કંઈક બાબતે મોડું થઈ જતું..આ મામલે મેં મારા ઘર નજીક રહેતા ભુદરકાકાને પુછેલું.. અત્યાર સુધી મને એવો અનુભવ તો નથી પણ તારે બીવું નહીં, કદાચ..

શું કદાચ ?મેં પુછેલું ભુદરકાકાએ જવાબ ન આપ્યો.

હવે તો જાણે આખો દિવસ એ બાબત જ મારા માનસ પટ પર સવાર રહેતી.

અરે અમદાવાદ ખાતેની ઓફિસમાં મિત્રોની સાથે આ બાબતે ચર્ચા કરતો ત્યારે મારા મીત્રો હસી પડતા. અલ્યા આવડો મોટો થયો જમાનો આગળ વધ્યો છે.. ત્યારે તું ભુતની કલ્પના કરે છે. તારા મનનો વહેમ છે બાકી કંઈ નહીં. તારે એવું જણાય તો પાછા વળીને જોઈ લેવું.

મિત્રો કહેતા.. પણ પાછા વળીને જોવાની હિંમત ચાલતી નહીં.. પણ પચાસ ડગલાનું જ અંતર હતું..


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# 'અરવલ્લી'ની ઊંચાઈ અને 'હાઈન્કા'ના હાર્દ સમી બહુમુખી પ્રતિભાને ઉજાગર કરતો ગ્રંથ

## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

કોઈ પણ સર્જક માત્ર એક સરેરાશ વ્યકિત નથી. કેટલીય સંવેદના અને વેદનાનો એક સમૃધ્ધ ભાવપિંડ હોય છે.તે જાણ્યે - અજાણ્યે કેટલાયં પરિબળોને ચિત્તમાં જીલે છે.સંવેદે છે, સેવે છે, પ્રત્યેક પરિસ્થિતિ અને પરિવેશ વડે અનાયાસ જ પોતાના આંતરસંવિદ્ને સમૃધ્ધ કરતો રહે છે.કેટલીક જન્મદત્ત પ્રતિભા અને કેટલીક મથામણ પછી શબ્દ જન્મતો હોય છે.- સર્જનાત્મક શબ્દ. આ રીતને ચળાઈને, રસાઈને, ઘડાઈને,ઘૂંટાઈને આવતો શબ્દ કલા છે.શબ્દ બ્રહ્મ બને છે. તજજન્ય રસાનંદ બ્રહ્માનંદ સહોદર હોય છે.આપણે ઉપલબ્ધ શબ્દનો મહિમા કરીએ છીએ .કિન્તુ શબ્દનો સાક્ષાતકાર કરનાર સર્જકના ચીત્તમાંથી કેટલીક ક્રિયા-પ્રક્રિયા પછીની એ પરમ કે ચરમ પરિણતિ હોય છે.આમ તો આપણે કૃતિ કે આકૃતિનો જ મહિમા કરતા હોઈએ છીએ.પરંતુ તદ્ નિમિતે સર્જકના ભાવ વિશ્વના ખંડ-ઉપખંડમાં વિરહવું અત્યંત રોચક બની રહે.કેમ કે શ્રષ્ટા અત્યંત તરલ લવચિક છતાં ભાવ પ્રણવ ઘટન -વિઘટનનો તેજસ્વી પૂંજ છે.સર્જનની પ્રક્રિયાને પૂર્ણતયા સમજાવવી કપરી છે, સર્જકના ચિત્તમાં જીવનશૈલીમાં, ઘડતરમાં પ્રાપ્ય પરિવેશમાં, અનીતમાં, અનુભવમાં ડોક્યુ કરવાથી કિંચિત એની અડોઅડ આવ્યાનો અહેસાસ થાય પણ ખરો.આ સંદર્ભે સર્જકની વાંડ'મય પ્રતિભાને એમના જીવન વડે પામવાના પ્રયાસમાંથી બહુ આયામી પરિણામો ને પરિમાણો પ્રાપ્ત થાય છે.

છતાં એક સર્જક માટે 'ગામડું,પાદર, શેરી, વનરાજી, પશુપંખીઓ, તળાવ, શેઢા, ખેતી, તૂટેલાં છાપરાંવાળી નિશાળ, ગોઠિયાઓ, ધૂળ- ઢેફાં ને માટીનો અસબાલ... માનવ ઘડતર માટે આ બધી દુનિયા એને પોતાની અંદર ડોકિયું કરવાની તકો પુરી પાડતી હોય છે.' એમ જેના વિશે ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કહે છે એવા સર્જન ચેતનાના આવિષ્કારની સર્જક પ્રતિભાને - શબ્દ પ્રતિભાને નાણવા અને માણવા તેમજ વ્યક્તિ મુદ્રો સમગ્રતયા ઉજાગર કરવાનો એક સુંદર પ્રયાસ કરવામાં આવેલો તેના પરિણામ સ્વરૂપ પ્રગટેલ ગ્રંથ આજે આપણી સામે છે.

'કિશોરસિંહ સોલંકી શબ્દ અને સર્જક' ગ્રંથમાં તેના બંને સંપાદકો ૧, નરેશ શુક્લ, ૨, નિસર્ગ આહિરે કિશોરસિંહ સોલંકીના વિવિધ પુસ્તકો પર થયેલા સમીક્ષા લેખો, અવલોકનો, આસ્વાદો, અને અભિપ્રાયોને પ્રથમ વિભાગમાં સમાવ્યા છે. તો બીજા વિભાગમાં કિશોરસિંહ સોલંકીના સંપર્કમાં આવેલા વિદ્યાર્થીઓથી માંડીને ગુજરાતની ખ્યાતનામ હસ્તીઓ


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# પત્નીને તારીફથી તરબતર રાખે એ ખરો પતિ

## નારી

પોતાની પ્રશંસા સાંભળવાનું કોને ન ગમે ? તેમાં પણ જો પતિ તારીફ કરે તો પત્નીના પગ જમીનથી બે વેંત અધ્ધર થઈ જાય. તેના થાકેલા, તનમનમાં નવા જોશ, ઉત્સાહનો સંચાર થઈ જાય, તેથી દરેક પતિએ તેની પત્નીની આવડત અને સુંદરતાની પ્રશંસા કરવી જોઈએ. મનોવૈજ્ઞાનિકો કહે છે કે સામાન્ય રીતે પત્નીઓ જ પતિની પ્રશંસા કરતી જોવા મળે છે. પરંતુ મનમાં તેઓ પતિના મોંઢે પોતાના વખાણ સાંભળવાની આશા અચુક રાખે છે.

સુલોચના ઘર સંભાળવા સાથે ઘરમાં બેસીને જ થોડી આવક પણ ઉભી કરી લે છે. બાળકો નાના હોવાથી તેમને નોકરીના ભરોસે મુકીને નોકરી કરવાનું ઈચ્છતી સુલોચના ઘરમાં રહીને શેરમાર્કેટનું કામ કરી થોડા નાણાં રળી લે છે. આમ કરવાથી પતિ, સંતાનો અને ઘર સરસ રીતે સચવાઈ જાય છે. તેનો પતિ અવારનવાર તેને કહે છે આટલું બધું કામ તું એક સાથે શી રીતે કરી શકે છે ? તારા સ્થાને હું હોઉં તો કદાચ આ બધું એક સાથે ન સંભાળી શકું.

પતિના આ બે વાકય સુલોચનામાં નવા ઉમંગનો સંચાર કરે છે. તે પતિને ખુશ રાખવાનો વધુ પ્રયત્ન કરે છે. આવી જ કહાણી સંધ્યાની પણ છે. સંધ્યા સંયુકત કુટુંબમાં રહે છે. તેથી નોકરીજાય છે ત્યારે તેના પુત્રને નોકરોના ભરોસે છોડવાની જરૂર નથી પડતી પરંતુ તેના વૃદ્ધ સાસુ તેને ઘરકામમાં મદદ નથી કરતા. જો કે સંધ્યા કહે છે મારો દીકરો તેના દાદીની સ્નેહછાયામાં ઉછરે છે તેનાથી રૂડું શું ? વળી તેઓ પુરાણા વિચારોના નથી. સમય સાથે તેમણે પણ પોતાના વિચારોમાં પરીવર્તન કર્યું છે તેથી હું ઘેર જઈને ઝપાટાભરે શકય તેટલું કામ આટોપી મારા પુત્રને ભણાવવા બેસું છું. ત્યારે મારા પતિ બાકી રહી ગયેલું કામ પુરૂં કરી નાખુ છે. તેઓ કહે છે કે હું નોકરી અને ગૃહકાર્ય કરવા સાથે અમારા પુત્રના શિક્ષણ પ્રત્યે પણ વ્યક્તિગત રીતે ધ્યાન આપું છું.એ કાબીલે તારીફ છે. જો હું તેના શિક્ષણનો પાયો મજબુત કરૂં છું તો એ ઘરનું કામ કેમ ના કરી શકું ? મારી સાસુને પણ આ વાત સુપેરે સમજાય છે તેથી તેઓ પણ કયારેય એમ નથી કહેતો કે હું તેમના પુત્ર પાસેથી ગૃહકાર્ય કરાવું છું. આપણે ત્યાં ગૌરી ત્વચાને સુંદરતાનો માપદંડ ગણવામાં આવે છે પરંતુ ઉજળા વર્ણની યુવતીના નાકને પણ આકર્ષક ન હોય, તેનું વ્યક્તિત્વ પ્રભાવશાળી ન હોય,

# વધતી ઉંમરની ચાડી ખાતાં અંગોનું સૌદર્ય જાળવી રાખવાના ઉપાય

## રૂપના રખોપા

રૂટિન સૌંદર્ય ઉપચારમાં ઘણી વખત અજાણતા જ આપણે શરીરના અમુક અંગોની અવગણના કરીએ છીએ જેની આપણને ખબર પણ નથી પડતી. પરિણામે શરીરનું એ અંગ ઉંમર થતાં પહેલાં જ વૃધ્ધ થવા લાગે છે. જ્યારે અકાળે ત્વચા પર કરચલીઓ દેખાવા માંડે ત્યાં સુધીમાં તો ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. શરીરના કયા ભાગમાં વૃદ્ધત્વ સૌથી પહેલાં દેખાવા માંડે છે અને એ અંગોની કાળજી કઈ રીતે રાખવી એ વિશે અહીં થોડી માહિતી આપી છે.

દાંત તમારી ઉંમરનું રહસ્ય ખોલે છે. જેમ જેમ ઉંમર વધતી જાય છે. તેમ દાંતના રંગ પીળો પડતો જાય છે. તેના આકાર-પ્રકારમાં પણ ફરક પડવા માંડે છે. નિષ્ણાતોના મત મુજબ યુવાવસ્થામાં દાતં સફેદ, ચમકદાર, સાફ અને ધારદાર દેખાય છે. પરંતુ ઉંમર વધવાની સાથે તેની સફેદી અને ચમક ઓછી થવા માંડે છે. તેમજ પેઢાને લગતી સમસ્યાઓ પણ ઉદ્ભવવા માંડે છે.

દાંતની મજબૂતીને તમે ઉંમર વધવાની સાથે વધારી નથી શકતા, પરંતુ શરૂઆતથી જ તેની યોગ્ય રીતે દેખભાળ કરવામાં આવે તો તે વૃદ્ધાવસ્થા સુધી સ્વસ્થ બની રહેશે. પેરોક્સાઈડ બેઝડ વ્હાઈટનર તમારા દાંતને સફેદ અને ચમકીલા બનાવશે, એ જ રીતે કેટલાક ઘરગથ્થુ ઉપચારો પણ દાંતની કાળજી રાખવામાં મદદરૂપ સાબિત થશે.

દિવસમાં ત્રણથી ચાર વખત તાજાં પાલકનાં પાન ચાવવાથી દાંત અને પેઢાં મજબૂત બનશે.

ખોરાકમાં વિટામીન 'સી'થી ભરપૂર હોય તેવા ખાદ્યપદાર્થોનો સમાવેશ કરવો.

કંઈપણ ખાધા બાદ પાણીમાં હાઈડ્રોજન પેરોક્સાઈડ ભેળવીને તેનાથી કોગળા કરવા. દરરોજ લીંબુનો અડધો ટુકડો છાલ સહિત ચાવી જવાથી દાંત એકદમ ચોખ્ખા રહેશે.

લીંબુના રસમાં મીઠું ભેળવીને દાંત પર ઘસવાથી દાંત ચમકદાર બનશે. દાંતની જેમ ત્વચા પર પણ ઉંમરની અસર સૌથી વહેલી દેખાવા માંડે છે. ચહેરો, ગરદન અને આંખની આસપાસની ત્વચા ખૂબ જ પાતળી હોય છે જેને કારણે આ અંગો પર કરચલીઓ જલ્દી પડવા માંડે છે.


**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ભાભરની...

પાના નં.૧ ચાલુ

ખવરાવતા ખેડુતોમાં ભારે આક્રોશ હતો. જો ૨૪ કલાકમાં ખેડુતોના ખાતામાં જમા નહી થાય તો આજે બુધવાર બપોરે બેંકને તાળા બંધી કરવાની ચિમકી ઉચ્ચારી છે. બેંક મેનેજરે જણાવેલ કે સ્ટાફ ઓછો છે. જેના કારણે કામગીરી થતી નથી. હવે ઝડપી નાણા જમા થઈ જશે.

## ભાજપના...

પાના નં.૧ ચાલુ

બી.કે. જોષી, ભરતસિંહ વાઘેલા, પ્રવિણ સિંહજી વાઘેલા, માલજી ભાઈ દેસાઈ, શીવાભાઈ ભુરીયા, હિરાભાઈ રાજપુત, સેવંતી ભાઈ ઠક્કર(ભેસાણા), કુંવસી જી ઠાકોર, બળવંતજી ઠાકોર, ક્ષત્રીય સેનાના ભરતભાઈ ઠાકોર, મુકેશભાઈ ચૌહાણ સહીત કોંગ્રેસના કાર્યકરો અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

## સમાજને અન્યાય...

અનુસંધાન ૩ નુ ચાલુ..

લુહાર, કડિયા, કુંભાર, માળી, મોચી, પંચાલ, ધોબી, નાંઈ, પ્રજાપતિ, વાળંદ, ઓડ, સોની, કંસારા, સલાટ, સોમપુરા જેવા સર્જનહાર વિશ્વકર્માની જ્ઞાતિઓ અલ્પેશ ઠાકોરને ઓબીસી નેતા તરીકે સહેજેય સ્વીકારતી નથી, તેઓ ઠાકોર સમાજના નેતા છે, વિશ્વકર્મા સમાજના અનેક આગેવાનો છે, જે કોંગ્રેસની નીતિઓ સાથે વર્ષોથી પ્રતિબધ્ધ છે. ગુજરાતમાં વિશ્વકર્મા જ્ઞાતિ સમૂહની વસ્તી ૧૨થી ૧૩ ટકા જેટલી થાય છે. જેનું ગુજરાતના નવસર્જનમાં રાજયના ટેકનીકલ ક્ષેત્ર સહિત નિર્માણ ક્ષેત્રમાં વ્યાપક પ્રદાન રહેલું છે., તેમછતાં રાજકીય પ્રતિનિધિત્વમાં સમમાજને ભારોભાર અન્યાય થઇ રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વિશ્વકર્મા સમાજની ઉપરોકત હકીકતોને કોંગ્રેસે ગંભરતાથી લેવી પડશે. ગુજરાતનો સમગ્ર વિશ્વકર્મા સમાજ કોંગ્રેસને રાજયમાં સત્તા પરિવર્તનની ઝુંબેશમાં બળ પૂરવા માંગે છે પરંતુ અમારા પ્રતિનિધિત્વને પણ ઉચિત સ્થાન મળે તે જરૂરી છે. તો જ કોંગ્રેસ વિધાનસભા ચૂંટણીઓમાં જીતી શકે તેમ છે, અન્યથા કોંગ્રેસની બેઠકોની વહેંચણી બુમરેંગ સાબિત થઇ શકે છે.

## અયોધ્યામાં મંદિર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અમે આટલા વર્ષો સુધી મૌન રહ્યા હતા. આનો મતલબ એ નથી કે, અમારો અધિકાર નથી. રિઝવીએ કહ્યું હતું કે, કેટલાક મુલ્લાઓને છોડીને સમુદાય વિવાદાસ્પદ સ્થળ ઉપર મંદિર સ્વીકારવા માટે સહમત છે. મુસ્લિમ સમુદાયના લોકો હિંસા ઈચ્છતા નથી. અમે એવા મૌલવીઓનો પણ ઉલ્લેખ કરી રહ્યા નથી જે હિંસાની વાત કરે છે. આવા લોકોની કાયદાકીય રીતે કોઈપણ અસ્તિત્વની બાબત નથી. સમગ્ર દેશના મુસ્લિમો હિંસા ઈચ્છતા નથી. આ વિવાદને વાતચીતથી જ ઉકેલવામાં આવે તે જરૂરી છે. રિઝવીએ કહ્યું હતું કે, શ્રીશ્રી આવી ગયા બાદ અમને આશા છે કે, આ મામલો ઉકેલાઈ જશે. આના ઉપર વાતચીત ચાલી રહી છે. સમજૂતિમાં કયા કાય મુદ્દા હોવા જોઈએ તેને લઈને પણ ચર્ચા છે. બંને સમુદાયને પોતાની હારનો અનુભવ ન થાય તે પણ આશા જરૂરી છે.

પારસ્પરિક વાતચીતથી વર્ષ ૨૦૧૮માં અયોધ્યામાં રામ મંદિર નિર્માણની પ્રક્રિયા શરૂ થઇ જશે. રામ જન્મભૂમિ ન્યાસના સભ્ય રામવિલાસ વેદાંતીએ શ્રીશ્રીના વિરોધ પર સિયા વક્ફ બોર્ડના અધ્યક્ષે પ્રશ્ન કરતા કહ્યું છે કે, તેઓ કોણ છે. વેદાંતી આ મુદ્દા ઉપર બોલનાર કોણ છે.

## પાલનપુરમાં પ્રજાપતિ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ઉપપ્રમુખ કાંતિભાઈ, મંત્રી રમેશભાઈ, સહમંત્રી ભગવાનભાઈ, પરિવારના મંત્રી જીતેન્દ્રભાઈ, ડૉ.એસ.એસ. પ્રજાપતિ, ડૉ.ધર્મેશભાઈ પ્રજાપતિ, ડૉ.બાબુલાલ ગુર્જર, સમાજના પ્રતિષ્ઠિત મહેમાનો, સમાજના કારોબારી સભ્યો, કેળવણી મંડળ પરિવારના સભ્યો, સમાજના વડીલો, ભાઈઓ, બહેનો, બાળકો, વિદ્યાર્થીઓ તેમજ વિશાળ સંખ્યામાં હાજર રહી સફળતાપૂર્વક કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

## પાલનપુરમાં અંધશ્રધ્ધા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ત્યારબાદ સ્મશાનમાં સભાના રૂપમાં સૌ મળ્યા હતા. આ પ્રસંગે અંધશ્રધ્ધા નિર્મૂલન હેતુને ધ્યાનમાં રાખીને હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી,ગોધરાના પ્રમુખ ડૉ.સુજાતવલીના સહકારથી 'પાખંડ' નામની વેબ સીરીયલનો શુભારંભ મુકુન્દભાઈ સિંધવ- ગોધરાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ વખતે વેબ સીરીયલના ડાયરેક્ટર ભાવેશ ઓડ એ પાખંડી બાવાનો અભિનય કરીને થોડીવાર માટે લોકોને ડરાવી દીધા હતા. આ સીરીયલની સ્ટોરી રમેશભાઈ સવાણી ડીઆઈજી(બી) એ લખી છે, જેમાં ડાયરેક્ટર તરીકે ભાવેશ ઓડ, એડીટર નયન ચત્રારીયા, આર્ટ ડાયરેક્ટર જયેશ વાગડોદા તથા અભિનય ફિલ્મ એકેડેમીના કલાકાર મિત્રો ખુબ જ મહેનત કરીને આ નવીન પ્રકારની વેબ સીરીયલ બનાવી રહ્યા છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર ડૉ.સુરેન્દ્ર ગુપ્તા, સંસ્થાના પ્રમુખ પ્રો.અશ્વિન કારીઆ, ગિરીશ સુંઢિયા, પરેશ રાવલ, મોહનભાઈ રાજ, જયેશ ચૌહાણ, લવજી મકવાણા, વસંતભાઈ યાદવ વગેરે વૈજ્ઞાનિક સમજ દ્વારા અંધશ્રધ્ધા અને ભયમાંથી બહાર નીકળી જાગૃત અને નીડર બનવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે ટી.વી.ચેનલ અને મીડીયાના પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા. છેલ્લે સૌ સ્મશાનમાં મીઠાઈ અને નાસ્તો કરીને છુટા પડ્યા હતા.

## ઉદયપુર જૈન...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પૂ.ઉદયરત્ન વિ.મ.એ પેરેન્ટસને માર્ગદર્શન અને સંસ્કાર અંગે માર્ગદર્શન આપ્યું હતું. ચિક્કાર જનમેદનીમાં ૧૨ વાગ્યા સુધી સળંગ ૨ કલાક હિન્દી ભાષામાં પૂજ્યશ્રીએ ઘણા સુચનો અને આચરણીય ઉપાયો બતાવ્યા હતા.

એ પહેલા પૂજ્ય આ.શ્રી સકલ જૈન સમાજના ક્ષમાપનાપર્વમાં પધાર્યા હતા. ત્યાં શ્વેતામ્બર, દિગમ્બર સ્થાનકવાસી અને તેરાપંથી ચારે ફીરકાનું ક્ષમાપના પર્વ રાખ્યું હતું. ક્ષમાપના ઉપર પૂજ્યશ્રીએ ૧૫ મિનિટ પ્રવચન આપ્યું હતું.

## જલોત્રાના ગ્રામજનો...

પાના નં.૮ ચાલુ

ગામની રીઝર્વ સર્વે નંબરની હાઈવે ટચ જમીન મેળવવાની માંગ હતી. જે સામે સ્થાનિક ગ્રામ પંચાયતે મહેસુલ વિભાગનો અગાઉનો હુકમ રજુ કરતાં અરજદારે સર્વે નંબર સિવાય અંદરની જમીન લેવા તૈયારી બતાવી હતી. છતાં પાલનપુર પ્રાંત ઓફિસરે જલોત્રા ગામ રે.સ.નં. ૭૨/અ/૧ પૈકી ૨ / પેકી -૧ / ની જમીન ફાળવતાં ગ્રામજનોએ વિરોધ દર્શાવી 'સ્ટે' આપવા માંગ કરી અને તે જમીન આવનાર સમય માટે રિઝર્વ રાખવા માંગ કરી છે. જો તેમ નહી કરવામાં આવે તો તમામ ગ્રામજનો વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## વાવની પ્રજાના ..

પાના નં.૮ ચાલુ

વિનીયન કોલેજ, મોડેલ સ્કુલ, દિકરીઓ માટે હોસ્ટેલ, જેવી શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરી છે, તે જ પ્રમાણે કોર્ટનું નવું બિલ્ડીંગ, નવા પી.એચ.સી. અને સી.એચ.પી. ઉભા કરીને આરોગ્ય વિષયક સેવાઓ પણ પુરતા પ્રમાણમાં ઉભી કરી છે, રોજગારીક્ષેત્રે પણ તાજેતરમાં જ રાધાનેસડા ગામે ૭૦૦ મેગા વોટનો સોલારપાર્ક અપાવીને હજારો યુવાનોને રોજગારી મળશે તેવો આશાવાદ જગાડ્યો છે.

સુઈગામ તાલુકાની વાત કરીએ તો સુઈગામને નવિન તાલુકાનો દરજ્જો અપાવીને તેને પ્રાંતનો દરજ્જો પણ મળ્યો. ૧૦ કરોડના ખર્ચે બનેલા સેવા સદનનું ખાતમુહુર્ત પણ કર્યુ અને લોકાર્પણ પણ કર્યું. સુઈગામને કોલેજ, મોડેલ સ્કુલ, કસ્તુરબા ગાંધી વિદ્યાલય, જેલાણા અને કુંભારખા ગામે સરકારી સ્કુલો અને તાલુકાને વિજ્ઞાન પ્રવાહ અપાવીને શૈક્ષણિક ક્ષેત્રે પણ આ સરહદી તાલુકાને વિશેષ સગવડો મળી, વિદ્યુતબોર્ડની અલગ ઓફિસ તેમજ તાલુકાના ૭૦ % ગામોમાં નર્મદાના નીર પહોંચાડ્યા અને બાકીના ગામો પણ છ માસમાં પૂર્ણ થઈ જનાર છે. આરોગ્યક્ષેત્રે નવીન પી.એચ.સી. સાથે લિંબાળા, ઉચોસણ, ભરડવા અને મોરવાડા ગામોએ પણ નવા પી.એચ.સી. મંજુર થયા. નવીન કોર્ટ, નવીન માર્કેટીંગ યાર્ડ, નવીન તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ સાથે સુઈગામ ખાતે નવીન સી.એચ.સી.નું મકાન પણ ૩.૫૦ કરોડના ખર્ચે બન્યું. એટલું જ નહી વાઘા બોર્ડરની જેમ દુનિયાના નકશા ઉપર સિમાદર્શન, બોર્ડર ટુરીઝમ નડેશ્વરીમાતાના સાનિધ્યમાં શરૂ થયું. જે આ વિસ્તાર માટે આગવી ઓળખ બન્યું છે.

ભાભર તાલુકાની વાત કરીએ તો ભાભર ખાતે અત્યાધુનિક મલ્ટી સ્પેશ્યાલીસ્ટ સિવિલ હોસ્પિટલ આપીને આ વિસ્તારની પ્રજાને પણ રાજ્યના કોઈ મોટા શહેરમાં મળે તેવી આરોગ્ય સેવાઓ હવે મળશે, ભાભરમાં કોલેજ, મોડેલ સ્કુલ, કન્યા હોસ્ટેલ જેવી શૈક્ષણિક સગવડો પણ ઉભી થઈ છે. વાવ મતક્ષેત્રની વિકાસની અવિરત યાત્રાને આગળ ધપાવવા હંમેશાં પ્રયત્નશીલ શંકરભાઈ આ વખતે પણ જંગી બહુમતીથી ભાજપનો ભગવો લહેરાવશે તેવું આ વિસ્તારની પ્રજા પણ વિશ્વાસપૂર્વક જણાવે છે.

## સાંચોરથી બોલેરોમાં....

પાના નં.૮ ચાલુ

આવતી હોવાની બાતમી મળતાં ખોડા હાઈવે પર વૉચ ગોઠવી હતી.

દરમ્યાન ઉપરોક્ત નંબરની બોલેરો આવતાં તેને અટકાવીને તલાશી લેતાં તેમાંથી ૫૭૬ બોટલ કિંમત રૂપીયા ૫૭૬૦૦નો વિદેશી દારૂ મળી આવ્યો હતો.પોલીસે ગાડીમાં બેઠેલા પ્રકાશભાઇ કાળાજી મોદી તથા સુરેશભાઇ આંબાલાલ પુરોહીત બંન્ને રહે.ભડવેલ તા.સાંચોરની રૂપીયા ત્રણ લાખની ગાડી તથા રૂપીયા એક હજારના બે મોબાઇલ મળીને કુલ રૂપીયા ૩૫૮૬૦૦ના મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી.તથા આ જથ્થો મંગાવનાર થરાદ તાલુકાના માંગરોળ ગામના રગનાથભાઇ રાહાભાઇ રબારી સહિત ત્રણની સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## ડીસા ખાતે સરદાર.

પાના નં.૮ ચાલુ

રહોના સૂત્રો પોકાર્યા હતા. આ ઉપરાંત ભારત વિકાસ પરિષદ,પાટીદાર યુવા સંગઠન તેમજ અન્ય સેવાભાવી સજ્જનો દ્વારા પણ સરદાર પટેલને પુષ્પાંજળી અર્પી હતી.

## જુના બસ સ્ટેન્ડ...

પાના નં.૮ ચાલુ

ડાઉનલોડિંગ કરાતું હોઈ ટી સિરીઝ મ્યુઝિક કંપનીના એક્ઝયુક્ટિવ ઓફિસર રાજેશ ભૂતડીયા, ફરીદખાન ચૌહાણ અને નિલેશ ઉપાધ્યાય ની ટીમે ડીસા દક્ષિણ પોલીસની ટીમને સાથે રાખી રેડ કરી હતી. જેમાં બંને દુકાનોમાં પાયરેસી સોફ્ટવેર હોઈ તેઓની સામે કોપીરાઈટ એક્ટ હેઠળ કાર્યવાહી કરી બંને સામે ફરિયાદ નોંધાવી હતી. બંને દુકાનોમાંથી કંપની દ્વારા એલ ઈ ડી સ્ક્રીન,સી પી યુ, અને કી બોર્ડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## ઢીમાનું કાળિયા...

પાના નં.૮ ચાલુ

ભક્તોનું ઘોડાપુર ઉમટી પડે છે. રાત્રિના સમયે આખી રાત જાગરણ કરી ૧૧૧, ૧૧૧૧, ૧૧૧૧૧ દીવાઓની જ્યોત પ્રગટાવીને મંદિરને સુશોભિત કરાય છે. ભક્તો આખી રાત તેમના પૂર્વજોની યાદનું સ્મરણ કરી કાળિયા ઠાકરની જયજયકાર બોલાવે છે. રાત્રિના સમયે ઢીમા નગરે નજારો કંઈ ઔર જોવા મળે છે. કારતક સુદ-૧૧ થી પૂનમ દરમિયાન અંદાજે એક લાખથી વધુ ભક્તો દાદાના ચરણમાં શીશ ઝુકાવીને ધન્યતા અનુભવે છે. શ્રધ્ધાળુ- યાત્રાળુઓને રહેવા તેમજ જમવા માટેની શ્રી ધરણીધર ટ્રસ્ટ અને શ્રી રામઆશરા અન્નક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા ઉત્તમ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. સ્થાનિક જવાબદાર તંત્ર પંચાયત દ્વારા પણ ભારે જહમેત ઉઠાવી ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

## વાવમાં કોંગ્રેસના...

પાના નં.૮ ચાલુ

બેઠક ઉપર ઉમેદવારની પસંદગીના મુદ્દે મનોમંથન કરી રહી છે. કારણ કે કોંગ્રેસ પાર્ટી જાતિ સમીકરણો પ્રમાણે વાવ-થરાદ- દિયોદર- રાધનપુરની બેઠકોને સાથે લઈ ગણિત ગોઠવી રહી છે. જો અને તો ના ગણિત વચ્ચે કોંગ્રેસ પાર્ટી ભારે અવઢવમાં મુકાઈ છે. પરંતુ એક વાત નક્કી છે કે આ વખતે ભાજપ સામે ટક્કર લેવા કોંગ્રેસ પાર્ટી સક્રિય બની ગઈ છે અને ભારે આયોજન પણ કર્યું છે.

સોશ્યલ મીડીયાની ટીમને પણ સક્રિય બનાવી છે. અલ્પેશ ઠાકોર અને જિગ્નેશ મેવાણીના વાવ તાલુકાના પ્રવાસથી કોંગ્રેસમાં ભારે ગરમાવો આવી ગયો છે. જો કે હાલમાં વાવ બેઠક માટે કોંગ્રેસ પાસે ઉમેદવારોની લાંબી કતારો છે. તેથી પ્રદેશ મોવડી મંડળ સર્વસંમત સક્ષમ ઉમેદવાર પસંદ કરવા મનોમંથન કરી રહી છે.

## આગ ભીતર ભીતરની....

અનુસંધાન પાના નં.૫ નું ચાલુ

એક દિવસ ભારે થઈ.

લોકલ ઉપડી ગઈ, એકસપ્રેસ ટ્રેન છુટી ગયો હતો. હવે અગિયારની લોકલ હતી.. એ સિવાય છુટકો ન હતો. જો આગ્રા લોકલમાં ન જાઉં તો અમદાવાદમાં રહેવું પડે. આખી રાત રેલ્વે પ્લેટફોર્મ પર.. હા.. ના.. હા..ના.. કરતાં આગ્રા લોકલમાં બેઠો. ડીસેમ્બરની ઠંડી રાત હતી. આખી બાંયનું સ્વેટર ચડાવ્યું.. ટોપી પહેરી અગિયાર વાગે ઉપડેલી લોકલ આખરે લોકલ હતી. એમાં ચેઈન પુલીંગનો પ્રશ્ન ન હતો. ઝુલાસણ આવતાં આવતાં દોઢ કલાક થયો. સાડા બાર થયા હતા. ડર તો હતો પણ ઘેર ગયા વિના છૂટકો ન હતો. પુનમ હતી ચાંદની રાત હતી. શિયાળાની સ્તબ્ધ કરી દેતી ઠંડી હતી. ભસતાં કુતરાં વાતાવરણને ચીરતાં હતાં. ન ગામડું ન શહેર એવું ઝુલાસણ. અને એ જ આંબલીના વૃક્ષોની જગ્યાએ આવ્યો.સાવધાન હતો. મોંઢે રામચંદ્રજી ભગવાનનું નામ હતું.

કેડી પર ડગ આગળ માંડતો હતો.

પાછળથી પગરવ આવવા માંડયો હતો. મને ખબર પડતાં વાર ન લાગી.. કે પાછળ કોઈ મારો પીછો કરી રહ્યું છે. ઓફિસમાં મને મારા મિત્રોએ કહેલી વાત યાદ આવી. તારે ખાતરી કરવા પાછળ જોવું.. કોણ આવી રહ્યું છે જો કોઈ જણાય તો પુછવું એ મને યાદ હતું.

મેં પગરવનો અણસાર આવતાં પાછળ જોયું.

પાછળ કાળો પડછાયો.. ડીસેમ્બર માસની ઠંડી રાત્રે મને પરસેવો છુટી ગયો.

'કોણ છો ? શા માટે પાછળ આવો છો ?'

મેં પુછયું.. 'તારી માસી..'

માસી.. તું ? હા મારા વિનુ રાત વરત તું એકલો આવે છે એટલે તારી રક્ષા કરવા આવું છું..

માસી મારા પગ થંભી ગયા. માસી છેક આવી ગઈ.. મારા વિનુ મને અડીશ નહીં, બીજું કાંઈ પુછીશ નહીં..

**રેણુ વિષ્ણુકુમાર બારોટ અમદાવાદ**

## રૂપના રખોપા..

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

છાલ સહિત ચાવી જવાથી દાંત એકદમ ચોખ્ખા રહેશે.

લીંબુના રસમાં મીઠું ભેળવીને દાંત પર ઘસવાથી દાંત ચમકદાર બનશે.

દાંતની જેમ ત્વચા પર પણ ઉંમરની અસર સૌથી વહેલી દેખાવા માંડે છે. ચહેરો, ગરદન અને આંખની આસપાસની ત્વચા ખૂબ જ પાતળી હોય છે જેને કારણે આ અંગો પર કરચલીઓ જલ્દી પડવા માંડે છે. ખાસ કરીને ૩૦ વર્ષની ઉંમરમાં આ બધા ભાગમાં કોલાજન અને ઈલાસ્ટિન ઓછું થવાને કારણે આવું થાય છે. તેથી શરૂઆતથી જ સનબ્લોક ક્રીમનો ઉપયોગ કરવામાં આવે તો મોટી ઉંમરે પણ ત્વચા સ્વસ્થ રહે છે.

ત્વચા હંમેશા મુલાયમ રહે અને તેમાં નમી જળવાઈ રહે એ માટે નરિશીંગ સ્કીન ઉપચાર કરાવવો. એ સિવાય માઈક્રોડર્મ એબ્રેજન અને સ્કીન પોલિશીંગ કરવાથી ખીલ, સનબર્નથી પ્રભાવિત ત્વચા, ગરદન, ચહેરો, હાથ, પેટ, કમર વગેરે અંગો પર પડેલી કરચલીઓથી છુટકારો મળે છે.

લેઝર દ્વારા કોઈ પણ ઉંમરમાં ત્વચા પરના વણજોઈતા વાળ દૂર કરાવી શકાય છે.

હંમેશા સનસ્ક્રીન લગાડવું.

ત્રીસ વર્ષની ઉંમરે પહોંચ્યા બાદ ચહેરા પર 'ટી' ઝોન બનવા માંડે છે. એટલે કે કપાળ, નાક અને દાઢીની ત્વચા તૈલીય અને બાકીના ભાગની ત્વચા શુષ્ક થવા માંડે છે. તેથી આ સમસ્યાના ઉપચાર તરીકે વિઝીબલ રેડિયન્સ ટ્રીટમેન્ટ લેવી જેમાં ઓક્સિજન ધરાવતી લેવેન્ડર તેલની ઉચ્ચ ગુણવત્તાવાળી ક્રીમથી મસાજ કરવામાં આવે છે. જેનાથી ત્વચામાં રહેલી બધી જ ગંદકી દૂર થઈ જાય છે.

ગ્લાયકોલિક સ્કીન પીલ કરાવવાથી ત્વચા પરના ડાઘ દૂર થઈને મૃત ત્વચા નીકળી જાય છે અને ત્વચાનું પુનઃ નિર્માણ થાય છે.

વિટામીન 'એ' અને 'સી' જેવાં એન્ટિઓક્સિડન્ટસ અને બીટા કેરોટિન તત્વો ધરાવતાં ફળો સંતરા, મોસંબી ગાજર, લીંબુ ખાવાથી ત્વચાને પહોંચેલી ક્ષતિ દૂર થાય છે.

ચાલીસીમાં પહોંચ્યા બાદ ચહેરા પર કરચલીઓ વધવા લાગે છે. ખાસ કરીને કપાળ, આંખ અને મોંની કપાળ, આંખ અને મોંની આસપાસની ત્વચા પર વધુ દેખાય છે. આ સમસ્યાથી બચવા કોલેજન ફેશિયલ કરાવવું એનાથી ત્વચા પુનર્જીવિત થાય છે.

નાઈટ ક્રીમ અને આય ક્રીમનો ઉપયોગ શરૂ કરી દેવો અને બને તો નોન સર્જિકલ ફેસ લિફ્ટ કરાવી શકાય.

કોઈપણ ઉંમર હોય પરંતુ ત્વચા પર નિયમિત સનસ્ક્રીન લગાડવું અને દરરોજ ખૂબ પાણી પીવું જેથી ત્વચા હંમેશાં ક્રાંતિમય રહેશે.

## શબ્દ સમીપે...

અનુસંધાન ૫ નું ચાલુ

તરફથી સાંપડેલ સ્મૃતિખંડો સમાવ્યા છે. આ બધામાં અલગ અલગ કોતરાયેલ કિશોરસિંહની છબિ આ પુસ્તકમાં સમગ્રરૂપ પામે એવો કંઈક આશય આ સંપાદનનો છે.

આમેય, માનવજાત યુગોથી મથી રહી છે. માનવ જાતને સુખી કરવા અને એટલે જ અનેક સતત કશુંક શોધવા, કશુંક નવું કરવા મથ્યે જતા હોય છે. એમાંથી કોઈ મોટા માથારૂપે ઉભરી આવે તો કોઈની નોંધ લેવાની રહી પણ જાય... પણ એથી પેલા ભુલાઈ ગયેલાનું મૂલ્ય ઘટતું તો નથી જ. આવા 'માનવ' માટે કલાના માધ્યમથી મથેલા કિશોરસિંહના કાર્યની સમીક્ષા થાય, મર્યાદાઓ અને વિશેષતાઓ બને ઊભરી આવે અને પરિપાકરૂપે એક નાનકડું સત્ય પણ સિધ્ધ થાય તો આખોય પુરૂષાર્થ સાર્થક નિવડે છે.

ઝાડનું ગીત, ગામ, ઋતુ વગેરે કૃતિઓથી આરંભાયેલી કિશોરસિંહની શબ્દ યાત્રા- સર્જન યાત્રા આજે કવિતા, નવલકથા, નવલિકા, નિબંધ, પ્રવાસ લેખન, વિવેચનને સંપાદન એમ વિવિધ પરિપાટીમાં પુસ્તકો રૂપે ઉપલબ્ધ છે. શબ્દાર્થને અને પ્રમાણ્યો છે. ગ્રામ જીવનના તળપદા જીવન રંગોથી માંડીને મહાનગરની કૃતક અને આભાસી જીવન શૈલી અને વિદેશ પ્રવાસની નિપજ રૂપ માનવ વૈવિધ્ય, ભિન્ન ભિન્ન સ્વરૂપે તેમના સર્જન પાશમાં બંધાતા રહ્યા છે. તેમણે જનસભા,સંદેશ, ગુજરાત સમાચાર જેવા ખ્યાતનામ દૈનિકોમાં કટાર લખી છે ને પ્રતિષ્ઠિત સામયિકોમાં સાહિત્ય પ્રગટ થતું રહે છે. નટવર હેડાઉ

## નારી

અનુસંધાન ૫ નું ચાલુ

તેનામાં અન્ય કોઈ આવડત ન હોય તો માત્ર શ્વેત વર્ણ શું કામનો ? પ્રિયાન ગૌર વર્ણ જોઈને બધા તેના રૂપની પ્રશંસા કરે છે. પણ ઘઉંવર્ણી સ્મિતાનો પતિ કહે છે મારે મન તો તું વધુ સુંદર છે. તારી ત્વચા ભલે પ્રિયા જેવી ગોરી નથી પણ તારો ચહેરો અત્યંત નમણો અને આકર્ષક છે. વળી તારી ચાલ, તારી સ્ટાઈલ, તારી બોલવાની ઢબ કોઈને પણ પ્રભાવિત કરી શકે છે. પતિના મુખે પોતાની પ્રશંસા સાંભળ્યા પછી સ્મિતાએ કયારેય લઘુતાગ્રંથિ નથી અનુભવી. નિષ્ણાંતો કહે છે કે પતિની પ્રશંસાના ચાર વાકય પણ પત્નીનો થાક દુર કરવા પુરતો થઈ પડે છે. જો કે ઘણાં પતિઓને પત્નીની તારીફ કરવાનું નથી ફાવતું.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર(કીલોના)** | |
| **ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૫૦૦** | |
| રૂપુ કાચું | ૩૯૫૦૦-૪૦૦૦૦ |
| સોનુ તોલો | ૩૦૨૦૦-૩૦૨૫૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૦૦૦** |
| પામોલીન | ૯૯૦ |
| સોયા રીફાઈન | ૧૨૫૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૨૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૫૮૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૪૭૦ |
| સીગતેલ ૫ લી. | ૪૭૫ |
| તિરૂપતી કપા. | ૧૨૦૦ |
| ૫ લીટર | ૩૮૩ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૮૦૦-૨૯૦૦ |
| ૫ કે. કોપરેલ | ૯૬૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૪૮૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૭૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |

| | |
|---|---|
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૬૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૨૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૦૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૨૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૮૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૦૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |

| | |
|---|---|
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૨૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૯૦૦-૩૯૫૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦-૪૦૮૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૧૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦ | |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ ૧૨૫ | |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | |

| | |
|---|---|
| | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૭૦૦ |
| જીરાળુ | ૧૭૪૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૩૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૪૪૦૦ |
| ખાંડ બુરૂ | ૪૪૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૨૦૦-૨૪૦ |
| સુકી ડુંગળી | ૬૦૦-૭૦૦ |
| લસણ | ૭૦૦-૮૦૦ |
| ધાણા | ૧૦૦૦-૧૨૦૦ |
| મરચાં | ૫૦૦-૬૦૦ |
| લીંબુ | ૭૦૦-૮૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૬૦૦-૭૦૦ |
| રીંગણ | ૭૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૧૦૦ |
| ભીંડા | ૪૦૦-૫૦૦ |
| કોબી | ૫૦૦-૬૦૦ |
| વટાણા | ૧૧૦૦-૧૪૦૦ |
| ટીંડસા | ૫૦૦-૬૦૦ |
| ગવાર | ૮૦૦-૯૦૦ |
| બાદશાહ બટાકા | ૧૪૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦- ૧૪૦ |
| ચોળી | ૭૦૦-૮૦૦ |
| તુરીયા | ૨૦૦-૩૦૦ |
| તુવેર | ૯૦૦-૧૦૦૫ |


રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા :........................જ.તા. ...............ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ................................................

# રાધનપુરમાં ભાજપ દ્વારા રન ફોર યુનિટીની દોડ યોજાઈ




રાધનપુર

રાધનપુર શહેરમાં ભાજપ દ્વારા મંગળવારે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ પ્રસંગે રન ફોર યુનિટી કાર્યક્રમ હેઠળ દોડ યોજવામાં આવી હતી.ધારાસભ્ય નાગરજી ઠાકોરના વડપણ હેઠળ ગાયત્રી મંદિરથી ગાંધીચોક સુધી યોજાયેલ દોડમાં જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ડો.દેવજીભાઈ પટેલ,જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરજગીરી ગોસ્વામી,જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,તાલુકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહીર,ડો.વિષ્ણુ ઝૂલા,બાબુભાઈ ચૌધરી,યુવા પ્રમુખ ચીકાભાઈ રબારી સહીત અગ્રણીઓ અને કાર્યકરો જોડાયા હતા.આ પ્રસંગે દોડની શરૂઆતમાં સરદાર વલ્લભભાઈ પટેલનો જયઘોષ કરવામાં આવ્યો હતો.

# ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનમાં પ્રમુખ બદલાતા અનેક અટકળો

ઊંઝા

ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારીની બેઠક ગત રવિવારે મળી હતી. જેમાં નવા પ્રમુખની વરણી કરવામાં પ્રમુખ તરીકે વિક્રમભાઈ પટેલની વરણી થતાં સમાજમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. વર્તમાન પ્રમુખ નારાયણભાઈ પટેલે રવિવારે યોજાયેલી કારોબારીની બેઠકમાં વિક્રમભાઈ પટેલની પ્રમુખ પદ માટેની દરખાસ્ત રજુ કરતા સર્વાનુમતે વધાવી લેવામાં આવી હતી. ધારાસભ્ય નારાયણભાઈ પટેલ બે ટર્મથી ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ પદે કાર્યરત હતા. આગામી ત્રણ વર્ષ માટે વિક્રમભાઈ પટેલની વરણી થયેલ છે. જેને સૌ કોઈએ વધાવી લીધી છે. ઉમિયા માતાજી સંસ્થાનના ૨૫૦ જેટલી કારોબારી સભ્યો દ્વારા પ્રમુખ પદ બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જો કે આ મુદ્દો રાજકીય સ્તરે ચર્ચાનો વિષય બન્યો હતો.

# મહેસાણામાંથી ફરાર આરોપીને ઝડપી પાડતી પોલીસ

મહેસાણા

મહેસાણા એલસીબીએ બાતમીના આધારે દેદીયાસણ જીઆઈડીસી આશીર્વાદ ચોકડીથી પ્રોહીબીશનના ગુનામાં એક વર્ષથી નાસતો ફરતો આરોપી સરદારસિંહ ઉર્ફે અકીનવલસિંહ ઝાલાને બાઈક સાથે ૨૪ વિદેશી દારૂની બોટલ તથા બીયર ટીન નંગ-૬ મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ ચલાવેલ છે.

# મહેસાણામાં ચેક રિટર્ન કેસમાં મહિલાને એક વર્ષની સજા

મહેસાણા

મહેસાણામાં ત્રણ વર્ષ પૂર્વે દિકરાની ફી ભરવા પેટે એક શખ્સ પાસેથી લીધેલા એક લાખ રૂપિયા પરત ન કરતા થયેલ ચેક રિટર્ન કેસમાં મહિલાને મહેસાણા કોર્ટે એક વર્ષ કેદની સજાનો હુકમ કર્યો હતો અને ફરિયાદી પક્ષને બે માસમાં વળતર ચુકવવા માટે આદેશ કર્યો હતો. જાણવા મુજબ મહેસાણા ખાતે રહેતા બીન્દુબેન જયંતિલાલ પરમારના દિકરાની ફી ભરવાની હોવાથી વર્ષ ૨૦૧૪ માં મહેસાણાના પ્રેમચંદભાઈ મફતલાલ વ્યાસ પાસેથી રૂા. ૧ લાખ ઉછીના લીધા હતા. જે સમયમર્યાદામાં પરત ન મળતાં બિન્દુબેને તે માટે ચેક આપ્યો હતો. જે ચેક બેન્કમાંથી અપૂરતા ભંડોળથી પરત ફરતાં ચેક રિટર્નની ફરિયાદ નોંધાઈ હતી. સદર કેસ મહેસાણાની કોર્ટમાં ચાલી જતાં વકીલ એચ.આર. શ્રીમાળીની દલીલો અને પુરાવાના આધારે જજ પી.યુ. અંધારિયાએ આરોપી બિન્દુબેન પરમારને ગત શુક્રવારે આરોપી ઠરાવી એક વર્ષની કેદ અને ફરિયાદ પક્ષને બે માસમાં વળતર ચુકવવા હુકમ કર્યો હતો.

# મહેસાણાના બિલાડીબાગ પાસે મકાનમાં આગ લાગી

મહેસાણા

મહેસાણા શહેરના બિલાડીબાગ નજીક ગૌતમનગરમાં રહેતા જયંતિભાઈ દંતાણી રવિવારે સવારે ૯ વાગે મકાન બંધ કરી બજારમાં શાકભાજી લેવા ગયા હતા. તે દરમિયાન મકાનમાં આકસ્મિક આગ લાગી હતી. મકાનમાંથી ધુમાડા નીકળતાં ખબર પડી હતી. પાલિકાના ઉપપ્રમુખ જયદીપસિંહ ડાભી અને ફાયર ટીમ સ્થળ પર દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ હોલવી હતી. જોકે, આ દરમિયાન આગમાં ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ઘરમાં દીવો ચાલુ હોઈ આગ ફેલાઈ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

# પાટણ જીલ્લામાં ચૂંટણીલક્ષી આદર્શ આચારસહિતા હેઠળ ૫૦૯૦ વાંધાજનક બાબતો દૂર કરાઈ

પાટણ

પાટણ જીલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ જાહેર થયા બાદ અમલમાં આવેલ આદર્શ આચારસહિતાને ધ્યાને લેતા જીલ્લાની વિવિધ ટીમો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ છે. પાટણ જીલ્લાના આ ચૂંટણીઓની જાહેરાત થયા તારીખથી આજ સુધી કુલ ભીંત લખાણ -૨૧૨૦, પોસ્ટર ૬૫૯, બેનર-૫૧૫ અન્ય ૧૭૯૬ મળી કુલ-૫૦૯૦ આચારસંહિતા ભંગને લગતી બાબતો જાહેર મિલકત પરથી દૂર કરવામાં આવેલ છે. જયારે ખાનગી મિલકતો પરથી ભીંત લખાણ-૪૧૫, પોસ્ટર-૧૫૨, બેનર-૧૩૨, અન્ય- ૧૫ મળી કુલ-૭૧૪ આચાર સંહિતા ભંગને લગતી બાબતો દૂર કરવામાં આવેલ છે. કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ વિભાગ દ્વારા આજ સુધી કુલ ૫૭૦ લાઈસન્સવાળા હથિયાર જમા કરવામાં આવ્યા છે અને પાટણ જીલ્લામાં કુલ ૭ નાકા કાર્યાન્વિત કરાયા હોવાનું જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી આનંદ પટેલની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# મહેસાણા અને પાટણના ૧૦૮ના ૧૭ હડતાળી કર્મચારીઓ સસ્પેન્ડ

મહેસાણા

પડતર પ્રશ્નોને લઈ હડતાળ પર ઉતરેલા મહેસાણા અને પાટણ જિલ્લામાં ફરજ બજાવતા ૧૦૮ ઈમરજન્સી સેવાના ૫૦ કર્મચારીઓ કોર્ટના આદેશ અનુસાર સોમવારે મહેસાણા ખાતે ફરજ પર હાજર થવા આવ્યા હતા. પરંતુ ઉપસ્થિત અધિકારીઓએ ૧૭ કર્મચારીઓને હાજર કરવાને બદલે સસ્પેન્ડ કરવાનો લેટર પધરાવી દીધો હતો. જ્યારે ૩૩ કર્મીઓને શરતોને આધિન ફરજ પર લેવાની તજવીજ હાથ ધરાઈ હતી.

છેલ્લા કેટલાક મહિનાઓથી પડતર પ્રશ્નોને લઈ ૧૦૮ના કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. પરંતુ આ મામલે સરકાર દ્વારા કોઈ ઉકેલ ન લેવાતાં કર્મચારીઓએ આખરે અમદાવાદ સ્થિત કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. જેમાં કોર્ટે ગત ૨૭મી ઓક્ટોબરની સાંજે હડતાળ પર ઉતરેલા કર્મચારીઓને ફરજ પર પરત ફરવા આદેશ કર્યો હતો. જેને લઈ સોમવારે સાંજે ૪ કલાકે મહેસાણાના ૧૦ અને પાટણ જિલ્લાના ૪૦ મળી કુલ ૫૦ કર્મચારીઓ ફરજ પર હાજર થવા મહેસાણા ૧૦૮ની ઓફિસે આવ્યા હતા.

પરંતુ ૧૦૮ના અધિકારીઓએ ૧૭ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા હતા. જેને લઈ સસ્પેન્ડ કરાયેલા ૧૭ કર્મચારીઓ અને અધિકારીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. જ્યારે અન્ય ૩૩ કર્મચારીઓને ભવિષ્યમાં આવા પ્રકારની હડતાળ પર નહીં ઉતરવા તેમજ અન્ય જિલ્લામાં બદલીની બાંહેધરી આપતા લખાણની શરતે ફરજ પર પરત લેવાની તજવીજ હાથ ધરાઈ હતી. આ મામલે રોષ ઠાલવતાં કર્મચારીઓના અગ્રણી દિનેશભાઈ રબારીએ જણાવ્યું કે, અધિકારીઓની નીતિને લઈ હવે કોર્ટ કહે તે પ્રમાણે આગળ વધીશું.

# વિસનગર અને વડનગરની બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો, ૨ ઝડપાયા

મહેસાણા

મહેસાણા એસઓજી પોલીસે વિસનગર અને વડનગર શહેરમાંથી બાઈકની ઉઠાંતરી કરનારા વડનગરના ૨ યુવકોને ચોરીના બાઈક સાથે ઝડપી લીધા હતા. એસઓજીના ઈન્ચાર્જ પીઆઈ એમ.ડી. ચંપાવત તથા પીએસઆઈ એન.કે. પરમાર, એચ.એલ. ચાવડા તથા સ્ટાફ શનિવારે પેટ્રોલીંગમાં હતો, ત્યારે પો.કો. ઉસ્માનખાનને મળેલી બાતમી આધારે શહેરની સોમનાથ ચોકડી પર વોચ ગોઠવી હતી.

આ સમયે નંબર વિનાના બાઈક પર આવેલા યુવકો શંકાસ્પદ જણાતાં તેમને રોકી પૂછપરછ કરતાં તે વડનગરના ખારીવાસમાં રહેતા ભગાજી લવજીજી ઠાકોર અને વિક્રમજી કનુજી ઠાકોર હોવાની ઓળખ આપી હતી. તેમની પાસેના હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસના કાગળો બાબતે પૂછતાં કોઈ સંતોષકારક જવાબ નહીં આપતાં ઉલટ પૂછપરછ કરતાં આ બાઈક વિસનગર ગંજ બજારમાં દુકાનોની પાછળની એક ગલીમાંથી વીસેક દિવસ અગાઉ ચોરી કર્યુ હોવાની કબુલાત કરી હતી.

વધુ પૂછપરછ કરતાં તેમણે દિવાળીના બે દિવસ પહેલાં વડનગરમાં શુકન દવાખાના નજીકથી પણ બાઈક ચોર્યુ હોવાનું જણાવ્યું હતું. આથી પોલીસે બંને બાઈક કબજે લઈ વધુ તપાસ માટે બંને આરોપીઓને વિસનગર પોલીસને હવાલે કર્યા છે.

# મોડાસાઃ ચોકીદાર હત્યા કેસમાં ચાર આરોપીઓ ઝડપાયા, ૨ હજુ ફરાર

મોડાસા

ભિલોડા તાલુકાના સુનોખમાં કરિયાણાની દુકાનમાં લૂંટના ઈરાદે આવેલા ૬ શખસોએ ચોકીદારી કરનાર વૃદ્ધની હત્યા કરી ભાગી ગયા હતા અને રસ્તામાં ઉભેલી એક ટ્રક ડ્રાઈવરને પાસેથી ચપ્પાની અણીએ ૭ હજારની લૂંટ ચલાવી હતી. આ કેસમાં અરવલ્લી એલસીબીએ શામળાજી આશ્રમશાળા પાસેથી ૪ શખસોને ઝડપી પાડ્યા હતા. જોકે, હજુ ૨ શખસોને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

ભિલોડા તાલુકાના સુનોખમાં ૧૩ ઓક્ટોબરની રાત્રીએ ગુલામભાઈ ખેરડાની કરિયાણાની દુકાનમાં ચોરી કરવાના ઈરાદાથી આવેલા ૬ જેટલા લૂંટારૂઓએ દુકાન આગળ સૂતેલા ચોકીદાર ભીખાભાઈ ભાથીજી પગી (ઉ.વ. ૭૦ રહે. સુનોખ) ની હત્યા કરીને બાજુમાં ઉભેલી ટ્રક (નંબર યુપી-૮૧, બીટી-૧૭૧)ના ચાલક ડ્રાઈવર અને કંડક્ટર પાસેથી રૂપિયા ૭૦૦૦ હજારની લૂંટ કરીને આરોપીઓ ભાગી છૂટ્યા હતા. આ કેસમાં અરવલ્લી જિલ્લાના એલ.સી.બી.એ વોચ ગોઠવીને હત્યા અને લૂંટના ગુનેગારો સુધી પહોંચવા અને તેમને ઝડપી પાડવા કમર કસી રહી હતી. અરવલ્લી એલ.સી.બી.બાતમીના આધારે ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપી સહિત ચારને શામળાજી આશ્રમશાળા પાસેથી ઝડપી પાડ્યા હતા. જોકે, ગુનામાં સંડોવાયેલા અન્ય ઉમેશભાઈ ભરતભાઈ મેણાતા (રહે. ભિલોડા) અને નિકુંજ અરવિંદભાઈ ખરાડી (રહે. ભિલોડા)ને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

# કડિયાદરાની રૂ.૬ કરોડની લૂંટમાં પોલીસની સંડોવણીની આશંકા

હિંમતનગર

દોઢેક માસ અગાઉ ઈડર તાલુકાના કડીયાદરા ગામના પેટ્રોલપંપ પાસે થયેલી રૂ.૬ કરોડની લૂંટ પ્રકરણમાં તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયો છે અને આખાયે પ્રકરણમાં સ્થાનિક પોલીસ કર્મીઓની સંડોવણી બહાર નીકળવાની સંભાવના હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. ગત તા. ૦૯ સપ્ટેમ્બરના રોજ વડોદરાના વ્યવસાયી સાથે ઈડર તાલુકાના કડીયાદરા ગામના પેટ્રોલપંપ ઉપર રૂ.૬ કરોડની લૂંટનો બનાવ બન્યો હોવા અંગે ૧૦ દિવસ બાદ વડોદરાના વિરેન્દ્રભાઈ પરશોત્તમભાઈ વીસાવડીયાએ ઈડર પોલીસ સ્ટેશનમાં હરેશભાઈ વણકર, ભાવેશભાઈ દેસાઈ, વિક્રમભાઈ દેસાઈ અને બાવજી ઉર્ફે ભીખાભાઈ ગોસ્વામી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

લૂંટ થયાના ૧૦ દિવસ બાદ ફરિયાદ નોંધાતા ફરિયાદી પણ શંકાના દાયરામાં આવી ગયેલ જેની સામે ફરિયાદ દાખલ થઈ છે તે પૈકી એક આક્ષેપિત દ્વારા કરન્સી એક્ષ્ચેન્જનો મામલો હોવાનું તથા સ્થાનિક પોલીસની ભૂમિકા શંકાસ્પદ હોવાનું જણાવાઈ રહ્યું હતું.

આખાયે મામલાની તપાસ એલ.સી.બી.ને સોંપવામાં આવ્યા બાદ પંપની સીસીટીવી ફૂટેજ પોલીસે અંકે કર્યા છે અને બનાવના સમયે પોલીસ વાહનની હાજરી, ભૂમિકા વગેરે બાબતોનુ ઝીણવટભર્યું પૃથ્થકરણ થઈ રહ્યુ છે. દરમિયાનમાં આક્ષેપિતોએ એન્ટીસીપેટરી બેલ માટે હાઈકોર્ટમાં દાદ ગુજારી છે અને પોલીસ દ્વારા પોતાનો પક્ષ પણ રજૂ કરવામાં આવ્યો છે.

# રાધનપુરમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો




રાધનપુર

રાધનપુર શહેરમાં હિંમતવિદ્યાનગરના પ્રાંગણમાં ચાલતા શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી, આ પ્રસંગે નાના ભૂલકાને કૃષ્ણનું રૂપ ધારણ કરાવવામાં આવ્યું હતું,કથાના વક્તા સ્વામીશ્રી શાંતિપ્રિયદાસજીએ સંગીતમય શૈલીમાં કૃષ્ણ જન્મોત્સવની કથાનું નિરૂપણ કરીને શ્રોતાઓને ભક્તિના રસમાં તરબોળ કરી દીધા હતા,અને શ્રોતાઓ કૃષ્ણભક્તિમાં લીન બની ગયા હતા. સ્વ.શાંતાબેન જીવરામભાઈ ગોવિંદરામભાઈ રતાણી પરિવાર દ્વારા આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ વિશાળ સંખ્યામાં ભાવિકો લઈ રહ્યા છે.

# પોલીસની નિષ્ક્રિયતાના કારણે બહુચરાજીમાં જાહેર માર્ગો પર ખાનગી વાહનોના અડીંગા

ચાણસ્મા

પવિત્ર યાત્રાધામ બહુચરાજીમાં ટ્રાફિક વ્યવસ્થાના ધજાગરા ઉડી રહ્યા છે. બજાર વિસ્તાર અને હાઈવે તેમજ શંખલપુર રોડ તેમજ બસસ્ટેન્ડ સામે ખાનગી જીપો, રિક્ષા, છકડા તેમજ મેટાડોર જેવા વાહનોના અડીંગાને કારણે સ્થાનિક નગરજનો ત્રાસી ઉઠ્યા છે. આવ- જા કરવા માટે ભારે મુશ્કેલી સર્જાય છે.

ગત રવિવારે બહુચરાજીમાં વેકેશનને લઈ તેમજ ચૌલક્રિયા માટે આવતા શ્રધ્ધાળુઓની ભારે ભીડને લઈ હાઈવે પર તેમજ બજાર અને શંખલપુર રોડ પર આવેલી ધર્મશાળાઓ પાસે વાહનોની પુષ્કળ પ્રમાણમાં અવરજવરના કારણે ચક્કાજામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. હાઈવે પર શક્તિ ચોકથી દયાનંદ કોમ્પલેક્ષ સુધીના માર્ગની બંને સાઈડે ખાનગી વાહનો પાર્ક કરાયા હતા. જયારે પોસ્ટ ઓફિસની પાછળ શંખલપુર જવાના રસ્તે ૨૫ થી ૩૦ રિક્ષાઓનો અડ્ડો કાયમી થઈ ગયો છે. જેથી યાત્રિકો મુશ્કેલીમાં મુકાયા હતા અને ક્યાંયે ટ્રાફિક પોલીસ નજરે પડતી નથી. સ્થાનિક પોલીસ પણ મુકવામાં ન આવતા ખાનગી વાહન ચાલકોને જલસા થઈ પડ્યા છે. બસ સ્ટેન્ડ સામે પણ આવી સ્થિતિ સર્જાતા અને કોઈપણ જાતના પગલા ભરવામાં નહિ આવતા યાત્રિકોમાં રોશ વ્યક્ત થઈ રહ્યો છે.

# સાબરકાંઠાના વિરપુરની બે સગીર બહેનો ગુમ થયા બાદ સાત દિવસે પરત આવી

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના વીરપુર ગામમાં રહેતા એક પરિવારની સગીર વયની બે યુવતીઓ ગુમ થતા અને બંનેનું કોઈ અપહરણ કર્યાની શંકા વ્યક્ત કરતી રજુઆત થતાં વિજયનગર પોલીસે ઈપીકો કલમ ૩૬૩ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

છેલ્લા સાત દિવસથી ગુમ થયેલી બંને યુવતીઓ તેમના ઘરે પરત વળી ત્યારે પરિવારના સભ્યોએ રાહતનો શ્વાસ લીધો હતો. જયારે સ્થાનિક પોલીસે પણ કહેવાતા અપહરણનો સુખદ અંત આવ્યો માનીને હળવાશ અનુભવી હતી.

સત્તર વર્ષની બે સગીર બહેનોને અભ્યાસ અંગે પિતાએ ઠપકો આપતા બંને કંટાળીને તા. ૨૨ મીના રોજ ઘરેથી નીકળી ગઈ હતી. બંને પરત આવ્યા બાદ પોલીસે પુછતાછ કરતાં પિતાના વારંવારના ઠપકાથી રિસાઈને મામાના ઘરે જતી રહી હોવાની વાત રજુ કરી હતી.

# બહુચરાજીમાં સરદાર શોભાયાત્રાને મોડીરાત્રે મંજૂરી, હાર્દિકની થ્રી-ડી સભાને મંજૂરી ન અપાઈ

બહુચરાજીઃ તાલુકા પાટીદાર સમાજ દ્વારા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૨મી જન્મ જયંતી નિમિત્તે મંગળવારે બહુચરાજીમાં મહારક્તદાન કેમ્પ, સરદાર પટેલ શોભાયાત્રા તેમજ પાટીદાર સમાજ સ્નેહ મિલનમાં હાર્દિક પટેલના થ્રી-ડી સંબોધનનું આયોજન કરાયું છે. વહીવટી તંત્ર દ્વારા મંજૂરી આપવામાં નહીં આવતાં વિવાદ સર્જાયો છે. પાટીદારોએ શોભાયાત્રા, સ્નેહમિલન કોઈપણ સંજોગોમાં યોજાઈને રહેશે તેવો હુંકાર કર્યો છે. સરદાર પટેલની ૧૪૨મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે બહુચરાજી તાલુકા પાટીદાર સમાજ અને જાયન્ટસ ગૃપ દ્વારા સર્વજ્ઞાતિના સહયોગથી મંગળવારે સવારે ૯થી ૧૨ વાગ્યા સુધી મહારક્તદાન કેમ્પમાં ૧૪૨ બોટલ લોહી એકત્ર કરી શ્રદ્ધાંજલી આપવા, બપોરે ૪ વાગે ઉમિયાવાડીથી નારણપુરા વાડી સુધી પગપાળા સરદાર શોભાયાત્રા તેમજ સાંજે ૫-૩૦ વાગે મણિધર વિલેજમાં પાટીદાર સમાજનું નૂતન વર્ષ સ્નેહ સંમેલન યોજાનાર છે, જેમાં પાસ કન્વીનર હાર્દિક પટેલ થ્રી-ડી ટેકનોલોજી મારફતે સમાજને સંબોધન કરે તેવું આયોજન કરાયું છે. આ માટે એક સપ્તાહ પહેલાં મંજૂરી માગવા છતાં વહીવટી તંત્ર દ્વારા છેલ્લી ઘડી સુધી મંજૂર આપવામાં આવી નહતી. કારણે રોષે ભરાયેલા પાટીદારોએ આ સામાજિક કાર્યક્રમ કોઈપણ સંજોગોમાં યોજવામાં આવશે તેમ જણાવ્યું છે.

મંજૂરી માગનારા હર્ષદભાઈ પટેલના જણાવ્યા મુજબ, રાષ્ટ્રપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની ઉજવણીની મંજૂરી માટે ૨૩મીએ અરજી આપી હતી. પોલીસ અને મામલતદાર દ્વારા મંજૂરીના નામે પાટીદારોને આજે છેલ્લી ઘડી સુધી ધક્કા ખવડાવાયા છે, મંજૂરી આપી કે નહી તેની પણ જાણ કરવાની તસ્દી લેવાઈ નથી. એકબાજુ સરકાર સરદાર સાહેબનું સૌથી ઊંચુ સ્ટેચ્યુ મૂકીને રાજકારણ રમી રહી છે, બીજીબાજુ એજ સરકારમાં તેમની શોભાયાત્રાને કાયદાના બહાના બતાવી મંજૂરી આપવામાં આવતી નથી જે દુઃખદ છે.આ મામલે મામલતદાર બકુલભાઈ નાયકે જણાવ્યું કે, આ કાર્યક્રમ અંગે પોલીસનો નકારાત્મક અભિપ્રાય મળ્યો છે. એટલે બ્લડ ડોનેશન કેમ્પ સિવાય મંજૂરી આપી શકાય તેમ નથી.

કાર્યક્રમ માટે મંજૂરી માગનારા હર્ષદભાઈ પટેલના જણાવ્યા મુજબ, સરદાર પટેલની જન્મ જયંતી ઉજવણીની મંજૂરી માટે ૨૩મીએ અરજી આપી હતી. પરંતુ પોલીસ અને મામલતદાર દ્વારા મંજૂરીના નામે છેલ્લી ઘડી સુધી ધક્કા ખવડાવાયા. મોડી રાત્રે મંજૂરી આપી છે. એકબાજુ સરકાર સરદાર સાહેબનું સૌથી ઊંચુ સ્ટેચ્યુ મૂકીને રાજકારણ રમી રહી છે, બીજીબાજુ એ જ સરકારમાં તેમની શોભાયાત્રાને મંજૂરી આપવામાં અખાડા કરાય છે, જે દુઃખદ બાબત છે.

# સિદ્ધપુર પાસે દેશી દારૂની હેરાફેરી કરતી રિક્ષા ઝડપાઈ

સિદ્ધપુર

સિદ્ધપુરનાદેથળી ચાર રસ્તા દેશી દારૂનો જથ્થો હેરાફેરી કરતી રિક્ષાને સિદ્ધપુર પોલીસને બાતમી આધારે ઝડપી પાડી હતી. તે અરસામાં ચાલક શિક્ષા છોડીને નાશી ગયો હતો. સિદ્ધપુર પોલીસે મળેલ બાતમી આધારે અધાર ગામેથી રિક્ષામાં દેશી દારુ ભરી ચાંદસર, દેથળી થઈ સિદ્ધપુર તરફ આવી રહી છે તે ધ્યાને લઈને પોલીસે પેટ્રોલીંગમાં રહીને આવી રહેલ રિક્ષા જીજે ૧૮ એટી ૭૯૨૫ લઈને આવી રહેલા શખસે પોલીસના માણસો જોઈને રિક્ષા છોડીને રોડની બાજુમાં આવેલ થુવરની વાડ કુદી ખેતરમાં થઈ નાશી ગયો હતો. પોલીસે રિક્ષા તપાસ કરી ડેકીમાં કોથળામાં ભરેલ દેશી દારૂનો જથ્થો ૩૦ લીટર કિ.રૂ.૬૦૦ અને રિક્ષાની રૂ.૪૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અંગે સિદ્ધપુર પોલીસ મથકે શખસ અજમલજી નાથુજી ઠાકોર રહે.અધાર સામે પ્રોહિબીશનની કલમ મુજબ સિદ્ધપુર પોલીસ મથકે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વડગામના એક વૃદ્ધને અજાણ્યો ગઠીયો સહાયના નાણાં અપાવવાની લાલચ આપી રૂ.પંદરેક હજારનો ચૂનો લગાવ્યો

પાલનપુર

વડગામના એક વૃદ્ધને અજાણ્યો ગઠીયો સહાયના નાણાં અપાવવાની લાલચ આપી રૂ.પંદરેક હજારનો ચૂનો ચોપડી ગયો હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વડગામ આંબેડકર નગરમાં રહેતા ૬૫ વર્ષીય ડાહ્યાભાઈ અમરાભાઈ પરમાર ગઈકાલે સવારે સાડા નવ વાગે વડગામ હતા. ત્યારે એક સ્કુટી ઉપર આવેલા અજાણ્યા ગઠિયાએ તેમને નામથી બોલાવ્યા હતા. અને પોતે મામલતદાર કચેરીમાંથી આવે છે. તેવી



ઓળખાણ આપી રૂપિયા ૨૦,૦૦૦ ની સહાય મંજુર થઈ હોવાથી પાલનપુર બેંકમાં લેવા જવાનું છે તેમ કહ્યું હતુ. જોકે, ડાહ્યાભાઈએ આનાકાની બાદ તેના વિશ્વાસમાં આવી ગયા હતા. અને બંને જણા સ્કુટી ઉપર બેસી પાલનપુર આવ્યા હતા.

દરમિયાન, સ્કુટી ઉપર બેસાડી પાલનપુર લઈ આવ્યો હતો. જ્યાં ગઠામણ દરવાજા વિસ્તારમાં આવેલી યશ બેંક નજીક આવી બેંકમાં ચેકીંગ ચાલુ હોય તમારી સોનાની વિંટી, મોબાઈલ ફોન અને નાણાં મને આપી દો તેમ કહી અંદાજીત રૂપિયા પંદર હજારનો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયો હતો. પોતાની સાથે છેતરપીડી થઈ હોવાનું જણાતા વૃધ્ધે પરિવારજનોને જાણ કરી હતી. આ અંગે પાલનપુર પૂર્વ પોલીસે સી.સી.ટી.વી. ફુટેજના આધારે તપાસ હાથ ધરી છે.

# જલોત્રાના ગ્રામજનો દ્વારા વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર

**ગામની સાર્વજનિક જગ્યા નાયબ કલેક્ટરે અન્ય વ્યક્તિને ફાળવવા હુકમ કરતાં ગ્રામસભા યોજાઈ**

તા.પ્રતિનિધિ વડગામ

બનાસકાંઠા - સાબરકાંઠા જિલ્લા સાથે મુખ્ય માર્ગના હાઈવેમાં અર્બુન એરીયા તરીકે વિકસીત વડગામના જલોત્રાના અંબાજી તરફના હાઈવે રોડની સોનાના ટુકડા જેવી જમીન ભવિષ્ય માટે સાર્વજનિક હેતુ માટે સરકારશ્રીએ રીઝર્વ રાખી હોવા છતાં પાલનપુર પ્રાંત અધિકારીએ માજી સૈનિકને ફાળવી દેતાં ગઈકાલ મંગળવારે જલોત્રાની ગ્રામ સભા યોજાઈ હતી. જેમાં નાયબ કલેક્ટરના જમીન ફાળવવાના હુકમ સામે વાંધો રજુ કરી તા. ૧૪/૧૧/૨૦૧૭ ના રોજ યોજાનાર વિધાનસભા ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાનો ઠરાવ કરી સરકાર સામે લડતના મંડાણ કરતાં ચકચાર મચી જવા પામી છે.

આ અંગે જલોત્રા મહિલા સરપંચ મંજુલાબેન અને ઉપરસરપંચ મહેશભાઈ ચૌધરી પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ માજી સૈનિક સુબદાન માધુદાન ગઢવી (મોટેટા) ને જલોત્રાના સર્વે નંબરમાં નિયમ મુજબ ખેતીની જમીન મેળવવા અરજી કરી હતી. જેમાં સૌપ્રથમ

અનુસંધાન પાના નં.૬

# કડક ચૂંટણી આચારસંહિતા સાથે પૈસો બોલશે ?? કે તટસ્થ મતદાન થશે ??

ગુજરાત વિધાનસભા ચૂંટણી -૨૦૧૭ માં ઓબીસી અનામત પાટીદાર -ઠાકોર સમાજમાંથી ઉભરી આવેલા હાર્દિક- અલ્પેશ આજે બંને પક્ષ એટલે કે ભાજપ- કોંગ્રેસ માટે તો અવઢવની સ્થિતિ સર્જી છે. અલ્પેશ ઠાકોર કોંગ્રેસનો ખેસ પહેરતાં જ ભાજપ સરકારની નોટબંધી - જીએસટીની નિતિ સામે લોક જુવાળનો રોષ અને આ બે ઉપરાંત જીગ્નેશ મેવાણી એસ.સી.નું ઉબાળીયુ એટલે રાજકીય પાર્ટીઓને હલબલાવવાનું એક ચક્ર જ કહો. જ્યારે પોતાની માંગ સંતોષવાની બાકી રહી ગઈ હોય ત્યારે આ સમયનો લાભ આવા જાતિવાદી નેતાઓ ચોક્કસ ઉઠાવે છે. કર્મચારીની વેદના તો આચારસંહિતામાં ક્યાંકને ક્યાંક દબાઈ જાય છે. આચારસંહિતાનો કડક અમલ કરવામાં આવશે. તેના કોરડા સાથે જ ચુંટણી પ્રક્રિયા ચાલે છે એટલે માંગણી ને પ્રોત્સાહન મળતાં ક્યાંક હળવાશથી મન મનાવી લેવામાં આવે છે. જેમાં અધિકારી જે તે ખાતાના કર્મચારી જેવું પણ જોવા મળે ‘‘ફાઈલ’’ પર વજન પડે તો તરત જ જે તે ફાઈલને પાંખો ફુટે ને આગળ વધે તેવું જ આ ચૂંટણી ટાણેના રીસામણાં મનામણાંના રણશીંગામાં જે તે માંગણીના જુથના નેતા પર સૌની દૃષ્ટિ હોય છે. વર- મરો કન્યા - મરો પણ ગોરનું તરભાણુ ભરો બસ ફુટી નીકળેલા નેતાઓ લાભ લઈને બેસી જાય છે. એટલે બહુ હરખ - શોક કરવાની પણ જરૂર નથી.




યશપાલસિંહ ટી.વાઘેલા

ચુંટણી ગઈકાલે કંઈક ટેકનીકલ ક્ષતિના કારણે આપણે મળી શક્યા નહીં.પણ બને ત્યાં સુધી દરરોજ આ વિભાગમાં આપણે ચુંટણીલક્ષી ચર્ચા કરીને સમગ્ર માહોલનો તાગ મેળવવા પ્રયત્ન કરીશું. ' ઉમેદવારોની પસંદગીમાં અમુક બેઠક માટે ઉમેદવાર લગભગ નક્કી થયા છે. તો કેટલી બેઠકમાં અવઢવ બે પ્રકારનો જોવા મળી રહ્યો છે કે એ કટોકટીભરી બેઠક સ્થાપિત કરવામાં આવે તો ઉમેદવાર તો જીતી લાવે તેવો હોવો જોઈએ ને તેનો ખર્ચો પાણી પક્ષ નહી પણ જે તે સ્થાપિત ઉમેદવાર ઉઠાવે સાથોસાથ બીજી કેટલીક બેઠકોની તમામ પ્રકારની જવાબદારી ઉપાડે એટલે પક્ષને પણ અનેક દૃષ્ટિએ ફાયદો થાય લગભગ ચૂંટણીઓ આ પ્રકારે જ લડાતી હોય છે. એટલે ઉમેદવાર તમારા વિસ્તારનો પ્રામાણિક આવે છે કે બહારનો આવે છે. તે વિશે બહુ ગડમથલ કરવાની નહી છેવટે તો પૈસો જ બોલશે એવી ધારણા સાથે રાજકીય પક્ષો આગળ વધશે.. આ ચૂંટણીમાં નોટબંધી જી.એસ.ટી. હાર્દિક - અલ્પેશ મેવાણી શું અસર કરશે તેની પણ ચર્ચા છે..??

# વાવમાં કોંગ્રેસના ઉમેદવારને લઈ મોવડીઓનું મનોમંથન

**સર્વસંમત સક્ષમ ઉમેદવારની પસંદગી કરવાની કવાયત**

તાલુકા પ્રતિનિધિ વાવ

વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે અને આચાર સંહિતાનો અમલ પણ થઈ ગયો છે અને ૧૪ ડિસેમ્બર મતદાનની તારીખો પણ જાહેર થઈ ચૂકી છે. તેથી હવે માત્ર ચૂંટણી યોજવાને ૩૮ દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે અતિમહત્વની ગણાતી અને ૨,૫૫,૮૦૦/- મતદારો ધરાવતી વાવ બેઠક ઉપર ભાજપાએ રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીના નામ ઉપર મહોર મારી દીધી છે. માત્ર જાહેરાત કરવાની ઔપચારિકતા જ બાકી રહી છે. મંત્રીએ દરેક સમાજ વાઈઝ બેઠકો યોજી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ પણ કરી દીધા છે.

વાવ- ભાભર- સુઈગામનો યુવા મોરચો અને ભાજપાના કાર્યકરો અને પદાધિકારીઓ પણ પ્રચારમાં જોતરાઈ ચુક્યા છે. મંત્રી મારફત બનાસડેરી- બનાસ બેન્ક તેમજ સ્ટાફમિત્રોને સુચનો પણ કરી દેવાયા છે. જો કે આ વખતે વાવ બેઠક જીતવા માટે મંત્રીએ જાદુઈ પ્લાન બનાવ્યો છે. ત્યારે કોંગ્રેસ પાર્ટી છેલ્લી ઘડી સુધી વાવ

અનુસંધાન પાના નં.૬

**વાવનો વિકાસ બોલે છે...**

# વાવની પ્રજાના હૃદયમાં આગવું સ્થાન ધરાવનાર શંકરભાઈ ચૌધરી આ વખતે પણ ભાજપનો ભગવો લહેરાવશે

પાલનપુર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે ત્યારે બનાસકાંઠા જિલ્લાનું રાજકારણ પણ ગરમાયું છે. વિધાનસભાની ટીકીટોની ફાળવણીની અટકળોમાં સમગ્ર જિલ્લો અનુમાનો લગાવી રહ્યો છે. તે સંજોગોમાં જિલ્લાની સરહદી વાવ બેઠક પર પુનઃ ભાજપનો ભગવો લહેરાવવામાં શંકરભાઈ ચૌધરી સફળ થશે તેવા એંધાણ અત્યારથી જ વર્તાઈ રહ્યા છે.

જિલ્લાની તમામ બેઠકોમાં વિકાસના કામોમાં અગ્રેસર વાવ વિધાનસભાના વાવ,



સુઈગામ અને ભાભર વિસ્તારમાં થયેલા વિકાસકામોએ આ વિસ્તારને વિકાસશીલ વિસ્તાર તરીકે આગવી ઓળખ આપી છે. વાવ વિધાનસભા ક્ષેત્રમાંથી ધારાસભ્ય બન્યા બાદ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસના મંત્રી બનેલા શંકરભાઈએ સંઘ વિચારો સાથે સંગઠન, સહકાર અને સરકારના કર્મઠ કાર્યકર તરીકે બનાસકાંઠામાં જ નહી પણ ગુ-જરાતમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. કાર્યકરો અને પ્રજા સાથે ઘરોબો અને લોકસંપર્ક જાળવી રાખીને સમગ્ર વિસ્તારને વિકાસના નિત નવાકામોની ભેટ ધરી છે.

વાવ તાલુકામાં વિકાસકામો પર એક નજર નાખીયે તો વાવમાં આઈ.ટી.આઈ.નું મકાન,

અનુસંધાન પાના નં.૬

**ડીસામાં ટી સિરીઝ મ્યુઝિક કંપનીના દરોડા**

# જુના બસ સ્ટેન્ડ પાસે મોબાઈલની બે દુકાનમાં રેડ

**પાયરસી કોપી કરતા હોઈ એલઇડી, સિપીયુ અને કી-બોર્ડ સહિત મુદ્દામાલ જપ્ત**

ડીસા

ડીસામાં ટી-સિરીઝ મ્યુઝિક કંપનીના અધિકારીઓ દ્વારા જુના બસ સ્ટેન્ડ પાસે મોબાઈલની બે દુકાનમાં મંગળવારે ઓચિંતી રેડ કરી પાયરસી થતી હોઈ બન્ને દુકાણોમાંથી એલઈડી, સિપીયુ અને કી બોર્ડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ડીસામાં ડુપ્લીકેટ ની હંમેશા બોલબાલા રહી છે. ડીસામાં ઘી, તેલ, મરચું, હળદર, બીડી, લુબ્રિકેન્ટ




ભરત સુંદેશા

ઓઈલ અને કોસ્મેટિક આઈટમમાં મોટેભાગે મિલાવટ અને બનાવટ થઈ રહી છે ત્યારે હવે ટેકનોલોજીના યુગમાં સોફ્ટવેરની પણ પાયરસી કોપીની ફરિયાદ ડીસામાં મોટે પાયે થતા મ્યુઝિક અને સોફ્ટવેર કંપનીઓ સતર્ક થઈ છે. જેમાં મંગળવારે ડીસાના જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં અરિહંત મોબાઈલ અને અંકુર મોબાઈલમાં દુકાન માલિકો દ્વારા પાયરસી સોફ્ટવેર દ્વારા

અનુસંધાન પાના નં.૬

# થરાદની બેઠક ઉપર ભાજપ તરફે દિલીપભાઈ જૈનને ટીકીટ આપવા જનમાંગ

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થયા બાદ રાજ્યભરમાં શિયાળાની શરૂઆતમાં જ રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. હાલમાં મુખ્ય બે પક્ષ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવા માટે કવાયત હાથ ધરાઈ છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાની થરાદ વિધાનસભા બેઠક ઉપર તમામ કોમમાં લોકપ્રિયતા ધરાવતા અને જીતી શકે તેવા ઉમેદવારને ટીકીટ આપવા રાજકીય પક્ષો વિચારણા કરી રહ્યા છે. ભાજપમાંથી આવા જ એક અદના અગ્રણી દિલીપભાઈ જૈનનું નામ થરાદ બેઠક ઉપર ગુંજતું થયુ છે.



થરાદ તાલુકામાં લોક સેવક તરીકે ખ્યાતી ધરાવતા અને ભાજપના સંનિષ્ઠ કાર્યકર દિલીપભાઈ જૈન (કુંભારા)એ આ વખતે થરાદ બેઠક માટે ભાજપ તરફે દાવેદારી નોંધાવી છે. જેને લઈ તાલુકાના મોટા ભાગના ગામોમાંથી સ્વયંભુ સમર્થન સાંપડી રહ્યુ છે. કારણ કે પુર રાહત કામગીરી દરમિયાન દિલીપભાઈ જૈને સેવાભાવી સંસ્થાઓ સાથે રહી જે લોક સેવા કરી છે તે સેવાને લોકોએ બિરદાવી તેમને સાચા લોક સેવક તરીકે ગણાવ્યા છે. જેની ફળશ્રુતિ વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળશે. હાલમાં દિલીપભાઈ તાલુકાના ગામે ગામ ખુંદી લોક સેવાની આહલેક જગાવી રહ્યા છે. વધુમાં થરાદ વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં જૈન સમાજ અમદાવાદ, સુરત, મુંબઈ, પુણે અને બેંગ્લોર જેવા મોટા શહેરોમાં વ્યવસાય અર્થે સ્થાયી થયેલો છે. ત્યારે ચૂંટણી સમયે આ શહેરોમાં રહેતા જૈન અગ્રણીઓ સહિત સમગ્ર સમાજ દિલીપભાઈના સમર્થનમાં ઉમટી પડશે. આ બધા જમાપાસા જોતાં દિલીપભાઈ જૈન નિશ્ચિત પણે ભાજપને જીત અપાવશે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

# ડીસા ખાતે સરદાર પટેલની ૧૪૩ મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ



ભરત સુંદેશા

**પાટીદાર સમાજ અને રાજકીય આગેવાનોએ પુષ્પાંજલી અર્પી**

ડીસા

અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ ની ૧૪૩ ની જન્મ જયંતિ નિમિતે ડીસામાં સરદાર બાગ ખાતે પાટીદાર સમાજ, ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના આગેવાનોએ સરદાર પટેલના બાવલાને ફુલહાર પહેરાવી અંજલિ અર્પી હતી. સરદાર પટેલના જન્મદિવસ નિમિતે રન ફોર યુનિટી નો કાર્યક્રમ યોજાયો હતો તેમાં ડીસા સરદાર બાગ થી લેખરાજ ચાર રસ્તા સુધી દોડનો કાર્યક્રમ યોજાયો ત્યારબાદ સરદાર પટેલના બાવલા ઉપર ફૂલ હાર કરી સરદાર પટેલ અમર

અનુસંધાન પાના નં.૬

# સાંચોરથી બોલેરોમાં ૫૭૬ બોટલ વિદેશી દારૂ લઇને આવતા બે ઝડપાયા

**થરાદના ડીવાયએસપીએ પેટ્રોલિંગ દરમ્યાન રાત્રે જથ્થો ઝડપી લીધો**

(પ્રત.) થરાદ

થરાદના ડીવાયએસપીએ પેટ્રોલિંગ દરમ્યાન ખોડાબોર્ડ-રથી વિદેશી દારૂ લઈને આવતા બે શખ્સોને ૫૭૬ બોટલ સાથે



(વિષ્ણુ દવે)

ઝડપી લીધા હતા.ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓને લઈને પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

ગુજરાત રાજ્યમાં આગામી દિવસોમાં યોજાનારી વિધાનસભાની ચુંટણીપુર્વે વિદેશીદારૂની બદીને નેસ્ત નાબુદ કરવાની જિલ્લા પોલીસવડાની સુચના મુજબ નવનિયુક્ત એ એચ ચૌધરીના માર્ગદર્શન મુજબ પીએસઆઈ કેએસ ચૌધરી એન સ્ટાફ દ્વારા સોમવારની રાત્રે દારૂ અંગેના પેટ્રોલિંગમાં હતા.આ વખતે ય્ત્ર૮હ્વ૨ ૮૨૫૨ નંબરની બોલેરો વિદેશી દારૂ ભરીને

અનુસંધાન પાના નં.૬

## બેસણું



અ.સૌ.જોસનાબેન અશોકકુમાર શેઠ
સ્વ.તા.૨૯-૧૦-૨૦૧૭

અમારે પરિવારના અ.સૌ.જોસનાબેન અશોકકુમાર શેઠનું દુઃખદ અવસાન તા.૨૯-૧૦-૨૦૧૭ ને રવિવારના રોજ થયેલ છે.

પ્રભુને ગમ્યું તે ખરું, સદ્‌ગતનું બેસણું (મયણું) તા.૨-૧૧-૨૦૧૭ ને ગુરૂવારના રોજ સમાજના રીત રીવાજ મુજબ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્રગતિનગર સોસાયટી
હાઈવે રોડ,મું.તા.દીઓદર,જી.બનાસકાંઠા (મો.૯૪૨૭૫ ૩૫૨૬૮)

— લિ. —

સુશ્રાવિકા કાન્તાબેન બાલચંદભાઈ મફતલાલ શેઠ
પરિવાર (સરદારપુરા(ર.)વાળા)
સુરેશકુમાર બાલચંદભાઈ શેઠ
અશોકકુમાર બાલચંદભાઈ શેઠ
(તાલુકા પ્રતિનિધી રખેવાળ,
તંત્રી, શાંતિ શ્રમસાપ્તાહિક, ધવલ પ્રેસ, દીઓદર)
રાજેશકુમાર બાલચંદભાઈ શેઠ
અલકેશકુમાર બાલચંદભાઈ શેઠ

## બેસણું



સ્વ.પટેલ શાંમળભાઈ પરથીભાઈ
સ્વ.તા.૩૦/૧૦/૨૦૧૭

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી પટેલ શાંમળભાઈ પરથીભાઈ (ભૂતડીયા) નું દુઃખદ અવસાન તા.૩૦/૧૦/૧૭ ને સોમવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨/૧૧/૨૦૧૭ ને ગુરૂવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પટેલવાસ, મું.નળાસર, તા.વડગામ, જિ.બ.કાં.

લિ.

કેશરભાઈ શાંમળભાઈ પટેલ (પુત્ર)
રતુભાઈ પરથીભાઈ પટેલ (ભાઈ)
વિજયભાઈ રતુભાઈ પટેલ (પુત્ર)

# ભીલડી નજીક મારૂતિ અચાનક સળગી ઉઠી

પ્રતિનિધિ ભીલડી

ભીલડી ખાતે રહેતા પટેલ સુરેશભાઈ શબમર્શીબલની દુકાન ધરાવે છે તેઓ મંગળવાર ના બપોરના પોતાની મારૂતી ૮૦૦ (નંબર જીજે.૫. સીબી.૬૨૦૩) લઈ ને ઘરે



કંચનજી ઠાકોર

જમવા માટે જઈ રહ્યા હતા. તેવામા ગાડીમાં રહેલ એ.સી.માં અચાનક શોર્ટ સર્કીટ થતાં આગ લાગીને મારૂતી ૮૦૦ એકદમ ભડભડ સળગવા લાગી હતી. જેથી સુરેશભાઈ પટેલે સમયસુચકતા વાપરી એકદમ ગાડીમાંથી નીચે ઉતરી ગયા હતા. સદનસીબે ગાડીમાં લગાવેલ એલ.પી.જી. કનેક્શનનો બાટલો ફુટ્યો ન હતો. જો એલ.પી.જી. નુ સીલંન્ડર ફુટ્યુ હોત તો મોટી જાનહાની સર્જાઈ શકત. બનાવના પગલે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. ભીલડી પોલીસે જાણવા જોગ નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

## શ્રધ્ધાંજલિ



મર્હુમ ઈસબખાન બાજીતખાન મડોરી
સ્વ.તા.૩૦/૧૦/૨૦૧૭
પૂર્વ ડીરેક્ટરશ્રી,
ધી વણસોલ દૂધ ઉ.સ.મં.લિ.

આપના જીવન જીવવાનાં મૂલ્યોનો વારસો અમો સહુના જીવનનો પ્રેરણાસ્ત્રોત બને તેવી અભ્યર્થના સહ ભાવભરી શ્રધ્ધાંજલિ

લિ.

સરદારભાઈ રામજીભાઈ ધુળિયા
ચેરમેનશ્રી

ઘેમરભાઈ એમ.ધુળિયા
મંત્રીશ્રી

તથા વ્યવસ્થાપક કમિટીના સભ્યશ્રીઓ, કર્મચારીઓ, સભાસદો
ધી વણસોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.
મુ.પો.વણસોલ, તા.વડગામ, જિ.બ.કાં. (ઉ.ગુ.)

**કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી**

# ઢીમાનું કાળિયા ઠાકરનું મંદિર દીપમાળાઓની રોશનીથી ઝળહળશે

**પૂર્વજોના આત્માની શાંતિ માટે દેશ- વિદેશથી શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટી પડશે**

તા.પ્રતિનિધિ વાવ

વાવથી માત્ર ૧૧ કિ.મી.ના અંતરે આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમા નગરે કારતક સુદ-૧૧ થી ૧૫ દરમ્યાન ભવ્ય લોકમેળો યોજાયો.



વિષ્ણુ પરમાર

રાત્રે કાળિયા ઠાકરનું મંદિર દીપમાળાના દીવાની રોશનીથી ઝળહળી ઉઠે છે. આ બાબતે શ્રી ધરણી મંદિર ટ્રસ્ટના પૂજારીએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે પોતાના પૂર્વજોના આત્માને શાંતિ મળી રહે તે હેતુસર છેક સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન ઉપરાંત દેશ વિદેશથી મોટી માત્રામાં

અનુસંધાન પાના નં.૬

## જોઈએ છે

શ્રી હિન્દવાણી રાજપૂત સમાજ કેળવણી મંડળ, લવાણા સંચાલિત બક્ષીપંચ કન્યા છાત્રાલય, (ગ્રાન્ટ ઈન એઈડ) લવાણાને નવેમ્બર - ૨૦૧૭ થી શરૂ કરવાની મંજુરી મળેલ હોઈ નીચે જણાવેલ જગ્યાઓ ભરવાની હોઈ લાયકાતવાળા ઉમેદવારોએ પ્રમાણપત્રોની ખરી નકલ અને તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે નીચેના સરનામે જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ માં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી. અરજી કરવી.

| ક્રમ | જગ્યાનું નામ | કેટેગરી | લાયકાત | પગાર | જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ગૃહમાતા | બક્ષીપંચ | એચ.એસ.સી. સ્નાતક | ૫૫૦૦/- ૬૫૦૦/- | ૦૧ |
| ૨ | રસોયા | જનરલ | સાક્ષર | ૩૫૦૦/- | ૦૧ |
| ૩ | ચોકીયાત | જનરલ | સાક્ષર | ૩૦૦૦/- | ૦૧ |

પ્રમુખશ્રી,
શ્રી હિન્દવાણી રાજપૂત સમાજ કેળવણી મંડળ,
ઠે.આર્ટસ કોલેજ કેમ્પસ પાસે, હાઈવે રોડ,
મુ.પો.લવાણા, તા.લાખણી, જિ.બનાસકાંઠા, પીન - ૩૮૫૩૩૦

નૂતન વર્ષાભિનંદન
ડૉ.દેવેન્દ્ર એમ. જૈન
MBBS, MS ENT
(કાન-નાક-ગળા અને કેન્સર સર્જન)
(Ex - B.J.Medical College, Puna)
જૈન ઇ.એન.ટી. હોસ્પિટલ
કાન-નાક-ગળા અને કેન્સરની હોસ્પિટલ
ઉપલબ્ધ સુવિધાઓ
• કાનની માઇક્રોસર્જરી (ટાંકા વગરની)
• નાકની હાડકીનું અને સાયનસનું દૂરબીન થી ઓપરેશન
• મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને આપરેશન
• સ્વરપેટી, અન્ન-નળી અને શ્વાસ નળીની એન્ડોસ્કોપી
• બહેરાશ નિવારણ કેન્દ્ર : ઓડીયોમેટ્રી (શ્રવણયંત્ર ઉપલબ્ધ)
• ચક્કર, એલર્જી તેમજ થાઇરોઇડનું નિદાન અને સારવાર
જૈન ઇ.એન.ટી.હોસ્પિટલ, પહેલા માળે, આદર્શ કોમ્પલેક્ષ,
ડૉ.હિરેન પટેલ હોસ્પિટલની પાસે, ગાયત્રી મંદિર-જલારામ મંદિર વચ્ચે,
હાઇવે, ડીસા (જિ.બ.કાં.) મો.૦૩૨૫૪૬૦૫૦૦